વર્ષઃ 7 અંકઃ 10

ન્યૂ ઈન્ડિયા

16-30 નવેમ્બર, 2026 (નિઃશુલ્ક)

સમાચાર



12મો બંધારણ દિવસ

અજ્ઞાતમાંથી ઉત્સવ તરફ

26 નવેમ્બર – એક એવી તારીખ જે એક સમયે ઇતિહાસના પાનાઓમાં વિસરાઈ ગઈ હતી – તે આજે એક એવા ઉત્સવ તરીકે ઉભરી આવી છે જે સમગ્ર રાષ્ટ્રમાં ગુંજી રહ્યો છે. જ્યારે ભારત 12મો 'બંધારણ દિવસ' ઉજવી રહ્યું છે, ત્યારે 77 વર્ષની આ યાત્રા તેના બંધારણની અવિરત ભાવનાના જીવંત પુરાવા સમાન છે. બંધારણની પ્રસ્તાવનામાં રહેલા શબ્દો "અમે, ભારતના લોકો" હવે માત્ર એક વાક્યાંશ નથી રહ્યું; તે 140 કરોડ ભારતીયો દ્વારા અપનાવવામાં આવેલ એક જીવંત સંકલ્પ બની ગયો છે, જે ન્યાય, સમાનતા અને આત્મનિર્ભરતા માટેની તેમની આકાંક્ષાઓમાં પ્રતિબિંબિત થાય છે.

મન કી બાત

લોક-શક્તિને વંદન



'મન કી બાત'ની શરૂઆત 12 વર્ષ પહેલાં વિજયાદશમીના શુભ અવસર પર થઈ હતી અને ત્યારથી આ યાત્રા અવિરત ચાલુ રહી છે. દેશના નાગરિકો આ યાત્રામાં સહયાત્રી પણ છે અને માર્ગદર્શક પણ છે. 'મન કી બાત' એ દેશના સામાન્ય નાગરિકોના પરિશ્રમ, શૌર્ય, પ્રતિબદ્ધતા, સમર્પણ અને સેવાભાવને બિરદાવવાની એક અદ્ભુત અવસર પૂરો પાડે છે. 25 ઓક્ટોબરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ટિપ્પણી કરી હતી કે, તેમના માટે 'મન કી બાત' કાર્યક્રમ એક 'તીર્થયાત્રા' સમાન છે - એક એવી તક જેના દ્વારા તેઓ લોકોના પ્રયાસોને નજીકથી સમજી શકે છે અને તેમના યોગદાનને વંદન કરી શકે છે.

- **અસંખ્ય પ્રેરણાદાયી વાર્તાઓ:** છેલ્લાં 12 વર્ષોમાં, દેશના ખૂણેખૂણેથી એવા અનેક લોકો સામે આવ્યા છે - જેમના અસાધારણ કાર્યો પર મોટા ભાગે સમગ્ર સમાજનું ધ્યાન જતું નથી. 'મન કી બાત' આવી અસંખ્ય પ્રેરણાદાયી વાર્તાઓને આપ સૌ સમક્ષ લાવવાનું માધ્યમ બની રહી છે.

- **લોકશક્તિને વંદન:** એક રીતે જોતાં, હું આપણા રાષ્ટ્રની 'લોકશક્તિ' એટલે કે 'જનસમુદાયની સામૂહિક શક્તિ' ને વંદન કરી રહ્યો છું. આ મને દેશભરના દરેક પરિવાર સાથે જોડાવાની તક પૂરી પાડે છે.

- **ખેતી વિરાસત મિશન:** પંજાબમાં થોડા સમયથી આવી જ એક પહેલ ચાલી રહી છે; 'ખેતી વિરાસત મિશન' નામની એક સંસ્થાએ જૈવિક ખેતી અને પરંપરાગત કૃષિ પદ્ધતિઓમાં નવો પ્રાણ ફૂંકવાનું શરૂ કર્યું છે.

- **હેવાલ નદીનો કાયાકલ્પ:** પ્રકૃતિ પ્રત્યે આદરભાવ રાખવાની આપણી લાંબા સમયથી પરંપરા રહી છે. આ જ ભાવના ઉત્તરાખંડના ટિહરી ગઢવાલ ક્ષેત્રમાં પણ જોવા મળે છે. થોડા સમય પહેલાં, હેવાલ નદીના જળસ્તરમાં ઘટાડો થવા લાગ્યો હતો... આસપાસના વિસ્તારોમાં આવેલા કુદરતી જળસ્ત્રોતો પણ સૂકાઈ રહ્યા હતા. આવી પરિસ્થિતિમાં, સ્થાનિક વહીવટીતંત્ર અને ગ્રામજનોએ સાથે મળીને હેવાલ નદીને બચાવવા માટે એક અભિયાન શરૂ કર્યું. વરસાદી પાણીનો સંગ્રહ કરવા, ભૂગર્ભ જળના પુનઃભરણને વેગ આપવા અને મોટી સંખ્યામાં વૃક્ષો વાવવા જેવા પગલાં લેવામાં આવ્યા. આજે, હેવાલ નદીનું પુનર્જીવન થયું છે અને તેની સાથે જ ડઝનબંધ કુદરતી જળસ્ત્રોતોને પણ પુનઃસ્થાપિત કરવામાં મદદ મળી છે.

- **વોકલ ફોર લોકલ:** તહેવારોની મોસમ દરમિયાન, દરેક વ્યક્તિએ પોતાની આસપાસના વાતાવરણમાં એક બદલાવ જરૂર અનુભવ્યો હશે. હવે લોકો ખરીદી કરતી વખતે સ્વદેશી ઉત્પાદનોને ખૂબ મહત્વ આપે છે. 'વોકલ ફોર લોકલ'ની આ ભાવના હવે આપણા ઉત્પાદનોને વૈશ્વિક બજારો સુધી પહોંચાડી રહી છે.

- **ખાદી અને ગ્રામોદ્યોગ:** આ વર્ષે માત્ર ગાંધી જયંતીના દિવસે જ ખાદી અને ગ્રામીણ ઉદ્યોગોની પેદાશોનું વેચાણ 28 કરોડ રૂપિયાથી વધુ રહ્યું છે, જે અગાઉના વર્ષની સરખામણીમાં 1.5 કરોડ રૂપિયાનો વધારો દર્શાવે છે. આ ખાદીની સતત વધતી લોકપ્રિયતાને પ્રતિબિંબિત કરે છે.

- **રાષ્ટ્રનો વિશ્વાસ:** 'ઈ-સંજીવની' યોજના દ્વારા અત્યાર સુધીમાં લગભગ 50 કરોડ ટેલી-કન્સલ્ટેશન કરવામાં આવ્યા છે. આ ટેકનોલોજીની શક્તિ, આપણા તબીબોની સમર્પિત સેવા અને આપણા દેશના લોકોએ આ સિસ્ટમ પર મૂકેલા વિશ્વાસનું એક ઉત્તમ ઉદાહરણ છે.

- **આયુષ્માન આરોગ્ય મંદિર:** આજે, દેશભરમાં લગભગ 1.9 લાખ 'આયુષ્માન આરોગ્ય મંદિરો' લોકોના જીવનમાં નવી આરોગ્ય સુવિધાઓ લાવી રહ્યા છે. આ કેન્દ્રો ગ્રામ પંચાયતો માટે અસરકારક રીતે સ્વાસ્થ્ય કેન્દ્રો તરીકે વિકસી રહ્યા છે.

- **અસાધારણ પ્રયાસો:** આપણા યુવાનો હાલમાં એવા વિષયો પર કામ કરી રહ્યા છે જેમાં માનવજાતના ભવિષ્યને નવો આકાર આપવાની ક્ષમતા છે. 'બ્રેન રિસર્ચ' એ આવું જ એક ક્ષેત્ર છે. આ સંદર્ભમાં, મેં IIT મદ્રાસ ખાતે 'સુધા ગોપાલકૃષ્ણન બ્રેઈન સેન્ટર'નું ઉદ્ઘાટન કર્યું. આ કેન્દ્રએ બ્રેન ઈમેજિંગ ટેક્નોલોજીનું એક એવું પ્લેટફોર્મ વિકસાવ્યું છે, જે વૈશ્વિક સ્તરે એક માપદંડ સમાન છે.

- **મહર્ષિ વાલ્મીકિ:** હજારો વર્ષો વીતી ગયા હોવા છતાં, મહર્ષિ વાલ્મીકિ દ્વારા રચિત રામાયણ આપણને સતત નવી દ્રષ્ટિ પ્રદાન કરે છે. તે જીવનના ગહન પાઠ શીખવે છે અને નિરંતર પ્રયત્ન, સેવા, કરુણા તથા સામાજિક સમરસતાના મૂલ્ય પર ભાર મૂકે છે.

- **અયોધ્યામાં મંદિરો:** અયોધ્યામાં મહર્ષિ વાલ્મીકિ, નિષાદરાજ અને માતા શબરીને સમર્પિત મંદિરો સ્થાપિત કરવામાં આવ્યા છે. મને એ વાતનો પણ આનંદ છે કે અયોધ્યાના એરપોર્ટનું નામ મહર્ષિ વાલ્મીકિના નામ પર રાખવામાં આવ્યું છે.

'મન કી બાત' સાંભળવા માટે QR કોડ સ્કેન કરો

ન્યૂ ઈન્ડિયા
સમાચાર

વર્ષઃ 7, અંકઃ 10 | 16-30 નવેમ્બર, 2026

મુખ્ય સંપાદક
ધીરેન્દ્ર ઓઝા
મુખ્ય મહાનિદેશક
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો, નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
સંતોષ કુમાર

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
પવન કુમાર

સહાયક સલાહકાર સંપાદક
અખિલેશ કુમાર
ચંદનકુમાર ચૌધરી

ભાષા સંપાદન
સુમિત કુમાર (અંગ્રેજી)
રજનીશ મિશ્રા (અંગ્રેજી)
નદીમ અહેમદ (ઉર્દૂ)

સિનિયર ડિઝાઈનર
ફુલચંદ તિવારી

ડિઝાઈનર
સત્યમ સિંહ
અનિલ કુમાર



13 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યૂ ઈન્ડિયા સમાચાર વાંચવા માટે ક્લિક કરો.

https://newindiasamachar.pib.gov.in/news.aspx

ન્યૂ ઈન્ડિયા સમાચારના જૂના અંક વાંચવા માટે ક્લિક કરો

https://newindiasamachar.pib.gov.in/archive.aspx

'ન્યૂ ઈન્ડિયા સમાચાર' અંગે સતત અપડેટ મેળવવા માટે ફોલો કરોઃ @NISPIBIndia

અંદરના પાનાં પર ...



જ્યારે 'વી ઘ પીપલ' બન્યો
દરેક નાગરિક માટે એક વિશેષ ઉત્સવ

12મો બંધારણ દિવસ વિશેષ

કવર સ્ટોરી

દેશની વસ્તી માંડ 36 કરોડ હતી; સંસાધનો મર્યાદિત હતા અને પડકારો અસંખ્ય હતા. તેમ છતાં, અથાક પ્રયત્નો દ્વારા, બંધારણ સભાએ 26 નવેમ્બર, 1949 ના રોજ રાષ્ટ્રને એક અમર દસ્તાવેજ અર્પણ કર્યો. કદાચ ત્યારે કોઈએ કલ્પના પણ નહીં કરી હોય કે આ ઐતિહાસિક તારીખ સમય જતાં ઈતિહાસના પાનાઓમાં ક્યાંક વિસરાઈ જશે. જોકે, 2015 માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ વિસરાઈ ગયેલી તવારીખને પુનર્જીવિત કરી અને 'બંધારણ દિવસ'ને દરેક નાગરિક માટે એક સાચા ઉત્સવમાં પરિવર્તિત કરી દીધો... |10-25

રાષ્ટ્રીય એકતા દિવસ



સરદાર પટેલની 151મી જયંતિ નિમિત્તે, પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને સુરક્ષાને મજબૂત કરવામાં સરદાર પટેલની ભૂમિકા ઐતિહાસિક હતી... |8-9

સમાચાર સાર |4-5

વ્યક્તિત્વઃ જગદીશ ચંદ્ર બોઝ
જે માણસે સાબિત કર્યું કે છોડમાં પણ જીવન હોય છે |6

વૈશ્વિક ભાગીદારીઓ વધુ મજબૂતઃ
મુંબઈ ખાતે 'ઈન્ડિયા કેમ- 2026' ના 14માં સંસ્કરણનું ભવ્ય આયોજન |7

'વિકસિત ગ્રામ સ્વરાજ' અને કન્ટેનર ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે મંજૂરી આપવામાં આવી
કેન્દ્રીય મંત્રીમંડળની બેઠક... મહત્વપૂર્ણ નિર્ણયો લેવાયા |28-29

સ્થિરતા... તક... ભવિષ્ય માટે આશાનો પાયો
પ્રધાનમંત્રી આવાસ યોજના - ગ્રામીણના 10 વર્ષ |30-31

સુશાસન દ્વારા સંતુલિત વિકાસ
RBIના DCCTIનું ઉદ્ઘાટન |32-33

ભારતની શક્તિ વૈશ્વિક ક્ષમતાને મજબૂત બનાવશે
પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું 'NDTV વર્લ્ડ સમિટ 2026' માં સંબોધન |34-35

વિકસિત ભારતનો આધારસ્તંભઃ વૈજ્ઞાનિક સંશોધન અને નવીનતા
પ્રધાનમંત્રી મોદીએ 'સાયન્સ એન્ડ ઈનોવેશન કોન્ક્લેવ'નું ઉદ્ઘાટન કર્યું |36-37

2029 સુધીમાં યમુના નદી સ્વચ્છ થશે
દિલ્હીમાં યમુના નદીના પુનરુત્થાન સંબંધિત પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ |38-39

સૌર ઊર્જાના વૈશ્વિક વિસ્તરણ માટે આશાનું કિરણ
આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધનના 11 વર્ષ |40-41

ભારતીય વાયુસેના દ્વારા શૌર્યનું પ્રદર્શન
પ્રધાનમંત્રી મોદીએ નમો ઘાટ ખાતે આયોજિત વાયુસેના દિવસના કાર્યક્રમમાં હાજરી આપી |42



'રામ સે રાષ્ટ્ર' અને 'દેવ સે દેશ'નો સંકલ્પ થશે સાકાર

વિજયાદશમીના અવસરે, પ્રધાનમંત્રી મોદીએ દેશવાસીઓને શુભેચ્છા પાઠવતા કહ્યું કે અયોધ્યામાં 'પ્રાણ પ્રતિષ્ઠા' સમારોહ દરમિયાન લેવામાં આવેલો સંકલ્પ-'રામ સે રાષ્ટ્ર' અને 'દેવ સે દેશ'-આપણા સામૂહિક પ્રયાસોથી ચોક્કસપણે પૂર્ણ થશે... |26-27

પ્રકાશક અને મુદ્રકઃ કંચન પ્રસાદ, મહાનિદેશક સીબીસી (કેન્દ્રીય સંચાર બ્યૂરો) પત્ર વ્યવહાર અને ઈમેલ માટેનું સરનામું: રૂમ નંબર - 1077, સૂચના ભવન, સીજીઓ કૉમ્પ્લેક્સ, નવી દિલ્હી-110003, ઈમેલ- response-nis@pib.gov.in આર.એન.આઈ. નંબર DELHIN/2020/78812

સંપાદકની કલમે ...

અમે, ભારતના લોકો

બંધારણની શક્તિ, રાષ્ટ્રની ચેતના

સાદર નમસ્કાર,

26 નવેમ્બર, 1949ના રોજ બંધારણ સભાએ ભારતનું બંધારણ અપનાવ્યું. તે 26 જાન્યુઆરી, 1950 થી અમલમાં આવ્યું. આ માત્ર એક કાયદાકીય દસ્તાવેજ નથી, પરંતુ તમામ ભારતીયોની આકાંક્ષાઓ, અધિકારો અને ફરજોની એક ચિરસ્થાયી ઘોષણા છે. 2015 થી, આ તારીખને 'બંધારણ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. એક એવો ઉત્સવ જે હવે દરેક ભારતીય માટે એક પર્વ બની ગયો છે. આ વર્ષે, 26 નવેમ્બરના રોજ યોજાનારી 12મી સ્મૃતિ-ઉજવણી આપણને યાદ અપાવે છે કે બંધારણની સાચી શક્તિ તેના શબ્દોમાં નહીં, પરંતુ લોકોના જીવનમાં વણાયેલી તેની ભાવનામાં રહેલી છે.

આપણું બંધારણ "અમે, ભારતના લોકો" એ વાક્યાંશ થી શરૂ થાય છે. આપણે જ તેની શક્તિ, તેની પ્રેરણા અને તેનો મુખ્ય સાર છીએ. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ વાતને સરળ શબ્દોમાં વ્યક્ત કરે છેઃ "ભારતીયો માટે ગરિમા અને ભારત માટે એકતા." તે આપણને આપણા અધિકારો પ્રત્યે જાગૃત અને આપણા કર્તવ્યો પ્રત્યે સભાન રહેવા માટે સક્ષમ બનાવે છે.

છેલ્લાં કેટલાંક વર્ષોમાં, 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ, સબકા પ્રયાસ'નો મંત્ર બંધારણની ભાવનાના સૌથી પ્રબળ અભિવ્યક્તિ તરીકે ઉભરી આવ્યો છે, જેણે સામાજિક ન્યાય, આર્થિક સમાવેશ અને લોક કલ્યાણના ક્ષેત્રમાં એક નવો અધ્યાય લખ્યો છે. 'જન ધન'થી લઈને 'આવાસ યોજના' સુધી અને 'આયુષ્માન ભારત'થી લઈને 'કિસાન સન્માન નિધિ' સુધીની દરેક પહેલ, સમાનતા અને ગરિમાના આદર્શોને લોકોના જીવનમાં નક્કર પરિણામોમાં પરિવર્તિત કરી રહી છે. કલમ 370ની નાબૂદી થી બંધારણની સર્વોપરિતા પુનઃસ્થાપિત થઈ છે. ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર એક મજબૂત વ્યવસ્થા તરીકે કાર્ય કરી રહ્યા છે અને તેમની વચ્ચે એક સ્વસ્થ સંતુલન જળવાઈ રહ્યું છે. 'ભારતીય ન્યાય સંહિતા' સહિતના નવા કાયદાઓ ન્યાય પ્રણાલીને વધુ સરળ, આધુનિક અને નાગરિક-કેન્દ્રિત બનાવી રહ્યા છે.

લોકશાહીના રક્ષણ માટે સતત જાગૃતિ આવશ્યક છે. પોતાના અધિકારોનો ઉપયોગ કરવાની સાથે-સાથે ફરજોનું પાલન કરવું એ જ બંધારણ પ્રત્યેની સાચી નિષ્ઠા છે. 'અમે ભારતના લોકો' એ શબ્દસમૂહ હવે માત્ર બંધારણની પ્રસ્તાવનાનો એક ભાગ નથી રહ્યો; તે આપણા રાષ્ટ્રીય જીવન માટે એક માર્ગદર્શક સંકલ્પ બની ગયો છે. બંધારણના આદર્શો અને તેની ભાવનાને અપનાવીને, દરેક નાગરિક 'વિકસિત ભારત'ના વિઝન તરફ ભારતની 'સ્વર્ણિમ યાત્રા'માં એક ભાગીદાર બને છે. આ જ વિષય અમારા વિશેષ અંકની 'કવર સ્ટોરી'નું મુખ્ય કેન્દ્ર છે.

'વ્યક્તિત્વ' વિભાગમાં જગદીશ ચંદ્ર બોઝ કે જેમણે સાબિત કર્યું હતું કે વનસ્પતિઓમાં પણ જીવન હોય છે. 'પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ'ના દસ વર્ષ, કેન્દ્રીય મંત્રીમંડળના નિર્ણયો અને છેલ્લા પખવાડિયા દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જાહેર કાર્યક્રમો પણ આ અંકનો ભાગ છે.

મેગેજીનના અંદરના પાનાં પર 'મન કી બાત' અને પાછળના કવર પર નેશનલ કેડેટ કોર્પ્સ(NCC) દિવસ જે 22મી નવેમ્બરે ઉજવવામાં આવે છે. તેને સમર્પિત વિશેષ સામગ્રી, આ અંકના અન્ય મુખ્ય આકર્ષણો છે.

અમને તમારા સૂચનો મોકલતા રહો

(ધીરેન્દ્ર ઓઝા)

હિન્દી, અંગ્રેજી અને અન્ય 11 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યુ ઈન્ડિયા સમાચાર વાંચો/ડાઉનલોડ કરો.

https://newindiasamachar.pib.gov.in/news.aspx

આપની વાત...





સરકારી પહેલો અને વર્તમાન ઘટનાક્રમ થી માહિતગાર કરવા માં ખૂબ જ મદદરૂપ.

હું મારી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે સરકારની નવીનતમ પહેલો, નીતિઓ, યોજનાઓ અને વર્તમાન ઘટનાક્રમ વિશે માહિતગાર રહેવા માટે નિયમિતપણે 'ન્યૂ ઈન્ડિયા સમાચાર' સામયિક વાંચું છું. આ ઉત્તમ સામયિક માટે હું સમગ્ર ટીમને આભાર માનું છું. હું આ સામયિકના નવીનતમ અને અગાઉના અંકો મેળવવા માટે તેની અધિકૃત વેબસાઈટની મુલાકાત લઉં છું.

પ્રણવ પટ્ટણી

papattani264@gmail.com

તે મારા જ્ઞાનમાં વધારો કરે છે.

મારું નામ ચિંતન છે. હું નિયમિતપણે 'ન્યૂ ઈન્ડિયા સમાચાર' સામયિક વાંચું છું. હું આખું સામયિક જોઈ જાઉં છું. તેમાં આપેલી માહિતી મને કેટલીક ઉપયોગી સમજ પૂરી પાડે છે, જે મારું જ્ઞાન વધારવામાં મદદરૂપ થાય છે.

Chintanr390@gmail.com

રાષ્ટ્રીય ઘટનાક્રમોથી વાકેફ રહેવા માટે મહત્વપૂર્ણ

હું કેન્દ્ર સરકારના સત્તાવાર સામયિક 'ન્યૂ ઈન્ડિયા સમાચાર'ની તેલુગુ આવૃત્તિનો નિયમિત વાચક છું. હું જાહેર નીતિ સંબંધિત માહિતીને ખૂબ મહત્વ આપું છું. આપણે જ્યારે 'વિકસિત ભારત'ના લક્ષ્ય તરફ આગળ વધી રહ્યા છીએ, ત્યારે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા રજૂ કરવામાં આવેલ વિકાસ માળખું, રાષ્ટ્રીય સિદ્ધિઓ અને સુશાસન સંબંધિત વિચારોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવા હું ઉત્સુક છું. આ સંદર્ભમાં આ સામયિક ખૂબ જ ઉપયોગી સાબિત થયું છે.

જી. અશોક

cscashok1399@gmail.com

અપડેટ રહેવા માટે અત્યંત ઉપયોગી સામયિક

હું 'ન્યૂ ઈન્ડિયા સમાચાર'નો નિયમિત વાચક છું. ભારત સરકારની યોજનાઓ, નીતિઓ અને વર્તમાન ઘટનાઓ વિશે માહિતગાર રહેવા માટે મને આ સામયિક અત્યંત ઉપયોગી લાગે છે. તે રાષ્ટ્રની પ્રગતિ વિશેના મારા જ્ઞાનમાં વધારો કરે છે અને એક જવાબદાર નાગરિક તરીકે મને દેશના વિકાસને વધુ સારી રીતે સમજવા તથા તેમાં સહભાગી થવા માટે પ્રેરિત કરે છે.

નિવેશ ગોયલ

goyalnivesh98@gmail.com

પત્ર વ્યવહાર અને ઈમેલ માટેનું સરનામું: રૂમ નંબર-1077, સૂચના ભવન, સીજીઓ કોમ્પલેક્ષ, નવી દિલ્હી - 110003.

ઈમેલ : response-nis@pib.gov.in

સમાચાર સાર



2026 એશિયન પેરા ગેમ્સમાં

ભારતનું અત્યાર સુધીનું શ્રેષ્ઠ પ્રદર્શન

જાપાનના આઈચી-નાગોયા ખાતે યોજાયેલી 2026 એશિયન પેરા ગેમ્સમાં ભારતે અત્યાર સુધીનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું. ભારતે કુલ 114 મેડલ જીત્યા જેમાં 30 સુવર્ણ, 35 રજત અને 49 કાંસ્ય પદકોનો સમાવેશ થાય છે અને મેડલ તાલિકામાં ચોથું સ્થાન મેળવ્યું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પેરા-એથ્લેટ્સને તેમની અસાધારણ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા. તેમણે કહ્યું કે આ સમગ્ર રાષ્ટ્ર માટે અત્યંત ગર્વ અને આનંદની ક્ષણ છે; દરેક ખેલાડીએ આ ઐતિહાસિક સિદ્ધિમાં યોગદાન આપ્યું છે અને પોતાની સફળતાઓ દ્વારા અસંખ્ય ભારતીયોને પ્રેરણા આપી છે.

ભારતે 2022 એશિયન પેરા ગેમ્સમાં બનાવેલા 111 મેડલના પોતાના અગાઉના રેકોર્ડને પાછળ છોડી દીધો છે. તેમાં પેરા-એથ્લેટિક્સે સૌથી મોટું યોગદાન આપ્યું છે, જેમાં 22 સુવર્ણ ચંદ્રકો સહિત કુલ 65 મેડલનો સમાવેશ થાય છે. શીતલ દેવી ભારતની સૌથી સફળ એથ્લેટ તરીકે ઉભરી આવી છે, જેણે ત્રણ મેડલ (બે સુવર્ણ અને એક રજત) જીત્યા છે.

સુરક્ષા પડકારોનો સામનો કરવા

વાઇબ્રન્ટ સિવિલ ડિફેન્સ નેટવર્ક

ભારતમાં એક વાઇબ્રન્ટ સિવિલ ડિફેન્સ નેટવર્ક સ્થાપવા માટે, ભારતીય સેનાના સહયોગથી એક વિશેષ તાલીમ પહેલ શરૂ કરવામાં આવી રહી છે. પ્રથમ તબક્કામાં, 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 600 સિવિલ ડિફેન્સ માસ્ટર ટ્રેનર્સ ત્રણ દિવસીય તાલીમ કાર્યક્રમમાં ભાગ લેશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 15મી ઓગસ્ટે લાલ કિલ્લાની પ્રાચીર પરથી આ નેટવર્ક ઊભું કરવાના દ્રષ્ટિકોણ વિશે વાત કરી હતી.





દરેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ આ પહેલ માટે 50 માસ્ટર ટ્રેનર્સ પ્રદાન કરશે. આ તાલીમમાં જોખમો પ્રત્યે જાગૃતિ, સુરક્ષા અને કટોકટીના સમયે પ્રતિભાવ આપવા, તેમજ સંદેશાવ્યવહાર અને સંકલન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. મુખ્ય વિષયોમાં આધુનિક અને હાઈબ્રિડ યુદ્ધપદ્ધતિ, ડ્રોન અને હવાઈ હુમલાઓથી થતા જોખમો, અગ્નિ સુરક્ષા, શોધ અને બચાવ કામગીરી, સાયબર સુરક્ષા અને નાગરિક-લશ્કરી સંકલનનો સમાવેશ થાય છે. આ તાલીમ પૂર્ણ થયા બાદ, દરેક માસ્ટર ટ્રેનર 100 નાગરિક સુરક્ષા સિવિલ ડિફેન્સ વોલન્ટીયર્સ તાલીમ આપશે.

E85/E100 ઈંધણ થી ચાલતા વાહનો

માટેના સુધારેલા નિયમો

માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયે E85 અને E100 ફ્લેક્સ - ફ્યુઅલ વાહનોને પ્રોત્સાહન આપવા માટે 'સેન્ટ્રલ મોટર વ્હીકલ્સ રૂલ્સ, 1989' માં સુધારો કર્યો છે. પર્યાવરણને અનુકૂળ એવા આ ઈંધણ માટે પ્રમાણિત વાહનોએ લાગુ પડતા ઉત્સર્જન અને સુરક્ષાના ધોરણોનું પાલન કરવું આવશ્યક છે. E85 માં કદના આધારે 85 ટકા સુધી ઈથેનોલ હોય છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, દેશમાં ઉત્પાદિત ઈથેનોલનો વપરાશ વધારવા થી આયાતી ક્રૂડ ઓઈલ પરની નિર્ભરતા ઘટાડવામાં મદદ મળી શકે છે. E85/E100 નો ઉપયોગ ફક્ત એવા વાહનોમાં જ થઈ શકે છે જે ખાસ કરીને આ ઈંધણ માટે ડિઝાઈન કરવામાં આવ્યા હોય અને પ્રમાણિત હોય. હાલના વાહનોના માલિકોએ તેમના વાહનોમાં કોઈ ફેરફાર કરવાની જરૂર નથી.



‘એગ્રી વેલફેર પોર્ટલ’

મોબાઈલ પર કૃષિ વિષયક માહિતી

દેશભરના ખેડૂતોને હવે કૃષિ અને કલ્યાણલક્ષી સેવાઓ અંગેની માહિતી મેળવવા માટે સરકારી કચેરીઓના ધક્કા ખાવાની જરૂર નહીં પડે. તેઓ હવે ખાતર, બિયારણ અને સરકારી યોજનાઓ વિશેની વિગતો પોતાના ઘરે બેઠા જ મેળવી શકશે. મંત્રાલયની તમામ સેવાઓને એક જ જગ્યાએ એકત્રિત કરીને, આ પોર્ટલનો ઉદ્દેશ્ય ખેડૂતોને ડિજિટલ રીતે સશક્ત બનાવવાનો છે.

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ખેડૂતો માટે સંશોધિત એગ્રી-વેલફેર પોર્ટલ શરૂ કર્યું છે. તેનો ઉદ્દેશ્ય સરકારી યોજનાઓ, આર્થિક સહાય અને કૃષિ સંબંધિત મહત્વપૂર્ણ માહિતી સીધી ખેડૂતોના મોબાઈલ ફોન સુધી પહોંચાડવાનો છે. આ પોર્ટલ દ્વારા મંત્રાલયની યોજનાઓ, સબસિડી, નિયમો, ડિજિટલ સેવાઓ, હવામાનની માહિતી, બિયારણ અને ખાતરની ઉપલબ્ધતા, બજારના ભાવ તેમજ વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિઓ વિશેની જાણકારી મેળવી શકાય છે. તેને એવી રીતે તૈયાર કરવામાં આવ્યું છે કે તે મર્યાદિત ઈન્ટરનેટ કનેક્ટિવિટી અને સામાન્ય સ્માર્ટફોન પર પણ અસરકારક રીતે કામ કરી શકે.




આયુષ ક્ષેત્રે નવીનતા: પેટન્ટ અરજીઓમાં 8 ગણો વધારો

છેલ્લાં એક દાયકામાં આયુષ ક્ષેત્રમાં નવીનતા અને બૌદ્ધિક સંપદા સંબંધિત પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. નાણાંકીય વર્ષ 2014-15 થી 2025-26 દરમિયાન, આયુષ સંબંધિત 4077 પેટન્ટ અરજીઓ દાખલ કરવામાં આવી હતી અને 711 પેટન્ટ મંજૂર કરવામાં આવી હતી. વાર્ષિક અરજીઓની સંખ્યા 63 થી વધીને 590 થઈ છે. જેમાં આશરે 836.5 ટકાનો વધારો દર્શાવે છે. આ માહિતી આયુષ સંબંધિત આવિષ્કારો પરના એક સ્થિતિ અહેવાલ (2014-2026) માં સામે આવી છે.

કોવિડ-19ની શરૂઆત પછીના છ વર્ષોમાં 2,854 અરજીઓ દાખલ કરવામાં આવી હતી, જે કુલ અરજીઓના 70 ટકા જેટલી થાય છે. આ જ સમયગાળા દરમિયાન, 657 પેટન્ટ મંજૂર કરવામાં આવી હતી. અરજીઓ દાખલ કરનારાઓમાં વ્યક્તિગત અરજદારોની સંખ્યા સૌથી વધુ હતી, જેમણે 2113 અરજીઓ કરી હતી, જ્યારે શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા 995 અરજીઓ દાખલ કરવામાં આવી હતી.

દેશમાં રામસર સાઈટ્સની સંખ્યા 103 પર પહોંચી

ભારતમાં રામસર સાઈટ્સની સંખ્યા વધીને 103 થઈ ગઈ છે. કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે આ યાદીમાં સુખના વેટલેન્ડ (ચંદીગઢ) અને સૌજ સરોવર (ઉત્તર પ્રદેશ) ના સમાવેશની જાહેરાત કરી છે. વર્ષ 2014માં ભારતમાં 26 રામસર સ્થળો હતાં; હવે આ સંખ્યામાં લગભગ ચાર ગણો વધારો થયો છે. રામસર સાઈટ્સ જૈવવિવિધતાના સંરક્ષણમાં, પૂરની અસરોને ઘટાડવામાં, ભૂગર્ભ જળના પુનઃભરણમાં અને આજીવિકા ટકાવી રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ભારત 1 ફેબ્રુઆરી, 1982ના રોજ રામસર કન્વેન્શનમાં જોડાયું હતું.



103

કુલ રામસર સાઈટ્સ
(15 ઓક્ટોબર, 2026 સુધીમાં)

26 થી વધીને 103 રામસર સાઈટ્સ
2014 પછી થયેલી વૃદ્ધિ

કુલ 13.87 લાખ હેક્ટર થી વધુ વિસ્તાર


આ રામસર સાઈટ્સ **28** રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ફેલાયેલા છે.

રામસર સાઈટ્સના સંદર્ભમાં ભારતનું વૈશ્વિક સ્થાન: એશિયામાં પ્રથમ અને વિશ્વમાં ત્રીજું સ્થાન

રાષ્ટ્રની સંરક્ષણ ક્ષમતાઓને વધુ સુદ્રઢ બનાવવી

રક્ષા મંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતા માં 26 ઓક્ટોબર, 2026 ના રોજ યોજાયેલી 'ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ' (DAC) ની બેઠકમાં, સશસ્ત્ર દળો માટે 2.12 લાખ કરોડ રૂપિયાના મૂલ્યના કેપિટલ એક્વિઝિશન પ્રસ્તાવોને મંજૂરી આપવામાં આવી હતી. આ ખરીદીના લગભગ 82 ટકા હિસ્સો ભારતીય ઉદ્યોગો પાસેથી મેળવવામાં આવશે, જેનાથી સ્વદેશી સંરક્ષણ ઉત્પાદનને વેગ મળશે. ભારતીય સેના માટે ડ્રોન, સર્વેલન્સ UAVs, કાઉન્ટર-ડ્રોન સિસ્ટમ્સ, લાંબા અંતરના આત્મઘાતી ડ્રોન અને સ્વ-સંચાલિત ગન સિસ્ટમ્સ સહિતના આધુનિક સાધનોની ખરીદી કરવામાં આવશે. નૌકાદળને એન્ટી-શિપ મિસાઈલો સામે રક્ષણ આપતી અદ્યતન પ્રણાલીઓ મળશે, જ્યારે વાયુસેના હેલિકોપ્ટર, એર ડિફેન્સ સિસ્ટમ્સ, શસ્ત્રસરંજામ અને હવામાન રડાર પ્રાપ્ત કરશે. આ સંપાદનો સશસ્ત્ર દળોની દેખરેખ, ગતિશીલતા અને હુમલો કરવાની ક્ષમતાઓને વધુ મજબૂત બનાવશે.





તે માણસ જેણે સાબિત કર્યું કે

છોડ પણ, જીવન ધરાવે છે

જન્મ: 30 નવેમ્બર, 1858
મૃત્યુ: 23 નવેમ્બર, 1937

સર જગદીશ ચંદ્ર બોઝ, એક અસાધારણ વૈજ્ઞાનિક જેમણે રેડિયો વિજ્ઞાનનો પાયો નાખ્યો અને વનસ્પતિઓમાં જીવન પ્રક્રિયાઓનું અસ્તિત્વ સાબિત કર્યું, તેમણે રાષ્ટ્રનું ગૌરવ વધાર્યું. તેમણે વિશ્વને સમજાવ્યું કે વૃક્ષો અને છોડ સંવેદના અનુભવી શકે છે અને પ્રતિક્રિયા આપી શકે છે એટલું જ નહીં, પરંતુ તેમની સાથે કરુણાપૂર્ણ સંબંધ પણ બાંધી શકાય છે. વધુમાં, વાયરલેસ સંચાર ક્ષેત્રે તેમના અગ્રણી પ્રયોગોએ તેમને વિશ્વવ્યાપી ખ્યાતિ અપાવી. શોધ અને નવીનતા પ્રત્યેનું તેમનું આજીવન સમર્પણ આજે પણ નવી પેઢી માટે પ્રેરણારૂપ છે.

એકવાર, એક બાળક રમી રહ્યો હતો અને તેણે ઝાડની ડાળીને જોરજોર થી હલાવવાનું શરૂ કર્યું, તથા તેના ફૂલો અને પાંદડાં તોડવા લાગ્યો. તેની માતાએ પ્રેમપૂર્વક તેને અટકાવ્યો અને સમજાવ્યું કે સાંજ પડી ગઈ છે, તેથી તેણે છોડને અડકવું ન જોઈએ કે તેના પાંદડાં તોડવા ન જોઈએ. તેમણે તેને કહ્યું કે, આપણી જેમ જ છોડ પણ રાત્રે સૂઈ જાય છે, અને આવા સમયે તેમને ખલેલ પહોંચાડવા થી તેમને ખૂબ પીડા થાય છે. બાળપણમાં કહેવાયેલી આ વાતની તે બાળકના મન પર ઊંડી અસર પડી. તેના મનમાં એક પ્રબળ જિજ્ઞાસા જાગીઃ શું ખરેખર છોડ પણ આપણી જેમ પીડા, આનંદ અને દુઃખનો અનુભવ કરતા હશે? જેમ-જેમ તે મોટો થયો, તેમ તેણે વૈજ્ઞાનિક તપાસ દ્વારા આ પ્રશ્નનો ઉત્તર શોધવાનું નક્કી કર્યું. તેણે 'ક્રેસ્કોગ્રાફ' (crescograph) નામનું એક અત્યંત સંવેદનશીલ ઉપકરણ વિકસાવ્યું, જે છોડમાં થતી સૂક્ષ્મમાં સૂક્ષ્મ વૃદ્ધિને પણ માપી શકતું હતું. તેણે દુનિયાને સાબિત કરી બતાવ્યું કે છોડમાં પણ જીવન અને ચેતના હોય છે. તે વ્યક્તિ બીજું કોઈ નહીં, પરંતુ મહાન વૈજ્ઞાનિક જગદીશ ચંદ્ર બોઝ હતા.

30 નવેમ્બર, 1858ના રોજ બંગાળના (વર્તમાન બાંગ્લાદેશ માં આવેલા) મયમનસિંહ ગામમાં જન્મેલા જગદીશ ચંદ્ર બોઝ એવા પ્રથમ વૈજ્ઞાનિક હતા જેમણે રેડિયો અને માઈક્રોવેવના પ્રકાશશાસ્ત્ર પર કામ કર્યું હતું. વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના જણાવ્યા અનુસાર, બોઝ વાયરલેસ રેડિયો પ્રસારણના સહ-શોધક હતા. તેમણે અત્યંત ટૂંકા વિદ્યુતચુંબકીય તરંગો ઉત્પન્ન કરવા અને તેને શોધવા માટે વપરાતા ઉપકરણોમાં નોંધપાત્ર સુધારાઓ કર્યા હતા. તેમને રેડિયો વિજ્ઞાનના પિતા પણ માનવામાં આવે છે. આજે ઉપયોગમાં લેવાતા ઘણા માઈક્રોવેવ ઉપકરણો જેમ કે વેવગાઈડ્સ, પોલરાઈઝર્સ, ડાયઈલેક્ટ્રિક લેન્સ અને વિદ્યુતચુંબકીય વિકિરણો માટેના સેમિકન્ડક્ટર ડિટેક્ટર્સ બોઝ દ્વારા ઓગણીસમી સદીના છેલ્લાં દાયકામાં શોધવામાં આવ્યા હતા.

1917માં જગદીશ ચંદ્ર બોઝને 'નાઈટ' (Knight) નો ખિતાબ આપવામાં આવ્યો. તે પછી તરત જ, ભૌતિકશાસ્ત્ર અને જીવ વિજ્ઞાનના ક્ષેત્રમાં તેમના યોગદાન બદલ તેઓ લંડનની 'રોયલ સોસાયટી' ના ફેલો તરીકે ચૂંટાયા. બોઝે તેમનું સંશોધન કાર્ય કોઈ અત્યાધુનિક કે મોંઘા સાધનો અને પ્રયોગશાળાઓ વિના કર્યું હોવાથી, તેમણે એક સુસજ્જ સંશોધન કેન્દ્ર સ્થાપવાની કલ્પના કરી હતી; આ કલ્પનામાંથી જ 'બોઝ ઈન્સ્ટિટ્યૂટ' (બોઝ વિજ્ઞાન મંદિર) નો જન્મ થયો. આજે, તે દેશની અગ્રણી સંસ્થાઓમાંની એક ગણાય છે. તેમણે વિવિધ વિષયો પર પુસ્તકો પણ લખ્યાં હતાં. 23 નવેમ્બર, 1937ના રોજ જગદીશ ચંદ્ર બોઝનું અવસાન થયું.

પોતાના વૈજ્ઞાનિક કાર્યો ઉપરાંત, જગદીશ ચંદ્ર બોઝ એક સિદ્ધાંતવાદી વ્યક્તિ હતા; તેમણે ઓછાં વેતન સામે વિરોધ નોંધાવવા બ્રિટિશ સત્તાવાળાઓનો સામનો કર્યો હતો, અને પોતાના અધિકારો મેળવવા માટે 'સત્યાગ્રહ'નો પણ આશરો લીધો હતો. 25 ફેબ્રુઆરી, 2018ના રોજ પ્રસારિત 'મન કી બાત' કાર્યક્રમમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સર જગદીશ ચંદ્ર બોઝને ભારત માટે ગૌરવના સ્ત્રોત ગણાવ્યા હતા. વધુ માં, 4 જાન્યુઆરી, 2021 ના રોજ પ્રધાનમંત્રીએ ઉલ્લેખ કર્યો હતો કે જગદીશ ચંદ્ર બોઝે સૌપ્રથમ કોલકાતાની પ્રેસિડેન્સી કોલેજમાં માઈક્રોવેવના સિદ્ધાંતો રજૂ કર્યા હતા. જોકે સર બોઝે તેમના કાર્યના વ્યાવસાયિક ઉપયોગ પર ધ્યાન આપ્યું ન હતું, તેમ છતાં આધુનિક રેડિયો સંચાર પ્રણાલીઓ તે જ સિદ્ધાંતો પર આધારિત છે. ■





ઈન્ડિયા કેમ 2026

મજબૂત થતી વૈશ્વિક ભાગીદારીઓ

વિકસિત અને આત્મનિર્ભર ભારત માટે એક મજબૂત, વિશ્વસ્તરીય રસાયણ અને પેટ્રોકેમિકલ ઉદ્યોગ અનિવાર્ય છે. આ કારણસર, સરકાર દેશમાં રસાયણ ક્ષેત્ર માટે સૌથી અનુકૂળ વાતાવરણ તૈયાર કરી રહી છે. આ સંદર્ભમાં, 22 ઓક્ટોબરે મુંબઈ ખાતે 'ઈન્ડિયા કેમ 2026' ની 14માં સંસ્કરણનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ઈન્ડિયા કેમ 2026નો ઉદ્દેશ્ય વૈશ્વિક ભાગીદારીઓને મજબૂત બનાવવાનો, રોકાણ આકર્ષવાનો અને રસાયણ તથા પેટ્રોકેમિકલ ક્ષેત્રમાં ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.

વર્ષ 2047 સુધીમાં રાષ્ટ્ર, 'વિકસિત ભારત'નું લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે પ્રયત્નશીલ છે. આ દિશામાં, સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી 'ભારત ઔદ્યોગિક વિકાસ યોજના' (BHAVYA) – જેમાં ત્રણ નવા સમર્પિત કેમિકલ પાર્કનો સમાવેશ થાય છે – તે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. 'ઈન્ડિયા કેમ 2026' માટેના તેમના સંદેશ માં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે 'વેપાર - વાણિજ્યની સરળતા' વધારવાના પ્રયાસો અને ભારતનું મુક્ત વેપાર કરારોનું વિસ્તરતું નેટવર્ક, રોકાણ માટે નવી તકો અને આંતરરાષ્ટ્રીય બજારો સુધી પહોંચવાની તકો ઊભી કરી રહ્યા છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ભારતીય રસાયણ ઉત્પાદકો આ તકોનો લાભ લઈને વૈશ્વિક સપ્લાય ચેઈન માં પોતાની ભાગીદારી વધુ મજબૂત બનાવશે.

કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રી તથા સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જે. પી. નડ્ડાએ ઈન્ડિયા કેમ 2026 ની 14માં સંસ્કરણનું ઉદ્ઘાટન કર્યું. આ કાર્યક્રમમાં જાપાન એક ભાગીદાર દેશ તરીકે જોડાયું છે, જેનો ઉદ્દેશ્ય ભારત સાથેના આર્થિક સહયોગને મજબૂત કરવાનો છે–આ એક એવો સહયોગ છે જે રસાયણ અને પેટ્રોકેમિકલ ક્ષેત્રે ભાગીદારી માટે નવી તકોના દ્વાર ખોલશે.

ભારતીય રાસાયણિક ઉદ્યોગ માટે વિકાસની મજબૂત સંભાવનાઓ

- ભારતીય રાસાયણિક ઉદ્યોગ વર્ષ 2030 સુધીમાં 300 અબજ ડોલર અને વર્ષ 2040 સુધીમાં 1 ટ્રિલિયન ડોલર સુધી પહોંચશે તેવો અંદાજ છે.
- આ ક્ષેત્ર માટે વૃદ્ધિની સંભાવનાઓ મજબૂત છે, જેનું કારણ વધતી સ્થાનિક માંગ, નિકાસની વિસ્તરતી તકો, ભારતની વિશાળ યુવા વસ્તી, માથાદીઠ પ્રમાણમાં ઓછો વપરાશ અને સરકારની સહાયક પહેલો છે.

8,000 થી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો

- આ કાર્યક્રમમાં જાપાન, અમેરિકા, કેનેડા, યુકે, યુરોપિયન યુનિયનના દેશો, લેટિન અમેરિકન દેશો અને દક્ષિણ કોરિયા સહિત વિવિધ દેશોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.
- આ કાર્યક્રમમાં ભારત અને વિદેશના 200 થી વધુ પ્રદર્શકો, વિશ્વભરના 8000 થી વધુ વ્યાવસાયિક નિષ્ણાતો તેમજ 50 પ્રમુખ ભારતીય અને આંતરરાષ્ટ્રીય કંપનીઓના CEOs એકત્ર થયા હતા. ■

> *ઈન્ડિયા કેમ 2026 અર્થપૂર્ણ ચર્ચાઓને પ્રોત્સાહન આપશે અને એવી ભાગીદારીઓ માટે માર્ગ મોકળો કરશે, જે આ ક્ષેત્રના દીર્ઘકાલીન વિકાસમાં યોગદાન આપશે.* **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

સરદાર પટેલે સુનિશ્ચિત કર્યું

હિમાલયથી લઈને હિંદ મહાસાગર સુધીનું સુરક્ષિત ભારત

સરદાર પટેલની 151મી જન્મજયંતિ (રાષ્ટ્રીય એકતા દિવસ) નિમિત્તે આયોજિત એક ભવ્ય કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને સુરક્ષાને મજબૂત કરવામાં સરદાર પટેલની ભૂમિકા ઐતિહાસિક હતી. હિમાલયથી લઈને હિંદ મહાસાગર સુધી ભારતને સુરક્ષિત રાખવાના સરદાર પટેલના વિઝનને આગળ વધારતા, કેન્દ્ર સરકારે આંતરિક સુરક્ષાના મોરચે નક્સલવાદ પર નિર્ણાયક પ્રહાર કર્યો છે. વિશ્વ બેંકના આંકડા મુજબ, છેલ્લાં એક દાયકામાં લગભગ 50 કરોડ નાગરિકો ગરીબીમાંથી બહાર આવ્યા છે–આ હકીકત એક નવા, સશક્ત અને આત્મનિર્ભર ભારત તરફના આ અભૂતપૂર્વ પરિવર્તનની સાક્ષી પૂરે છે.




પીએમ મોદીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.

ગુજરાતના એકતા નગરમાં 31 ઓક્ટોબરે આયોજિત એક કાર્યક્રમમાં, પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું હતું કે, સ્વતંત્રતા જ્યાં એક રાષ્ટ્રને પોતાનું ભવિષ્ય નક્કી કરવાનો અધિકાર આપે છે, ત્યાં એકતા સમગ્ર દેશને સાથે મળીને આગળ વધવાની શક્તિ પ્રદાન કરે છે. આ જ કારણ છે કે આજે દેશભરમાં સ્વતંત્રતા દિવસ, પ્રજાસત્તાક દિવસ અને રાષ્ટ્રીય એકતા દિવસ ખૂબ જ ઉત્સાહ અને ઉમંગ સાથે ઉજવવામાં આવે છે. રાષ્ટ્રીય એકતા દિવસ હવે માત્ર ઔપચારિક ઉજવણી પૂરતો સીમિત નથી રહ્યો; તે જનસહભાગિતા દ્વારા રાષ્ટ્રીય ગૌરવના ઉત્સવમાં પરિવર્તિત થયો છે. સરદાર પટેલને એક મહાન ઐતિહાસિક વ્યક્તિત્વ ગણાવતા, પ્રધાનમંત્રીએ દેશના વર્તમાન ભૌગોલિક અને રાજકીય સ્વરૂપને ઘડવામાં તેમના મહત્વપૂર્ણ યોગદાનનો ઉલ્લેખ કર્યો.

સરદાર પટેલે ભૌગોલિક અને ભાવનાત્મક બંને રીતે રાષ્ટ્રને એક તાંતણે બાંધીને આધુનિક ભારતના પાયા નાખ્યા. તેમણે સાંસ્કૃતિક પુનરુત્થાનની

બનાસકાંઠામાં પ્રધાનમંત્રી

ગોવંશ સંવર્ધન અને સંશોધન કેન્દ્ર



બનાસકાંઠાના ભીલડી ખાતે આવેલ બોવાઈન બ્રીડિંગ એન્ડ રિસર્ચ સેન્ટર (BBRC) રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યું. 127 એકરમાં ફેલાયેલી આ સંસ્થા એક અત્યાધુનિક શ્રેષ્ઠતા કેન્દ્ર તરીકે સ્થાપિત કરવામાં આવી છે. દેશમાં આ પ્રકારની આ પ્રથમ સુવિધા છે, જે ખાસ કરીને કાંકરેજ ઓલાદના પશુઓને સમર્પિત છે.

પ્રધાનમંત્રી મોદીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.

મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને શિલાન્યાસ...

- થરાદ અને રાધનપુર ખાતે બનાસ ડેરીના બે બાયો - CNG પ્લાન્ટ્સનો શિલાન્યાસ કરવામાં આવ્યો, જેની પશુ ગોબર પ્રક્રિયા ક્ષમતા અનુક્રમે દૈનિક 75 અને 100 મેટ્રિક ટન છે.
- અમદાવાદ મેટ્રો ફેઝ-2A (એરપોર્ટ એક્સ્ટેન્શન) અને ફેઝ-2B (ગિફ્ટ સિટી એક્સ્ટેન્શન) નો શિલાન્યાસ કરવામાં આવ્યો.
- ફેઝ-2A, 6 કિમી થી વધુ વિસ્તારમાં ફેલાયેલો હશે અને તેમાં કોટેશ્વર રોડ થી એરપોર્ટ સુધીના પાંચ સ્ટેશનોનો સમાવેશ થશે, જ્યારે ફેઝ-2B,
- 3.3 કિમી થી વધુ વિસ્તારને આવરી લેશે.
- આશરે 2600 કરોડના ખર્ચે અમદાવાદ-મહેસાણા રોડ (સ્ટેટ હાઈવે - 41) ને ચાર લેનમાંથી આઠ લેનમાં અપગ્રેડ અને મજબૂત કરવા માટે શિલાન્યાસ કરવામાં આવ્યો.
- 4030 નવા બાળ - મૈત્રીપૂર્ણ આંગણવાડી કેન્દ્રોનો શિલાન્યાસ કરવામાં આવ્યો; સાથે જ ગુજરાતમાં 361 સંપૂર્ણ વિકસિત બાળ - મૈત્રીપૂર્ણ આંગણવાડી કેન્દ્રોનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.
- કૃષિ માળખાકીય સુવિધા ભંડોળ હેઠળ પૂર્ણ થયેલા 521 પ્રોજેક્ટ્સ, જેનો ખર્ચ આશરે 4950 કરોડ છે, તે રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યા.
- દેશભરના ખેડૂતોને આર્થિક સહાય પૂરી પાડવા માટે PM-KISAN યોજનાનો 24મો હપ્તો, જેની રકમ રૂ. 19000 કરોડ છે, તે જાહેર કરવામાં આવ્યો.

400 કરોડના મૂલ્યના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને શિલાન્યાસ

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એકતા નગરમાં 400 કરોડથી વધુ મૂલ્યના વિકાસ કાર્યોનો શિલાન્યાસ કર્યો અને તેનું ઉદ્ઘાટન કર્યું.

શરૂઆત કરવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી; ઉદાહરણ તરીકે, ગુજરાતમાં સોમનાથ મંદિરના પુનર્નિર્માણમાં સહયોગ આપીને તેમણે રાષ્ટ્રના સાંસ્કૃતિક પુનરુત્થાનનો માર્ગ મોકળો કર્યો. રાષ્ટ્રીય એકતાના ભવ્ય ઉત્સવો, વૈશ્વિક મંચ પર ભારતનું વધતું કદ, ઝડપી આર્થિક વિકાસ અને કાશી વિશ્વનાથથી લઈને રામ મંદિર સુધી વિસ્તરેલા સાંસ્કૃતિક પુનરુત્થાનનો ઉલ્લેખ કરતા, પ્રધાનમંત્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે રાષ્ટ્ર અત્યારે તે જ માર્ગ પર આગળ વધી રહ્યું છે જેની કલ્પના સરદાર પટેલે કરી હતી.

સરદાર પટેલની 150મી જન્મજયંતી નિમિત્તે યોજાયેલા બે વર્ષ લાંબા રાષ્ટ્રવ્યાપી ઉત્સવોને યાદ કરતા, પ્રધાનમંત્રીએ ઉલ્લેખ કર્યો કે તે સમયગાળા દરમિયાન દેશે અનેક મહત્વપૂર્ણ સંકલ્પો લીધા હતા. સરદાર પટેલની 151મી જન્મજયંતીના અવસરે, તેમણે સંતોષ વ્યક્ત કર્યો કે દેશે ખૂબ જ ટૂંકા ગાળામાં આ સંકલ્પો પૂર્ણ કર્યા છે. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું, "આ બે વર્ષો દરમિયાન, દેશે એવા અનેક સીમાચિહ્નો હાંસલ કર્યા છે જે અગાઉ ક્યારેય પ્રાપ્ત થયા ન હતા."

સરદાર પટેલની 150મી જન્મજયંતિ નિમિત્તે તેમના ચરણોમાં લેવાયેલા સંકલ્પને યાદ કરતા – જેમાં નક્સલવાદ અને માઓવાદી આતંકનો સંપૂર્ણ સફાયો ન થાય ત્યાં સુધી ન અટકવાની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી – પ્રધાનમંત્રીએ જણાવ્યું કે માત્ર એક વર્ષમાં જ ડાબેરી ઉગ્રવાદની કમર તોડી નાખવામાં આવી છે. તેમણે ઉલ્લેખ કર્યો કે દાયકાઓ સુધી હિંસાથી પીડિત રહેલા વિસ્તારો હવે વિકાસની મુખ્યધારામાં જોડાઈ રહ્યા છે. વિશ્વ બેંકના એક અહેવાલને ટાંકીને તેમણે જણાવ્યું કે, 2024 સુધીના 10-12 વર્ષના સમયગાળામાં 50 કરોડ ભારતીયો ગરીબીમાંથી બહાર આવ્યા છે. અગાઉ જ્યાં દર 100 વ્યક્તિઓમાંથી 27 વ્યક્તિઓ અત્યંત ગરીબીમાં જીવતા હતા, ત્યાં હવે આ આંકડો ઘટીને 3 થી પણ ઓછો થઈ ગયો છે. ■

જ્યારે 'વી ધ પીપલ' બની ગયું જન-જન માટે એક ઉત્સવ




કલ્પના કરો, 36 કરોડની વસ્તી, મર્યાદિત સંસાધનો અને અસંખ્ય પડકારો ધરાવતો એક નવ-સ્વતંત્ર દેશ. 26 નવેમ્બર, 1949 ના રોજ બંધારણ અપનાવવામાં આવ્યું, જેણે દરેક ભારતીયના સપના, સંઘર્ષો અને આકાંક્ષાઓને સાકાર કરવાનો માર્ગ મોકળો કર્યો. દુર્ભાગ્યવશ, આ ઐતિહાસિક તારીખ ઇતિહાસના પાનાઓમાં વિસરાઈ ગઈ હતી. જોકે, 2015માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ વિસરાઈ ગયેલી તારીખને પુનર્જીવિત કરી અને બંધારણ દિવસને દરેક નાગરિક માટે એક સાચા ઉત્સવમાં પરિવર્તિત કરી દીધો.

આ 26મી નવેમ્બરે, દેશ પોતાનો 12મો બંધારણ દિવસ ઉજવશે - જે 77 વર્ષની અવિરત યાત્રાનું પર્વ છે. 'વી ધ પીપલ' નો ઉદ્ઘોષ હવે માત્ર બંધારણની પ્રસ્તાવનાના ત્રણ શબ્દો પૂરતો સીમિત નથી રહ્યો; આજે, આ ભાવના દરેક નિષ્પક્ષ નવા કાયદામાં જીવંત છે, દરેક લાભાર્થીને મળેલા પાકા ઘર માં પ્રતિબિંબિત થાય છે, ખેડૂતોના ખાતામાં સીધી જમા થતી આર્થિક સહાયમાં ગુંજે છે અને સરળ બનેલી GST વ્યવસ્થામાં વ્યક્ત થાય છે. 'લોકશાહીની જનની' ગણાતું ભારત આજે વૈશ્વિક મંચ પર પોતાના ગૌરવનો પડઘો જોઈ રહ્યું છે. આ સંકલ્પ સે સિદ્ધિ સુધીની યાત્રા છે, જે દેશને 'વિકસિત ભારત' તરફ આગળ લઈ જઈ રહી છે. આ પ્રક્રિયામાં, બંધારણ હવે માત્ર એક કાનૂની દસ્તાવેજ નથી રહ્યો; તે 140 કરોડ ભારતીયોનો સામૂહિક આત્મા બની ગયો છે.

જો માનવસર્જિત કોઈ દસ્તાવેજને ખરેખર અમર કહી શકાય, તો તે ભારતનું બંધારણ છે. છેલ્લાં 12 વર્ષોમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બંધારણને રાષ્ટ્રના પવિત્ર ગ્રંથ અને માર્ગદર્શક પ્રકાશ તરીકે સ્વીકાર્યું છે. તેમણે તેનો ઉપયોગ વિકાસનો આધાર-સ્તંભ રચવા માટે કર્યો છે – એવો પાયો જે દાયકાઓ સુધી દેશ માટે દુર્લભ રહ્યો હતો. જે સમસ્યાઓને રાજકારણીઓ એક સમયે નસીબ માનીને ટાળી દેતા હતા, પ્રધાનમંત્રીએ માત્ર તેના પર ધ્યાન જ નથી આપ્યું, પરંતુ તેનું નિરાકરણ પણ લાવ્યા છે. બંધારણ હવે માત્ર એક કાનૂની માળખું કે દસ્તાવેજ નથી રહ્યું; સાચા અર્થમાં, તે એક સામાજિક દસ્તાવેજ તરીકે વિકસિત થયું છે. આ 26મી નવેમ્બરે, દેશ પોતાનો 12મો બંધારણ દિવસ ઉજવી રહ્યો છે, જે બંધારણ અપનાવ્યાના 77 વર્ષ પૂર્ણ થવાનું પ્રતીક છે. આ સંદર્ભમાં, છેલ્લાં એક દાયકા કે તેથી વધુ સમયથી, "સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ, સબકા પ્રયાસ"નો મંત્ર બંધારણની ભાવનાને વ્યક્ત કરનાર સૌથી સબળ માધ્યમ બનીને ઉભરી આવ્યો છે.

એક વિસરાયેલી તારીખ થી રાષ્ટ્રીય ઉત્સવ સુધી

જ્યારે 26 નવેમ્બર, 1949ના રોજ ભારતનું બંધારણ અપનાવવામાં આવ્યું, ત્યારે આ ઐતિહાસિક દિવસ દાયકાઓ સુધી ઇતિહાસના પાનાઓમાં દબાયેલો રહ્યો. બંધારણ અપનાવવામાં આવ્યાના 65 વર્ષ બાદ, 19 નવેમ્બર 2015ના રોજ ભારત સરકારના સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયે આ તારીખને સત્તાવાર રીતે 'બંધારણ દિવસ' તરીકે ઉજવવા માટે એક જાહેરનામું બહાર પાડ્યું. આ પહેલ એવા સમયે કરવામાં આવી હતી જ્યારે દેશ ડૉ. ભીમરાવ આંબેડકરની 125મી જન્મજયંતિની ઉજવણી કરી રહ્યો હતો. પ્રધાનમંત્રી મોદીએ પોતે જ કહ્યું હતું કે, આપણા બંધારણના ઘડવૈયાને હંમેશ માટે યાદ રાખવા માટે આનાથી વધુ પવિત્ર બીજો કોઈ અવસર હોઈ શકે નહીં. રસપ્રદ વાત એ છે કે, પ્રધાનમંત્રી મોદીએ બંધારણ માટે કોઈ વિશેષ દિવસની હિમાયત કરી હોય તેવું આ પહેલીવાર નહોતું; આ પહેલાં 2009 માં, જ્યારે તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે તેમની રાજ્ય સરકારે બંધારણની 60મી વર્ષગાંઠની ભવ્ય ઉજવણી



રાષ્ટ્ર પ્રથમ, બંધારણ પ્રથમ

એક ઝલકમાં યાત્રા

2 વર્ષ, 11 મહિના, 18 દિવસ
બંધારણનો મુસદ્દો તૈયાર કરવામાં લાગેલો સમય

60 **દેશોના બંધારણોનો અભ્યાસ અને 2000 થી વધુ સુધારાઓ પછી ભારતીય બંધારણને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું.**

26 નવેમ્બર 1949
બંધારણ અપનાવવામાં આવ્યું.

26 જાન્યુઆરી 1950
બંધારણ અમલમાં આવ્યું; ભારત પ્રજાસત્તાક બન્યું.

19 નવેમ્બર 2015
26 નવેમ્બરને 'બંધારણ દિવસ' તરીકે ઉજવવા માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

2024
બંધારણ અપનાવ્યાની 75મી વર્ષ ગાંઠ; 10મો બંધારણ દિવસ ઉજવવામાં આવ્યો.

25 જૂન 2025
કટોકટીની 50મી વર્ષગાંઠ; 'સંવિધાન હત્યા દિવસ' તરીકે સ્મરણ કરવામાં આવ્યું.

26 નવેમ્બર 2025
76મો બંધારણ દિવસ; 'Constitution@75' અભિયાનની પૂર્ણાહુતિ; બંધારણનું ભાષાંતરિત સંસ્કરણ વધુ 9 ભાષાઓમાં બહાર પાડવામાં આવ્યું.

26 નવેમ્બર 2026
12મો બંધારણ દિવસ; બંધારણ અપનાવ્યાની 77મી વર્ષગાંઠ.

કરી હતી. તે સમયે એક શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં હાથી પર બંધારણની પ્રતિકૃતિ રાખવામાં આવી હતી અને તત્કાલીન મુખ્યમંત્રી મોદી પોતે સૌથી આગળ ચાલી રહ્યા હતા. 26 નવેમ્બર વિના 26 જાન્યુઆરીનું મહત્વ અધૂરું છે; વાસ્તવમાં, 26 જાન્યુઆરીની મૂળ તાકાત જ 26 નવેમ્બર માં રહેલી છે. આ દ્રષ્ટિકોણને ધ્યાનમાં રાખીને, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બંધારણ દિવસને એક જાહેર ઉત્સવનું સ્વરૂપ આપ્યું.

આજે, દર વર્ષે – કેન્દ્ર થી લઈને જિલ્લાઓ સુધી - વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જેમાં વક્તૃત્વ સ્પર્ધાઓ, મૂળભૂત ફરજો પર વ્યાખ્યાનો, બંધારણની પ્રસ્તાવનાનું સામૂહિક વાંચન, ફિલ્મોનું પ્રદર્શન અને શાળાઓમાં "તમારા બંધારણને જાણો" જેવી પહેલોનો સમાવેશ થાય છે. 26 નવેમ્બર, 2025 ના રોજ, 76મા બંધારણ દિવસ નિમિત્તે, 'સંવિધાન સદન'ના ઐતિહાસિક 'સેન્ટ્રલ હોલ'માં એક રાષ્ટ્રીય સમારોહ યોજાયો હતો.



રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં ઉપરાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી, લોકસભાના અધ્યક્ષ અને સંસદના બંને ગૃહોના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે, ભારતના બંધારણનું ભાષાંતર નવ અન્ય ભાષાઓમાં રજૂ કરવામાં આવ્યું: મલયાલમ, મરાઠી, નેપાળી, પંજાબી, બોડો, કાશ્મીરી, તેલુગુ, ઓડિયા અને આસામી. આ ઉપરાંત, "ભારતના બંધારણમાં કલા અને કેલિગ્રાફી" શીર્ષક ધરાવતી એક સ્મૃતિ પુસ્તિકાનું પણ અનાવરણ કરવામાં આવ્યું. તે જ દિવસે, ડૉ. આંબેડકર ફાઉન્ડેશને 'એક જીવંત બંધારણ: લોકશાહી, ગરિમા અને વિકાસના 75 વર્ષ' વિષય પર એક રાષ્ટ્રીય સંમેલનનું આયોજન કરીને, વર્ષભર ચાલેલા પોતાના 'Constitution@75' અભિયાનનું સમાપન કર્યું. જોકે, 'બંધારણ દિવસ'ના મહત્વને ખરા અર્થમાં સમજવા માટે, આપણે આપણા લોકશાહી ઇતિહાસના એક અંધકારમય પ્રકરણ પર પણ નજર નાખવી જોઈએ - એવો સમય જ્યારે નાગરિકોના મૂળભૂત અધિકારો છીનવી લેવામાં આવ્યા હતા, મીડિયા પર સેન્સરશિપ લાદવામાં આવી હતી અને અસંમતિ વ્યક્ત કરનારાઓના અવાજને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા હતા.

બંધારણ અને કટોકટીની અંધારી રાત

બંધારણ દિવસ ગર્વ સાથે ઉજવવામાં આવે છે અને તે હવે એક રાષ્ટ્રીય ઉત્સવનું સ્વરૂપ ધારણ કરી ચૂક્યો છે. તેમ છતાં, એક સમય એવો પણ હતો જ્યારે એક કાળો અધ્યાય વિશ્વના સૌથી મોટા લોકતંત્રના લોકશાહી મૂલ્યોને નુકસાન પહોંચાડી રહ્યો હતો. 25 જૂન, 1975 ના રોજ, દેશમાં "આંતરિક

> ***અમે અમારા લોકતાંત્રિક આદર્શો અને અમારા બંધારણને સર્વોચ્ચ સન્માન આપીએ છીએ; તેથી, અમે 25મી જૂનને ક્યારેય ભૂલી શકીએ નહીં. આ એ દિવસ છે જ્યારે આપણા રાષ્ટ્ર પર કટોકટી લાદવામાં આવી હતી - જે ભારતના ઇતિહાસનો એક કાળો અધ્યાય છે. લોકશાહીના પક્ષે ઊભા રહેનારાઓ પર જે અત્યાચારો ગુજારવામાં આવ્યા હતા તે એટલા ભયાનક હતા કે આજે પણ, તેના વિચાર માત્ર થી જ શરીરમાં ધ્રુજારી છૂટી જાય છે.***
>
> ***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***


અશાંતિ" નું કારણ આપીને કટોકટી લાદવામાં આવી હતી. આ એક અભૂતપૂર્વ ઘટના હતી, કારણ કે આ કટોકટી કેબિનેટની મંજૂરી વિના જ લાગુ કરવામાં આવી હતી. સામાન્ય રીતે સરકાર સ્થાપિત નિયમો અને પ્રક્રિયાઓના આધારે નિર્ણયો લેતી હોય છે; પરંતુ આ કિસ્સામાં, મંત્રીઓને પણ અંધારામાં રાખવામાં આવ્યા હતા. પરિણામે, તત્કાલીન રાષ્ટ્રપતિએ આ બાબત કેબિનેટ સમક્ષ રજૂ કરવા જણાવ્યું, જેના પગલે 26 જૂનની સવારે 6:00 વાગ્યે કેબિનેટની બેઠક બોલાવવામાં આવી. તે જ દિવસે, પ્રેસ પર સેન્સરશિપ લાદવાનો આદેશ પણ બહાર પાડવામાં આવ્યો. તે સમયગાળાને યાદ કરતા, પ્રસાર ભારતીના પૂર્વ અધ્યક્ષ એ. સૂર્યપ્રકાશે લખ્યું છે: "આ કદાચ એક દુર્લભ

બંધારણ દિવસ...

26 નવેમ્બર, 1949 ના રોજ ભારતની બંધારણ સભાએ બંધારણ અપનાવ્યું. ભારતનું બંધારણ 26 જાન્યુઆરી, 1950 ના રોજ અમલમાં આવ્યું. આ પવિત્ર અવસરના સન્માન માં, 2015 માં સરકારે 25 નવેમ્બરને 'બંધારણ દિવસ' તરીકે જાહેર કર્યો.

ભારતના બંધારણ વિશે કેટલીક રસપ્રદ હકીકતો

- ભારતના લોકોનાં પ્રથમ પ્રતિનિધિ મંડળ, બંધારણ સભાએ 9 ડિસેમ્બર, 1946 ના રોજ પોતાનું મહત્વપૂર્ણ કાર્ય શરૂ કર્યું.
- લગભગ ત્રણ વર્ષ સુધી ચાલેલી બંધારણ ઘડતરની પ્રક્રિયા દરમિયાન, 53000 થી વધુ નાગરિકોએ બંધારણ સભાની જાહેર ગેલેરીમાં બેસીને ત્યાં થયેલી ચર્ચાઓ અને વિચાર-વિમર્શનું અવલોકન કર્યું હતું.
- બંધારણ તૈયાર કરવામાં 2 વર્ષ, 11 મહિના અને 18 દિવસનો સમય લાગ્યો હતો.
- બંધારણની વિવિધ જોગવાઈઓ પર કુલ 1100 કલાક અને 32 મિનિટ સુધી ચર્ચા કરવામાં આવી હતી.
- સાત સભ્યોની બનેલી 'ખરડા સમિતિ' એ તેને અંતિમ સ્વરૂપ આપ્યું.





- ભારતનું બંધારણ વિશ્વનું સૌથી લાંબું લેખિત બંધારણ છે. જ્યારે તે અમલમાં આવ્યું, ત્યારે તેમાં 395 અનુચ્છેદો, 22 ભાગો અને 8 અનુસૂચિઓનો સમાવેશ થતો હતો.
- ભારતનું બંધારણ ટાઈપ કે મુદ્રિત નહોતું; તે અંગ્રેજી અને હિન્દી બંને ભાષાઓમાં હસ્તલિખિત હતું અને તેમાં લગભગ 90000 શબ્દો હતા.
- આચાર્ય નંદલાલ બોઝના માર્ગદર્શન હેઠળ શાંતિનિકેતનના કલાકારો દ્વારા બંધારણને કલાત્મક રીતે સુશોભિત કરવા માં આવ્યું હતું. દિલ્હી માં પ્રેમ બિહારી નારાયણ રાયઝાદાએ તેની કેલિગ્રાફી કરી હતી.
- ભારતના બંધારણની મૂળ નકલો ભારતીય સંસદના પુસ્તકાલય માં નાઈટ્રોજન ભરેલા ખાસ પાત્રોમાં રાખવા માં આવી છે.
- બંધારણના દરેક ભાગની શરૂઆત માં ભારતીય ઈતિહાસના કોઈ તબક્કા કે દ્રશ્યને દર્શાવતું ચિત્ર છે. આ ચિત્રો નંદલાલ બોઝ દ્વારા તૈયાર કરવામાં આવ્યા હતા; બંધારણમાં આવા કુલ 22 ચિત્રો અને કલાકૃતિઓ છે.

- 24 જાન્યુઆરી, 1950ના રોજ, નવી દિલ્હીમાં બંધારણ સભા ભવન ખાતે બંધારણ સભાના 284 સભ્યોએ ભારતના બંધારણ પર હસ્તાક્ષર કર્યા.
- બંધારણ સભાની અંતિમ બેઠક 24 જાન્યુઆરી, 1950 ના રોજ યોજાઈ હતી. આ જ બેઠક માં ડૉ. રાજેન્દ્ર પ્રસાદને ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.
- બંધારણ સભામાં 15 મહિલા સભ્યો હતાં. તેમાં સરોજિની નાયડુ, રાજકુમારી અમૃત કૌર, હંસા મહેતા, સુચેતા કૃપલાની અને જી. દુર્ગાબાઈનો સમાવેશ થતો હતો.
- ભારતનું બંધારણ 26 જાન્યુઆરી, 1950 ના રોજ અમલમાં આવ્યું. ભારત પ્રજાસત્તાક બન્યા બાદ, જી. વી. માવળંકર લોકસભાના પ્રથમ અધ્યક્ષ બન્યા.

ઘટના હતી - કટોકટીના સમાચાર છપાય નહીં તે સુનિશ્ચિત કરવા માટે, 25 જૂનની રાત્રે જ દિલ્હીના બહાદુર શાહ ઝફર માર્ગ પર સ્થિત પ્રેસ કાર્યાલયોનો વીજ પુરવઠો કાપી નાખવામાં આવ્યો હતો."

આ સત્તાવાદી અભિગમનું બીજું ઉદાહરણ બેંગલુરુ થી સામે આવ્યું હતું. તે સમયે, હું બેંગલુરુ માં 'ઈન્ડિયન એક્સપ્રેસ' માટે કામ કરતો હતો. અખબારો પર પૂર્વ - સેન્સરશિપ લાદવા માં આવી હતી અને તેને લાગુ કરવાની જવાબદારી બેંગલુરુના તત્કાલીન પોલીસ કમિશનરને સોંપવામાં આવી હતી - જેનો અર્થ એ થયો કે એક પોલીસ અધિકારી વાસ્તવમાં અમારા સંપાદક બની ગયા હતા. શું પ્રકાશિત કરી શકાય અને શું નહીં, કયા શબ્દો કે તસવીરો રાખવી કે દૂર કરવી - તેનો નિર્ણય તેઓ લેતા હતા. 'પ્રેસ કાઉન્સિલ એક્ટ' પણ રદ કરી દેવામાં આવ્યો હતો અને ઘણા પત્રકારોને જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા. તે સમયગાળાને યાદ કરતા તેઓ આગળ લખે છે, "મને એક બીજી ઘટના પણ યાદ છેઃ તત્કાલીન માહિતી અને પ્રસારણ મંત્રીના નિર્દેશ પર, વહેલી સવારે DAVP અને 'ઓલ ઈન્ડિયા રેડિયો' ને ફોન કરવામાં આવ્યા અને તમામ અનુવાદકોને શાસ્ત્રી ભવન ખાતે બોલાવવામાં આવ્યા. લગભગ 10-15 અનુવાદકો, જેમને ખ્યાલ પણ નહોતો કે શું થઈ રહ્યું છે, તેમને 'વિશ્વ યુવક કેન્દ્ર' લઈ જવામાં આવ્યા અને બપોરે 2:00 વાગ્યે એક રૂમમાં બંધ કરી દેવામાં આવ્યા. તેમને કોંગ્રેસ પક્ષનો ચૂંટણી મેનિફેસ્ટો આપવામાં આવ્યો - જે અંગ્રેજી માં છપાયેલો હતો - અને તેમને તેનું 15 ભાષાઓમાં ભાષાંતર કરવાનું કામ સોંપવા માં આવ્યું. કામ પૂરું થયા પછી, રાત્રે 10:00 થી મધ્યરાત્રિની વચ્ચે જ તેમને ઘરે જવાની પરવાનગી મળી." લોકસભામાં કટોકટી (ઈમરજન્સી) અંગેની ચર્ચા દરમિયાન, પ્રધાનમંત્રી મોદીએ ટિપ્પણી કરી હતી કે, "25 જૂનની તે રાત્રે, રાષ્ટ્રના આત્માને કચડી નાખવા માં આવ્યો હતો. ભારતમાં લોકશાહી માત્ર બંધારણના પાનાઓમાંથી જ નથી ઉદ્ભવી; તે સદીઓથી આપણા રાષ્ટ્રનો આત્મા રહી છે - અને તે આત્માને કચડી નાખવામાં આવ્યો હતો. દેશના મીડિયાનો અવાજ દબાવી દેવામાં આવ્યો હતો. રાષ્ટ્રના મહાન વ્યક્તિત્વોને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા હતા. સમગ્ર દેશને એક જેલમાં ફેરવી દેવામાં આવ્યો હતો - માત્ર એટલા માટે કે સત્તા પર કોઈની પકડ અકબંધ રહે. આ એક સ્પષ્ટ અને જીવંત ઉદાહરણ છે કે કેવી રીતે ન્યાયતંત્રના પોતાના જ ચુકાદાઓ હોવા છતાં, તેનું અપમાન થઈ શકે છે."

...ત્યારબાદ, બંધારણીય સુધારાઓ દ્વારા કટોકટી લાદવી અશક્ય બનાવી દેવામાં આવી.

કટોકટી દરમિયાન, બંધારણની કેટલીક જોગવાઈઓમાં ફેરફાર કરવામાં આવ્યા હતા. પાછળથી, મોરારજી દેસાઈ સરકારના કાર્યકાળ દરમિયાન આ ફેરફારોને સુધારવામાં આવ્યા. આ બાબત મહત્વપૂર્ણ છે કારણ કે કટોકટી



'ટોર્ચર ઓફ પોલિટિકલ પ્રિઝનર્સ ઇન ઇન્ડિયા' નામનું પુસ્તક, જે કટોકટી વિશે લખાયેલું છે, તે વિગતે જણાવે છે કે તે સમયની સરકારે લોકશાહીના રક્ષકો સાથે કેટલો ક્રૂર વ્યવહાર કર્યો હતો. હું દરેકને આ પ્રકારના અત્યાચારો - એવા કૃત્યો કે જેણે રાષ્ટ્રની સ્વતંત્રતાને જોખમમાં મૂકી હતી - તેના વિશે વિચાર - મંથન કરવા અનુરોધ કરું છું. આમ કરવા થી નવી પેઢીને લોકશાહીનો સાચો અર્થ અને તેનું મહત્વ વધુ સારી રીતે સમજવા માં મદદ મળશે.

- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

દરમિયાન લાવવા માં આવેલા 42મા બંધારણીય સુધારાએ સર્વોચ્ચ અદાલતની સત્તાઓને મર્યાદિત કરી દીધી હતી અને તેમાં એવી અન્ય જોગવાઈઓનો સમાવેશ કર્યો હતો જે આપણા લોકતાંત્રિક મૂલ્યોને નબળા પાડતી હતી; 44મા બંધારણીય સુધારા દ્વારા આ મૂલ્યોને પુનઃસ્થાપિત કરવામાં આવ્યા. આ જ સુધારામાં એવી જોગવાઈ પણ કરવામાં આવી હતી કે બંધારણની કલમ 20 અને 21 હેઠળ મળેલા મૂળભૂત અધિકારોને કટોકટી દરમિયાન પણ સ્થગિત કરી શકાશે નહીં. દેશમાં પ્રથમ વખત એક એવી વ્યવસ્થા ઊભી

બંધારણ અને કટોકટી



કટોકટી...

25 જૂન, 1975ના રોજ, તત્કાલીન રાષ્ટ્રપતિ ફખરુદ્દીન અલી અહમદે બંધારણની કલમ 352 હેઠળ 'આંતરિક અશાંતિ'ના ખતરાને ટાંકીને કટોકટી જાહેર કરી. 24 જૂન, 1975 ની રાત સ્વતંત્ર ભારતના ઈતિહાસની સૌથી લાંબી રાત બની રહી, કારણ કે ત્યારબાદ આવનારી સવાર 21 મહિના પછી જ જોવા મળી. આ કટોકટી 25 જૂન, 1975 થી 21 માર્ચ, 1977 સુધી અમલ માં રહી.

- ભારતના ઈતિહાસમાં આ ત્રીજી કટોકટી હતી, પરંતુ શાંતિના સમયમાં લાદવામાં આવેલી આ પ્રથમ કટોકટી હતી.
- આ પહેલાં, 1962 માં ચીન અને 1971 માં પાકિસ્તાન સાથેના યુદ્ધો દરમિયાન કટોકટી જાહેર કરવામાં આવી હતી.
- તે સમયે, બંધારણની કલમ 352 હેઠળ યુદ્ધ, બાહ્ય આક્રમણ અથવા આંતરિક અશાંતિના આધારે કટોકટી જાહેર કરવાની જોગવાઈ હતી.
- 1 લાખ 10 હજાર વિરોધ પક્ષના રાજકીય નેતાઓને જેલમાં પૂરવામાં આવ્યા હતા.
- 26 જૂન, 1975 થી તમામ અખબારો પર પૂર્વ - સેન્સરશિપ લાદવામાં આવી હતી.
- સમાચારો, સંપાદકીયો કે તસવીરો પ્રકાશિત કરતા પહેલાં તંત્રીઓએ સરકારની મંજૂરી લેવી ફરજિયાત હતી.



- સેન્સરશિપના શરૂઆતના દિવસોમાં, દિલ્હીમાં અખબારોની કચેરીઓનો વીજળી પુરવઠો કાપી નાખવામાં આવ્યો હતો.
- કાર્યકરો, સ્વતંત્ર સંપાદકો, પત્રકારો, વિરોધી વિદ્યાર્થી નેતાઓ અને વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં સંકળાયેલા વ્યક્તિઓને પણ જેલમાં પૂરવામાં આવ્યા હતા.
- વિષયવસ્તુ પર નિયંત્રણઃ સેન્સરશિપનો વ્યાપ સંસદીય અને ન્યાયિક કાર્યવાહી સુધી વિસ્તૃત કરવામાં આવ્યો હતો. અદાલતી ચુકાદાઓના પ્રકાશન માં ફેરફાર કરવામાં આવ્યા અથવા તેના પર નિયંત્રણ લાદવામાં આવ્યું.
- મીડિયાનું વર્ગીકરણઃ અખબારોને તેમના સંપાદકીય વલણ અને અહેવાલ પ્રસ્તુતિના આધારે "તરફેણકારી", "તટસ્થ" અથવા "વિરોધી" એમ વર્ગીકૃત કરવામાં આવ્યા હતા.
- બંધારણ સાથે એવો દુર્વ્યવહાર કરવામાં આવ્યો જે ભારત લોકશાહીની સ્મૃતિ માં એક દુઃસ્વપ્નની જેમ અંકિત થઈ ગયો.



કરવામાં આવી કે જેના હેઠળ રાષ્ટ્રપતિ માત્ર કેબિનેટની લેખિત ભલામણ પર જ કટોકટી જાહેર કરી શકે. વધુ માં, એવું ફરજિયાત કરવામાં આવ્યું કે કટોકટીનો સમયગાળો એક સમયે છ મહિના થી વધુ લંબાવી શકાશે નહીં. આ રીતે, મોરારજી સરકારે એ સુનિશ્ચિત કર્યું કે 1975 જેવી કટોકટી દેશમાં ફરી ક્યારેય ન સર્જાય. બીજા શબ્દો માં કહીએ તો, પ્રધાનમંત્રી બન્યા પછી, મોરારજી દેસાઈએ કટોકટી દરમિયાન બંધારણમાં દાખલ કરવામાં આવેલી વિકૃતિઓને સુધારી લીધી. ન્યાયતંત્ર, સંસદ, પ્રેસ અને નાગરિકોના અધિકારો પુનઃસ્થાપિત કરવામાં આવ્યા હતા. આ બાબત પર વિચાર વ્યક્ત કરતા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અનેક પ્રસંગોએ નોંધ્યું છે કે: "મોરારજી ભાઈએ એ સુનિશ્ચિત કર્યું કે 1975 માં કટોકટી લાદીને જે 'લોકશાહીની હત્યા' કરવામાં આવી હતી, તેવી ઘટના ભવિષ્યમાં ક્યારેય ન દોહરાવાય. ભારતીય લોકશાહીની પવિત્રતા જાળવી રાખવામાં તેમના અમૂલ્ય યોગદાનને આવનારી પેઢીઓ હંમેશા યાદ રાખશે. હું ફરી એકવાર આવા મહાન નેતાને મારી શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું."

કટોકટી દરમિયાન બંધારણમાં સુધારાઓ

કટોકટી દરમિયાન બંધારણમાં એટલા બધા સુધારા કરવામાં આવ્યા હતા કે તેને બંધારણની "લઘુ આવૃત્તિ" તરીકે ઓળખવામાં આવી હતી. આમુખમાં ફેરફાર કરવામાં આવ્યો, અનુચ્છેદ 14 બદલવા માં આવ્યો અને સાત અનુસૂચિઓમાં સુધારા કરાયા. 40 અલગ-અલગ કલમો માં ફેરફારો કરવામાં આવ્યા; નવા અનુચ્છેદો અને નવી કલમો ઉમેરવામાં આવી.

- 38મો બંધારણીય સુધારોઃ કટોકટી જાહેર કરવાના રાષ્ટ્રપતિના નિર્ણયને અદાલતમાં પડકારી ન શકાય તેવી જોગવાઈ કરવામાં આવી.
- 39મો બંધારણીય સુધારોઃ પ્રધાનમંત્રી અને લોકસભાના અધ્યક્ષની ચૂંટણીને ન્યાયિક સમીક્ષાના દાયરાની બહાર રાખવામાં આવી.
- 42મો બંધારણીય સુધારોઃ કેન્દ્ર સરકારની સત્તાઓમાં વધુ વિસ્તાર કરવામાં આવ્યો. મૂળભૂત અધિકારોની સરખામણીમાં રાજ્યની નીતિના માર્ગદર્શક સિદ્ધાંતોને અગ્રતા આપવામાં આવી. આનાથી બંધારણના મૂળભૂત માળખામાં ફેરફાર થયો.
- 42મો બંધારણીય સુધારોઃ બંધારણીય સુધારાઓની ન્યાયિક સમીક્ષા કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો.
- 42મા બંધારણીય સુધારાના એક ભાગ દ્વારા સર્વોચ્ચ અદાલતની સત્તાઓ પણ છીનવી લેવામાં આવી.
- લોકસભા અને રાજ્ય વિધાનસભાઓનો કાર્યકાળ પાંચ વર્ષ થી વધારી ને છ વર્ષ કરવામાં આવ્યો.





લોકસભા ચૂંટણી બાદ કટોકટીનો અંત

- લોકસભાની ચૂંટણીઓ 16 માર્ચ થી 20 માર્ચની વચ્ચે યોજાઈ હતી અને 21 માર્ચ, 1977 ના રોજ કટોકટી હટાવી લેવામાં આવી હતી.
- 1978 માં 44મો બંધારણીય સુધારો અમલમાં આવ્યો. આ સુધારા દ્વારા કટોકટી જાહેર કરવાના આધાર તરીકે 'આંતરિક અશાંતિ' શબ્દના સ્થાને 'સશસ્ત્ર બળવો' શબ્દનો સમાવેશ કરવામાં આવ્યો.
- ન્યાયિક સમીક્ષા પુનઃ સ્થાપિત કરવા માં આવી. ભવિષ્યમાં કટોકટી જાહેર કરવાના સંદર્ભમાં કાયદાકીય સુરક્ષા ઉપાયો દાખલ કરવામાં આવ્યા.
- 44મા સુધારામાં એવી જોગવાઈ પણ કરવામાં આવી કે બંધારણની કલમ 20 અને 21 હેઠળ મળેલા મૂળભૂત અધિકારોને કટોકટી દરમિયાન પણ સ્થગિત કરી શકાશે નહીં.
- દેશમાં પ્રથમ વખત એવી જોગવાઈ દાખલ કરવામાં આવી કે રાષ્ટ્રપતિ માત્ર કેબિનેટની લેખિત ભલામણ પર જ કટોકટી જાહેર કરી શકે.
- તેમજ, એવી પણ ફરજિયાત જોગવાઈ કરવામાં આવી કે કટોકટીનો સમયગાળો એક વખતમાં છ મહિના થી વધુ લંબાવી શકાશે નહીં.

નાગરિકોના બંધારણીય અધિકારો, સરકારની પ્રતિબદ્ધતા

દેશની નવી પેઢીને કટોકટી પહેલાં બનેલી ઘટનાઓ વિશે માહિતી હોવી જોઈએ, કારણ કે તે ભારતીય લોકોની તાકાતનો પુરાવો છે કે તેઓ લોકશાહીને સાચા અર્થ માં જીવ્યા છે અને તેને જાળવી રાખી છે. જ્યારે સમય આવ્યો, ત્યારે દેશના લોકોએ લોકશાહી શક્તિઓની તાકાત પ્રદર્શિત કરી. આવા ગુણો કોઈ પણ દેશ માટે એક પ્રચંડ શક્તિ સમાન હોય છે; લોકોની આ તાકાતને હંમેશા સ્વીકારવી જોઈએ. ચૂંટણી પ્રક્રિયા દ્વારા, લોકશાહીમાં આસ્થા રાખનારાઓએ તે સંઘર્ષની વિશાળતા દર્શાવી જે તેમણે લડ્યો હતો - જેનાથી એ સ્પષ્ટ થાય છે કે લોકશાહી લોકોના જીવનના તાણા-વાણામાં કેટલી ઊંડે સુધી વણાયેલી છે. દરેક નાગરિકની નસોમાં વહેતી લોકશાહીની આ ભાવના ભારતનો અમર વારસો છે. કટોકટીની વર્ષગાંઠ આ વારસાને વધુ મજબૂત કરવાની યાદ અપાવે છે. છેલ્લાં 12 વર્ષોમાં, 'બંધારણ દિવસ'ની ઉજવણીએ સમગ્ર દેશમાં જાગૃતિની એક નવી ભાવના જગાડી છે. આજે, કેન્દ્ર સરકાર

નવી પેઢીના કાયદાઓ

ન્યાય હવે ઝડપી, સરળ અને ભારતીય

- ભારતીય ન્યાય સંહિતા (IPCનાં સ્થાન પર): હવે તેમાં 358 કલમો છે (અગાઉ 511 હતી); 20 નવા ગુનાઓ ઉમેરવામાં આવ્યા છે; 23 ગુનાઓ માટે ફરજિયાત લઘુત્તમ સજાની જોગવાઈ દાખલ કરવામાં આવી છે; 6 ગુનાઓ માટે 'કોમ્યુનિટી સર્વિસ' (સમુદાય સેવા) ની જોગવાઈનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (CrPCનાં સ્થાન પર): હવે તેમાં 531 કલમો છે (અગાઉ 484 હતી); 9 નવી કલમો ઉમેરવામાં આવી છે.
- ભારતીય સાક્ષ્ય અધિનિયમ (જે 'એવિડન્સ એક્ટ'નું સ્થાન લે છે): હવે તેમાં 170 કલમો છે (અગાઉ 167 હતી).
- 'રાજદ્રોહ' અંગેના કાયદાના સ્થાને 'રાષ્ટ્ર વિરુદ્ધના દ્રોહ' સંબંધિત જોગવાઈનો સમાવેશ - સરકારની ટીકા કરવી હવે ગુનો નથી; અભિવ્યક્તિની સ્વતંત્રતાને વધુ મજબૂત બનાવવા માં આવી છે.

ગૃહમંત્રી અમિત શાહ દ્વારા યોજાયેલી 158 બેઠકો અને પ્રાપ્ત થયેલા કુલ 3200 સૂચનોના આધારે આ કાયદાઓ તૈયાર કરવામાં આવ્યા હતા.



> ***કોઈપણ ભારતીય ક્યારેય નહીં ભૂલે કે કેવી રીતે આપણા બંધારણની ભાવનાનું ઉલ્લંઘન કરવામાં આવ્યું, કેવી રીતે સંસદના અવાજને દબાવી દેવામાં આવ્યો અને કેવી રીતે ન્યાયતંત્ર પર નિયંત્રણ મેળવવાના પ્રયાસો કરવામાં આવ્યા. 42મો બંધારણીય સુધારો તેમના દંભનું એક ઉત્તમ ઉદાહરણ છે. ગરીબો, હાંસિયામાં ધકેલાયેલા લોકો અને દલિતોને ખાસ નિશાન બનાવવામાં આવ્યા હતા - એક એવો હુમલો જેમાં તેમના ગૌરવનું પણ ઉલ્લંઘન થયું હતું.***
>
> ***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

લોકોના બંધારણીય અધિકારોની ખાતરી આપે છે - એક એવી વાસ્તવિકતા જે તે સમયગાળામાં અકલ્પનીય હતી. આજે, વ્યક્તિ અખબારો માટે લેખો લખી શકે છે, સોશિયલ મીડિયા પર કોઈપણ અભિપ્રાય વ્યક્ત કરી શકે છે, મુક્તપણે બોલી શકે છે અને સરકાર સામે અસંમતિ પણ દર્શાવી શકે છે. આ ઊર્જા ક્યાંથી આવે છે? હકીકતમાં, ભારતના વર્તમાન નેતૃત્વએ 'કટોકટી' ને પ્રત્યક્ષ નિહાળી હતી અને તેના કારણે સર્જાયેલી પીડાને તેઓ ઊંડાણપૂર્વક સમજે છે. આ ઊર્જા તે અવાજોમાંથી ઉદ્ભવે છે, જેમણે ઈમરજન્સીના દમનકારી વાતાવરણ અને કડક નિયંત્રણો વચ્ચે પણ તેનો વિરોધ કરવાની હિંમત દાખવી હતી.

આ જ કારણ છે કે નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન, બંધારણની 60મી વર્ષગાંઠ નિમિત્તે 'સંવિધાન ગૌરવ યાત્રા'નું આયોજન કર્યું હતું; અને ત્યારબાદ, પ્રધાનમંત્રી બન્યા પછી, તેમણે 26 નવેમ્બરને 'બંધારણ દિવસ' તરીકે જાહેર કર્યો.

"વી ધ પીપલ" - એક આહ્વાન, એક સંકલ્પ, એક દ્રઢ વિશ્વાસ

સુપ્રીમ કોર્ટમાં આયોજિત 'બંધારણ દિવસ'ના એક કાર્યક્રમમાં પ્રધાનમંત્રી મોદીએ એકવાર ઉલ્લેખ કર્યો હતો કે બંધારણના આમુખના શરૂઆતના ત્રણ શબ્દો - 'વી ધ પીપલ' - એ માત્ર શબ્દો નથી, પરંતુ એક આહ્વાન, એક સંકલ્પ અને એક દ્રઢ વિશ્વાસ છે. આ ભાવના સાથે, 26 નવેમ્બર 2025 ના રોજ, પ્રધાનમંત્રીએ રાષ્ટ્રને એક પત્ર લખીને 1949 માં બંધારણના ઐતિહાસિક સ્વીકાર અને રાષ્ટ્રની પ્રગતિમાં તેની કાયમી ભૂમિકાને યાદ કરી. સોશિયલ

મીડિયા પરની એક પોસ્ટમાં, બંધારણના ઘડવૈયાઓને શ્રદ્ધાંજલિ આપતા તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આ દસ્તાવેજ માનવ ગરિમા, સમાનતા અને સ્વતંત્રતાને સર્વોચ્ચ મહત્વ આપે છે. તેમણે એ પણ નોંધ્યું કે આ 'બંધારણ દિવસ' વિશેષ મહત્વ ધરાવે છે, કારણ કે તે સરદાર વલ્લભભાઈ પટેલ અને ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતિ, 'વંદે માતરમ્' ની 150મી વર્ષગાંઠ અને ગુરુ તેગ બહાદુર જીના 350મા શહીદી દિવસ સાથે સંકળાયેલો છે - જે એકતા, બલિદાન, દેશભક્તિ અને ધર્મની રક્ષા - આવી ચાર મહાન વિરાસતોનો સંગમ છે.

12મા બંધારણ દિવસના અવસરે આ ચિંતન વધુ મહત્વપૂર્ણ બની જાય છે, કારણ કે આ વર્ષ તે ઐતિહાસિક સ્મૃતિઓને પણ તાજી કરે છે - એવો સમય જેને રાષ્ટ્ર ભૂલી શકે નહીં - અને ભૂલવો પણ ન જોઈએ - એટલે કે 'કટોકટી' ના તે કાળા દિવસો, જેને 2025 માં 50 વર્ષ પૂર્ણ થયા. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે નવી પેઢી 25 જૂન, 1975ના રોજ ભારતના લોકતંત્ર પર લાગેલા તે કાળા ડાઘને ક્યારેય ભૂલશે નહીં, અને રાષ્ટ્ર ગર્વ સાથે પોતાના બંધારણ તથા લોકતાંત્રિક પરંપરાઓનું રક્ષણ કરવાનો સંકલ્પ કરશે.

અભિવ્યક્તિની સ્વતંત્રતા માટે નવી શક્તિ

કોઈપણ બંધારણની સાચી કસોટી એ વાતમાં રહેલી છે કે તે પોતાની મૂળ ભાવનાને - એટલે કે અધિકારો અને ફરજો બંનેના રક્ષણને - કેટલી સારી રીતે જાળવી રાખે છે. દુર્ભાગ્યવશ, બંધારણમાં કરવામાં આવેલા પ્રથમ સુધારા દ્વારા જ અભિવ્યક્તિની સ્વતંત્રતાને મર્યાદિત કરી દેવામાં આવી હતી. વધુમાં, બ્રિટિશ સંસ્થાનવાદી યુગની નિશાની સમાન 'રાજદ્રોહ' કાયદો સ્વતંત્ર ભારતમાં પણ દાયકાઓ સુધી અમલમાં રહ્યો. આ એ જ કાયદો છે જેના હેઠળ મહાત્મા ગાંધી, બાલ ગંગાધર તિલક અને વીર સાવરકર જેવા મહાનુભાવોએ વર્ષો સુધી જેલવાસ ભોગવ્યો હતો. 'ભારતીય ન્યાય સંહિતા' દ્વારા કેન્દ્ર સરકારે 'રાજદ્રોહ' ની જોગવાઈને બદલે 'દેશદ્રોહ' શબ્દનો પ્રયોગ કર્યો છે; આમ, સરકારની ટીકા કરવી એ હવે ગુનો રહેતો નથી, પરંતુ રાષ્ટ્ર વિરુદ્ધ કરવામાં આવતા કૃત્યો માટે અત્યંત કડક સજાની જોગવાઈ યથાવત રાખવામાં આવી છે.

'ભારતીય ન્યાય સંહિતા', 'ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા' અને 'ભારતીય સાક્ષ્ય અધિનિયમ'ના માધ્યમથી, દેશની ફોજદારી ન્યાય પ્રણાલી 19મી સદીની બેડીઓમાંથી મુક્ત થઈને સીધી 21મી સદીમાં પ્રવેશી છે. ગૃહ મંત્રાલયે 2019 થી આ કાયદાઓ અંગે વ્યાપક પરામર્શ પ્રક્રિયા હાથ ધરી હતી, જેમાં કુલ 3200 સૂચનો પ્રાપ્ત થયા હતા અને કેન્દ્રીય ગૃહ મંત્રીએ પોતે 158 બેઠકો યોજી હતી. નાના અથવા પ્રથમ વખત થયેલા ગુનાઓ માટે કેદની સજાના વિકલ્પ તરીકે 'સમુદાય સેવા' દાખલ કરવી, સમયબદ્ધ ન્યાય સુનિશ્ચિત કરવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવો અને સમગ્ર દેશમાં એકસમાન ન્યાય પ્રણાલી

એક બંધારણ જમ્મુ-કાશ્મીર થી કન્યાકુમારી સુધી



કલમ 370 નાબૂદી

ઓગસ્ટ 2019 માં, જમ્મુ અને કાશ્મીર માં કલમ 370ને અસરકારક રીતે રદ કરવામાં આવી, જેના પરિણામે તે પ્રદેશમાં ભારતીય બંધારણનો સંપૂર્ણ અમલ થયો.

EWS અનામત (103મો બંધારણીય સુધારો):

સામાન્ય વર્ગના આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટે 10% અનામત દાખલ કરવામાં આવી હતી, જેને સર્વોચ્ચ અદાલતે માન્ય રાખી હતી.



OBC આયોગ માટે બંધારણીય દરજ્જો (102મો બંધારણીય સુધારો)

પછાત વર્ગો માટેના રાષ્ટ્રીય આયોગ (NCBC) ને સંપૂર્ણ બંધારણીય દરજ્જો આપવામાં આવ્યો, જેનાથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના અધિકારોને બંધારણીય સુરક્ષા પ્રાપ્ત થઈ. 105મા બંધારણીય સુધારા દ્વારા, રાજ્યોને પણ OBC - અન્ય પછાત વર્ગો ની પોતાની યાદીઓ જાળવી રાખવાની સત્તા આપવામાં આવી.

સુશાસનના સ્તંભો

બંધારણની ભાવનાને પ્રતિબિંબિત કરતી યોજનાઓ

જન ધન યોજના



- જૂન 2026 સુધીમાં **59 કરોડ** થી વધુ બેંક ખાતાઓ
- **૩.3 લાખ કરોડથી** વધુની થાપણો
- અત્યાર સુધીમાં કુલ આશરે **54 લાખ કરોડનું** હસ્તાંતરણ કરવામાં આવ્યું છે.

આયુષ્માન ભારત



- **47 કરોડ** થી વધુ લાભાર્થીઓ નોંધાયા
- **33000** થી વધુ સૂચિબદ્ધ હોસ્પિટલો
- 70 વર્ષ થી વધુ ઉંમરની વ્યક્તિઓ માટે **93 લાખ થી વધુ** 'આયુષ્માન વય વંદના' કાર્ડ જારી કરવામાં આવ્યા છે.

જલ જીવન મિશન



- શરૂઆતમાં, ગ્રામીણ પરિવારોમાંથી માત્ર **17%** પરિવારો પાસે નળ જોડાણો હતા.
- 15 ઓક્ટોબર, 2026 સુધીમાં **82.56%** (15.98 કરોડ પરિવારો) આવરી લેવાયા.
- હવે 2028 સુધી લંબાવવામાં આવ્યું છે (જલ જીવન મિશન 2.0).

પ્રધાનમંત્રી આવાસ યોજના

- ગ્રામીણ વિસ્તારોમાં **1.25 કરોડ** થી વધુ શહેરી ઘરો મંજૂર કરવામાં આવ્યા (ઓગસ્ટ 2026 સુધીમાં)
- મંજૂર કરાયેલા **3.91** કરોડ ઘરોમાંથી **3.12** કરોડ ઘરોનું નિર્માણ પૂર્ણ થયું.
- વર્ષ 2029 સુધીમાં **4.95 કરોડ** ઘરોનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે.

પીએમ કિસાન સન્માન નિધિ



- 24મા હપ્તા (ઓક્ટોબર 2026) સુધીમાં કુલ **૩.4.65 લાખ** કરોડની રકમ વિતરિત કરવામાં આવી
- **94.4 મિલિયન** (9.44 કરોડ) ખેડૂત પરિવારોને લાભાન્વિત કરવામાં આવી રહ્યા છે.

નારી શક્તિ વંદન અધિનિયમ

- સંસદ અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે **33%** અનામત.

GST સુધારાઓ 2025



- બે મુખ્ય કર સ્લેબ **(5% અને 18%)** માં સરળીકરણ
- **16.5 મિલિયન** (1.65 કરોડ) થી વધુ નોંધાયેલા કરદાતાઓ
- 2025-26 માં **૩.22.27 લાખ કરોડ**ની કર વસૂલાત

સ્થાપિત કરવી–આવા સુધારાઓ બંધારણની મૂળ ભાવનાને સાકાર કરવાની દિશામાં નક્કર પગલાં છે; જેનો ઉદ્દેશ્ય દરેક નાગરિકને ન્યાય સુધી સમાન પહોંચ સુનિશ્ચિત કરવાનો છે.

સમાનતાનો સિદ્ધાંત: છેવાડાના વ્યક્તિ સુધી, સૌના વિકાસની ખાતરી

બંધારણના મુખ્ય ઘડવૈયા ડૉ. આંબેડકરે એવા ભારતની કલ્પના કરી હતી જ્યાં દરેકને સમાન તકો પૂરી પાડીને સામાજિક ન્યાય સ્થાપિત કરવામાં આવે. તાજેતરના વર્ષોમાં, કેન્દ્ર સરકારે "વંચિતોને અગ્રતા" આપવાનો સિદ્ધાંત અપનાવ્યો છે અને દાયકાઓથી સરકારી યોજનાઓના લાભથી વંચિત રહી ગયેલા લોકો સુધી સક્રિયપણે પહોંચવાનો પ્રયાસ કર્યો છે. આ બાબત આંકડાઓમાં પણ પ્રતિબિંબિત થાય છેઃ વિવિધ અભ્યાસો અનુસાર, છેલ્લા એક દાયકામાં દેશમાં 25 કરોડથી વધુ લોકો બહુ આયામી ગરીબીમાંથી બહાર આવ્યા છે, એ કેન્દ્ર સરકારની કલ્યાણકારી યોજનાઓને આભારી છે.

જનકલ્યાણ તરફની આ યાત્રા અનેક સરકારી યોજનાઓમાં સ્પષ્ટપણે જોવા મળે છે. દરેક પહેલના તાજેતરના આંકડા આ પ્રયાસની ગતિ અને પ્રગતિને દર્શાવે છે. 'પ્રધાનમંત્રી જન ધન યોજના' હેઠળ અત્યાર સુધીમાં 59 કરોડ થી વધુ બેંક ખાતાઓ ખોલવામાં આવ્યા છે, જેમાં કુલ થાપણો ૩.3 લાખ કરોડ થી વધુ છે. જન ધન ખાતાઓ, આધાર અને મોબાઈલ કનેક્ટિવિટીની 'ત્રિપુટી' નો ઉપયોગ કરીને, 15 ઓક્ટોબર, 2026 સુધીમાં

જે લોક પ્રતિનિધિ સેવાને પવિત્ર કર્તવ્ય માને છે, લોકોના કલ્યાણ માટે અવિરત કાર્ય કરે છે, સુશાસન દ્વારા તેમની સુરક્ષા અને સમૃદ્ધિ સુનિશ્ચિત કરે છે, અને સમાજની પ્રગતિ માટે સમર્પિત રહે છે – જેમના વ્યક્તિત્વમાં વિનમ્રતા, સ્વ - અનુશાસન અને વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતા જોવા મળે છે – તે જ વ્યક્તિ ખરા અર્થમાં લોકોનો વિશ્વાસ, આદર, સન્માન અને સમૃદ્ધિ પ્રાપ્ત કરે છે.

- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

320 થી વધુ યોજનાઓ હેઠળ 'ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર' (DBT) દ્વારા નાગરિકોના બેંક ખાતાઓમાં અંદાજે ₹.53.80 લાખ કરોડ સીધા જ જમા કરવામાં આવ્યા છે. આનાથી ₹.5 લાખ કરોડ થી વધુ રકમને ખોટા હાથોમાં જતી અટકાવી શકાઈ છે અને વચેટિયાઓની ભૂમિકા પણ નાબૂદ થઈ છે.

આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ, અત્યાર સુધીમાં 47 કરોડ થી વધુ લોકો નોંધાયા છે અને દેશભરની 33000 થી વધુ હોસ્પિટલો (17685 સરકારી અને 15380 ખાનગી) આ યોજના સાથે જોડાયેલી છે. આ ઉપરાંત, 70 વર્ષ કે તેથી વધુ વયના 93 લાખ થી વધુ વરિષ્ઠ નાગરિકોને 'આયુષ્માન વય વંદના' કાર્ડ આપવામાં આવ્યા છે. 'જળ જીવન મિશન' દ્વારા, 15 ઓક્ટોબર 2026 સુધીમાં, દેશના 19.35 કરોડ ગ્રામીણ પરિવારોમાંથી આશરે 15.98 કરોડ પરિવારો (એટલે કે 82.56 ટકા) સુધી નળ દ્વારા પાણી પહોંચાડવામાં આવ્યું છે; જ્યારે 2019 માં આ મિશનની શરૂઆત થઈ ત્યારે માત્ર 17 ટકા પરિવારો પાસે જ આ સુવિધા ઉપલબ્ધ હતી. 100 ટકા લક્ષ્યાંક પ્રાપ્ત કરવા માટે, કેબિનેટે માર્ચ 2026 માં 'જળ જીવન મિશન 2.0' ને મંજૂરી આપી, જેના દ્વારા આ પહેલને 2028 સુધી લંબાવવામાં આવી છે. પ્રધાનમંત્રી આવાસ યોજના - શહેરી હેઠળ, ઓગસ્ટ 2026 સુધીમાં 1.25 કરોડ ઘરોને મંજૂરી આપવામાં આવી છે. દરમિયાન, આ યોજનાના ગ્રામીણ ઘટક હેઠળ, પ્રથમ બે તબક્કામાં મંજૂર કરાયેલા 3.91 કરોડ ઘરો માંથી 3.12 કરોડ ઘરોનું નિર્માણ પૂર્ણ થઈ ગયું છે, અને 2029 સુધીમાં 4.95 કરોડ ઘરોનો લક્ષ્યાંક પ્રાપ્ત કરવા માટે કામગીરી ઝડપથી આગળ વધી રહી છે. ઓક્ટોબર 2026 માં 'પીએમ કિસાન સન્માન નિધિ' નો 24મો હપ્તો જાહેર થવાની સાથે,

ઉપેક્ષિત ઇતિહાસનું પુનઃસ્થાપન



સેંગોલ:
નવી સંસદ ભવનના લોકસભા ખંડમાં સ્થાપિત; સત્તા હસ્તાંતરણ અને કર્તવ્યપથનું એક પ્રાચીન પ્રતીક.

- 'સંવિધાન હત્યા દિવસ' – 25 જૂનઃ કટોકટીના અતિરેકની યાદમાં
- 'વિભાજન વિભિષિકા સ્મૃતિ દિવસ' – 14 ઓગસ્ટઃ વિભાજનના પીડિતોને શ્રદ્ધાંજલિ
- આર્થિક રીતે વંચિતો માટે અનામતઃ 103 મા બંધારણીય સુધારા દ્વારા આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટે 10% અનામત

શ્રી રામ મંદિરઃ 22 જાન્યુઆરી, 2024 ના રોજ અયોધ્યામાં રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા



પદ્મ પુરસ્કારોઃ સામાન્ય નાગરિકોની સિદ્ધિઓનું સન્માન - 'જન - પદ્મ'



એક રાષ્ટ્ર, એક ચૂંટણી

- ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના અધ્યક્ષપદે 2 સપ્ટેમ્બર, 2023 ના રોજ એક ઉચ્ચ - સ્તરીય સમિતિની રચના કરવામાં આવી હતી.
- દેશમાં 1951 અને 1967 ની વચ્ચે એક સાથે ચૂંટણીઓ યોજાઈ હતી.
- સમિતિનો અહેવાલ 2024 માં જાહેર કરવામાં આવ્યો; કેન્દ્રીય મંત્રીમંડળે બંધારણીય ખરડો (129મો સુધારો), 2024 અને કેન્દ્રશાસિત પ્રદેશ કાયદો(સુધારા) ને મંજૂરી આપી.
- વર્તમાન સ્થિતિઃ બંને ખરડાઓ સાંસદ પી.પી. ચૌધરીના અધ્યક્ષપદે રચાયેલી 41 સભ્યોની સંયુક્ત સંસદીય સમિતિ (JPC) સમક્ષ વિચારણા હેઠળ છે; 2026 ના શિયાળુ સત્ર સુધીમાં અહેવાલ આવવાની અપેક્ષા છે.
- JPC ના અંદાજો મુજબ, આનાથી ₹.7 લાખ કરોડની સંભવિત બચત થઈ શકે છે અને GDP માં 1.6% સુધીનો વધારો થઈ શકે છે.
- તમામ ચૂંટણીઓ માટે એક સમાન અને એકીકૃત મતદાર યાદી તૈયાર કરવાનો પ્રસ્તાવ છે.

પ્રસ્તાવિત મોડેલ

પ્રથમ તબક્કામાં લોકસભા અને વિધાનસભાની એક સાથે ચૂંટણીઓ, અને ત્યારબાદ બીજા તબક્કામાં 100 દિવસની અંદર સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ.



અમે આપણા બંધારણમાં સમાવિષ્ટ સિદ્ધાંતોને વધુ મજબૂત કરવા અને 'વિકસિત ભારત' ના સ્વપ્નને સાકાર કરવા માટે સાથે મળીને કામ કરવાની અમારી પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરીએ છીએ. ચાલો, આપણે પ્રગતિના નવા શિખરો સર કરીએ અને ગરીબ તથા વંચિત વર્ગોની આકાંક્ષાઓને પૂર્ણ કરીએ.

- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

9.44 કરોડ ખેડૂત પરિવારોને (જેમાં 2.18 કરોડ થી વધુ મહિલાઓનો સમાવેશ થાય છે) કુલ ₹.4.65 લાખ કરોડ થી વધુની રકમ સીધી હસ્તાંતરિત કરવામાં આવી છે. 'નારી શક્તિ વંદન અધિનિયમ' નો અમલ – જે સંસદ અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે 33 ટકા અનામતની જોગવાઈ કરે છે – તે દેશની મહિલાઓના સન્માનની દિશામાં એક ઐતિહાસિક પગલું છે.

આર્થિક લોકશાહી: ન્યાયના બંધારણીય સિદ્ધાંતનો દરેક નાગરિક સુધી વિસ્તાર

સમાનતાનો બંધારણીય સિદ્ધાંત માત્ર સામાજિક ક્ષેત્ર પૂરતો સીમિત નથી; તે આર્થિક જીવનમાં પણ વણાઈ ગયો છે. સપ્ટેમ્બર 2025 માં અમલમાં મૂકાયેલા GST સુધારાઓએ કર માળખાને સરળ બનાવીને તેને માત્ર બે મુખ્ય સ્લેબમાં વહેંચી દીધું છેઃ 5 ટકા અને 18 ટકા. સાબુ, ટૂથપેસ્ટ અને ભારતીય રોટલી જેવી રોજિંદા વપરાશની વસ્તુઓ પરના કર ઘટાડીને 5 ટકા અથવા શૂન્ય કરી દેવામાં આવ્યા છે. જીવનરક્ષક દવાઓ પરના કરના દરો પણ ઘટાડીને શૂન્ય કે 5 ટકા કરવામાં આવ્યા છે, જ્યારે ટ્રેક્ટર, હાર્વેસ્ટર અને રોટાવેટર જેવા કૃષિ સાધનો પરનો દર 5 ટકા નક્કી કરવામાં આવ્યો છે; કેન્દ્રીય કૃષિ મંત્રીએ આ પગલાને ખેડૂતો માટે એક વરદાન સમાન ગણાવ્યું છે. હસ્તકલાની વસ્તુઓ પરનો જીએસટી 12 ટકા થી ઘટાડીને 5 ટકા કરવામાં આવ્યો છે, જેનાથી શિલ્પો, ચિત્રો, ભરતકામ અને હેન્ડબેગ બનાવતા કારીગરોને મોટી રાહત મળી છે. તેવી જ રીતે, રમકડાં અને રમતગમતના સાધનો પરનો દર પણ 12 ટકા થી ઘટાડીને 5 ટકા કરવામાં આવ્યો છે, જેનાથી બાળકોના વિકાસ માટેની સામગ્રી બનાવતા MSME એકમોને પ્રોત્સાહન મળ્યું છે. આ સુધારાઓથી દેશમાં જીએસટી હેઠળ નોંધાયેલા 1.65 કરોડ થી વધુ કરદાતાઓને સીધો લાભ થયો છે – જે 2017 માં નોંધાયેલા 66.5 લાખ કરદાતાઓની સંખ્યાની સરખામણીમાં નોંધપાત્ર વધારો છે. કરની આવક માં પણ સતત વધારો જોવા મળ્યો છે; 2021 – 22 માં આ

આંકડો અંદાજે 13.76 લાખ કરોડ રૂપિયા હતો, જે 2025 – 26 માં વધીને લગભગ 22.27 લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયો છે. આ ગતિ 2026 – 27 માં પણ જળવાઈ રહી છે, જેમાં માત્ર એપ્રિલ અને મે 2026 ના મહિનાઓમાં જ GST ની આવક અંદાજે 4.37 લાખ કરોડ રૂપિયા રહી છે.

આ દર્શાવે છે કે વધુ ને વધુ વ્યવસાયો ઔપચારિક કર પ્રણાલી સાથે જોડાઈ રહ્યા છે, અને કર માળખાનું સરળીકરણ સરકારી આવકમાં વૃદ્ધિ કરવામાં અસરકારક રીતે યોગદાન આપી રહ્યું છે.

આત્મનિર્ભરતા અને સ્વદેશી પર ધ્યાન કેન્દ્રિત કરવાની આ ભાવના 'વોકલ ફોર લોકલ' હેઠળ એક જન આંદોલન માં પરિવર્તિત થઈ છે. સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપવાનો જે આહ્વાન પ્રધાનમંત્રીએ તેમના પ્રથમ 'મન કી બાત' કાર્યક્રમમાં આપ્યું હતું, તેના હવે રમકડાં ઉદ્યોગ જેવા ક્ષેત્રોમાં નક્કર પરિણામો જોવા મળી રહ્યા છે. વર્ષ 2025 - 26 માટે, રમકડાંની મુખ્ય શ્રેણીઓમાં ભારતે 152 મિલિયન ડોલરની 'ટ્રેડ સર પ્લસ' પ્રાપ્ત કરી છે; જે 2017 – 18 માં જોવા મળતી 'ટ્રેડ ડેફિસિટ' (વેપાર ખાધ) ની સ્થિતિથી એક મોટું સકારાત્મક પરિવર્તન છે. 'વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ' (ODOP) યોજના હેઠળ, દરેક જિલ્લાની આગવી ઓળખને બજાર સુધી પહોંચાડવાના પ્રયાસોનું મૂલ્ય 1.71 લાખ કરોડ રૂપિયા સુધી પહોંચ્યું છે. માર્જિન મની સ્કીમ હેઠળ 6000 કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સ મંજૂર કરવામાં આવ્યા છે, જ્યારે 1.25 કરોડ થી વધુ ODOP કારીગરોને તાલીમ અને આધુનિક ટૂલકિટ્સ આપવામાં આવ્યા છે. હસ્તકલા ક્ષેત્રે, રાષ્ટ્રીય હસ્તકલા વિકાસ કાર્યક્રમ હેઠળ 837 કરોડ રૂપિયાની મંજૂર જોગવાઈ સાથે 2325 પ્રોજેક્ટ્સ અને કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવ્યા છે, જેનાથી 66000 થી વધુ કારીગરોને સીધો લાભ મળ્યો છે. દેશભરમાં 35 લાખ થી વધુ લોકોને રોજગારી પૂરું પાડતું હેન્ડલૂમ ક્ષેત્ર – જેમાં 70 ટકા થી વધુ મહિલાઓ છે – તે બંધારણીય દ્રષ્ટિકોણનું એક જીવંત ઉદાહરણ છેઃ જે દરેક વ્યક્તિ માટે ગરિમા પૂર્ણ કાર્ય અને દરેક કારીગરની કલાકૃતિ માટે યોગ્ય મહેનતાણું સુનિશ્ચિત કરે છે.

રક્ષા ઉત્પાદન ક્ષેત્રે પણ સ્વદેશીકરણની આવી જ ગાથા જોવા મળી છે. રક્ષા નિકાસ 2013 – 14 માં રૂ.686 કરોડ થી વધીને 2025 – 26 માં રૂ.38424 કરોડ સુધી પહોંચી છે – જે 56 ગણો વધારો દર્શાવે છે. પાંચ 'સકારાત્મક સ્વદેશીકરણ સૂચિઓ' દ્વારા 5500 થી વધુ રક્ષા સામગ્રીઓની ઓળખ કરવામાં આવી છે; જેમાંથી ફેબ્રુઆરી 2025 સુધીમાં 3000 થી વધુ વસ્તુઓનું સ્વદેશીકરણ કરવામાં આવ્યું છે. LCA તેજસ, અર્જુન ટેન્ક, આર્ટિલરી ગન, એસોલ્ટ રાઈફલ્સ, કોર્વેટ્સ, સોનાર સિસ્ટમ્સ, હળવા લડાયક હેલિકોપ્ટર અને સ્વદેશી રડાર જેવી પ્રણાલીઓ હવે ભારતની વ્યૂહાત્મક આત્મનિર્ભરતાની ઓળખ બની ગઈ છે. 'પ્રોડક્શન -લિંક્ડ ઈન્સેન્ટિવ' (PLI) યોજનાઓ હેઠળ, માર્ચ 2026 સુધીમાં રૂ.2.40 લાખ કરોડનું રોકાણ આકર્ષવામાં આવ્યું છે.

બંધારણ દિવસ (2025-26) સાથે સુસંગત મહત્વપૂર્ણ સીમાચિહ્નો



▪ બંધારણના સ્વીકારને 75-77 વર્ષ (2024-2026)

વધુમાં, રૂ.15.2 લાખ કરોડ થી વધુની નિકાસને વેગ મળ્યો છે અને 14 લાખ થી વધુ પ્રત્યક્ષ કે પરોક્ષ રોજગારીનું સર્જન થયું છે. આ બાબત દર્શાવે છે કે બંધારણમાં કલ્પના કરાયેલ 'સમાન આર્થિક તકો' હવે વાસ્તવિકતા બની રહી છે – જે નીતિ અને અમલીકરણ બંને સ્તરે જોવા મળે છે.



આપણું બંધારણ માનવ ગરિમા, સમાનતા અને સ્વતંત્રતાને સર્વોચ્ચ મહત્વ આપે છે. તે આપણને અધિકારો પ્રદાન કરવાની સાથે સાથે, નાગરિક તરીકેની આપણી ફરજોનું પણ સ્મરણ કરાવે છે – એવી ફરજો કે જેનું પાલન કરવા માટે આપણે હંમેશા પ્રયત્નશીલ રહેવું જોઈએ. આ જવાબદારીઓ એક સક્ષમ લોકશાહીનો પાયો રચે છે. ચાલો, આપણે આપણા કાર્યો દ્વારા આપણા બંધારણીય મૂલ્યોને વધુ સુદ્રઢ કરવા પ્રત્યેની આપણી પ્રતિબદ્ધતાને પુનઃવ્યક્ત કરીએ.

- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

લોકશાહીની જનની: વૈશ્વિક મંચ પર ભારતનો પ્રાચીન વારસો

ભારત માત્ર વિશ્વનું સૌથી મોટું લોકતંત્ર જ નથી, પરંતુ તે 'લોકતંત્રની જનની' પણ છે. ભારતના 5000 વર્ષ જૂના વેદોમાં 'સભા' અને 'સમિતિ' નો ઉલ્લેખ જોવા મળે છે; મહાભારત જેવા ગ્રંથોમાં 'ગણો'ના અસ્તિત્વનો ઉલ્લેખ છે; અને ડૉ. આંબેડકરે પોતે બૌદ્ધ સંઘની તુલના ભારતીય સંસદ સાથે કરી હતી, જેમાં તેમણે પ્રસ્તાવો, કોરમ અને મતદાનને લગતા નિયમોની હાજરી તરફ ધ્યાન દોર્યું હતું. પ્રધાનમંત્રી મોદીએ આંતરરાષ્ટ્રીય મંચો પર વારંવાર ભારપૂર્વક જણાવ્યું છે કે ભારત માટે લોકતંત્ર માત્ર એક વ્યવસ્થા નથી, પરંતુ એક સાંસ્કૃતિક મૂલ્ય, એક વિચાર અને એક પરંપરા છે.

આજે, જ્યારે ભારતનું અર્થતંત્ર ઝડપથી વિકસી રહ્યું છે અને તેની આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા મજબૂત બની રહી છે, ત્યારે વિશ્વ તેની તરફ ખૂબ જ આશા સાથે જોઈ રહ્યું છે. જે રાષ્ટ્રની સ્થિરતા વિશે એક સમયે શંકા વ્યક્ત કરવામાં આવતી હતી, તે આજે પોતાની વિવિધતા પર ગર્વ અનુભવતા, સંપૂર્ણ જોમ અને ઉત્સાહ સાથે આગળ વધી રહ્યું છે. સંસદના નવા ભવનમાં સ્થાપિત પવિત્ર 'સેંગોલ' આ અવિરત સાંસ્કૃતિક સાતત્યના પ્રતીકરૂપે શોભે છે. મહાન ચોલ સામ્રાજ્યમાં સત્તા હસ્તાંતરણ અને કર્તવ્યના માર્ગના પ્રતીક સમાન આ 'સેંગોલ' ને હવે સંસદમાં દરેક સત્રના આરંભે રાષ્ટ્રપતિના સંબોધન પૂર્વે મૂકવામાં આવે છે. તે બંધારણીય સત્તાની યાદ અપાવે છે, જેને ભારતે સંસ્થાનવાદી યુગમાંથી બહાર આવ્યા બાદ અપનાવી હતી.

ચૂંટણી સુધારણાઃ 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' તરફ – વારંવાર યોજાતી ચૂંટણીઓને કારણે વિકાસની ગતિમાં આવતા અવરોધને રોકવા માટે, કેન્દ્ર સરકારે 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી'ની દિશામાં નક્કર પગલાં લીધાં છે.

ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના અધ્યક્ષસ્થાને રચાયેલી એક ઉચ્ચ-સ્તરીય સમિતિએ, હિતધારકો સાથે વ્યાપક પરામર્શ કર્યા બાદ 2024 માં પોતાનો અહેવાલ રજૂ કર્યો. આના આધારે, કેન્દ્રીય મંત્રીમંડળે સંસદમાં બંધારણીય (129મો સુધારો) ખરડો, 2024' અને 'કેન્દ્રશાસિત પ્રદેશ કાયદા (સુધારો) ખરડો, 2024' રજૂ કરવા માટે મંજૂરી આપી. હાલમાં, સંસદસભ્ય પી.પી. ચૌધરીના અધ્યક્ષસ્થાને 41 સભ્યોની સંયુક્ત સંસદીય સમિતિ (JPC) આ બંને ખરડાઓ પર વિચારણા કરી રહી છે; આ સમિતિએ દેશભરના હિતધારકો સાથે વિસ્તૃત પરામર્શ કર્યો છે. સમિતિને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે 2026 માં સંસદના શિયાળુ સત્ર સુધીનો સમય આપવામાં આવ્યો છે. સમિતિના અંદાજ મુજબ, એક સાથે ચૂંટણીઓ યોજવાથી સમય જતાં આશરે ₹.7 લાખ કરોડની બચત થઈ શકે છે અને ભારતનો GDP 1.6 ટકા સુધી વધી શકે છે. પ્રસ્તાવિત માળખા મુજબ, પ્રથમ તબક્કામાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ એક સાથે યોજવામાં આવશે, અને ત્યારબાદ બીજા તબક્કામાં 100 દિવસની અંદર સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ યોજાશે. આ પગલાથી ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલા સમય, સંસાધનો અને વહીવટી બોજમાં નોંધપાત્ર ઘટાડો થવાની અપેક્ષા છે.

અધિકારો અને ફરજો વચ્ચેનો અતૂટ સંબંધ

એકવાર મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે તમામ અધિકારો નાગરિકો દ્વારા નિષ્ઠાપૂર્વક બજાવવામાં આવેલી ફરજોમાંથી ઉદ્ભવે છે. ગત સદીના શરૂઆતના દાયકાઓમાં, જ્યારે વિશ્વનું ધ્યાન માત્ર અધિકારો પર કેન્દ્રિત હતું, ત્યારે ગાંધીજીએ નાગરિકોની ફરજો પર ભાર મૂકીને એક ડગલું આગળ વધાર્યું હતું. પ્રધાનમંત્રી મોદીએ સતત એ વિચારનું સમર્થન કર્યું છે કે બંધારણ અધિકારોના ભોગવટા જેટલું જ મહત્વ ફરજોના પાલનને પણ આપે છે. બંધારણ દિવસ પર બંધારણની પ્રસ્તાવનાનું સામૂહિક પઠન કરવાનો ઉદ્દેશ્ય દરેક નાગરિકને – ખાસ કરીને યુવા પેઢીને – 'વિકસિત ભારત' ના સ્વપ્નને સાકાર કરવા માટે



નાગરિક ફરજોને પ્રાથમિકતા આપવા માટે પ્રોત્સાહિત કરવાનો છે. આ ભાવના માત્ર ભાષણો પૂરતી સીમિત નથી; તે નીતિ નિર્માણમાં પણ પ્રતિબિંબિત થાય છે.

'iGOT કર્મયોગી' પ્લેટફોર્મ દ્વારા, સરકારી કર્મચારીઓને કાર્યક્ષમતા અને જવાબદારીની નવી સંસ્કૃતિ સાથે જોડવામાં આવી રહ્યા છે, જ્યારે 'સ્વચ્છ ભારત મિશન' હેઠળ લગભગ 12 કરોડ શૌચાલયોના નિર્માણે નાગરિક ફરજને સ્વચ્છતા પ્રત્યેની વ્યવહારિક પ્રતિબદ્ધતામાં પરિવર્તિત કરી દીધી છે. વધુમાં, 'એક ભારત શ્રેષ્ઠ ભારત' પહેલ વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની સંસ્કૃતિઓ, ભાષાઓ અને પરંપરાઓ પ્રત્યે પરસ્પર સમજણ કેળવીને ભારતની એકતા અને અખંડિતતાને મજબૂત બનાવી રહી છે – જે બંધારણની પ્રસ્તાવના માં સમાવિષ્ટ 'રાષ્ટ્રની એકતા અને અખંડિતતા' ના આદર્શનો જ એક વિસ્તાર છે.

બંધારણીય ભાવનામાં નવચેતનઃ નવી પેઢી માટે એક સંકલ્પ

છેલ્લાં 12 વર્ષોમાં, વિશ્વએ ભારત અને તેના બંધારણની પ્રબળ શક્તિને નિહાળી છે. અગાઉ, લોકશાહી અંગેની વૈશ્વિક ચર્ચાઓમાં મુખ્યત્વે એથેન્સ, યુનાઈટેડ સ્ટેટ્સ, ફ્રાન્સ અને મેગ્ના કાર્ટા પર જ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવતું હતું, જ્યારે ભારતની પ્રાચીન લોકશાહી પરંપરાઓ ઘણીવાર અજાણી રહી જતી હતી. પ્રધાનમંત્રી મોદીએ ભારતની આ મહાન લોકશાહી વિરાસતને પુનર્જીવિત કરી છે. તેમણે બંધારણીય વ્યવસ્થાને એટલી મજબૂત રીતે પુનઃસ્થાપિત કરી છે કે હવે કોઈ પણ શાસક બંધારણ સાથે ચેડાં કરવાની હિંમત કરી શકશે નહીં. દર વર્ષે 25 જૂનને 'સંવિધાન હત્યા દિવસ' તરીકે મનાવવો એ રાષ્ટ્રના દ્રઢ સંકલ્પનું પ્રતીક છેઃ દેશ ફરી ક્યારેય 'કટોકટી' જેવી ઘટનાનું પુનરાવર્તન સ્વીકારશે નહીં.

નિઃસંશય, 12મો બંધારણ દિવસ એ માત્ર એક તારીખની ઉજવણી નથી, પરંતુ એક સામૂહિક ચેતનાનો ઉત્સવ છે – એવી ચેતના જેમાં દરેક નાગરિક પોતાના અધિકારોનો ઉપયોગ કરવાની સાથે સાથે પોતાની ફરજોનું પણ એટલી જ નિષ્ઠાથી પાલન કરે છે. જ્યારે બંધારણ સભાના સભ્યોએ 2 વર્ષ, 11 મહિના અને 18 દિવસના અથાક પરિશ્રમ બાદ આપણને આ ભવ્ય દસ્તાવેજ સોંપ્યો, ત્યારે તેમનો ઉદ્દેશ્ય એ હતો કે આવનારી દરેક પેઢી તેનું પાલન કરે, તેને સમજે અને તેમાંથી શીખ મેળવે. આજે, જ્યારે રાષ્ટ્ર 'વિકસિત ભારત'ના નિર્માણના સંકલ્પ સાથે આગળ વધી રહ્યું છે, ત્યારે 140 કરોડ નાગરિકોની એ જવાબદારી છે કે તેઓ આ સામૂહિક પ્રતિબદ્ધતામાં જોડાય અને બંધારણની આ પુનર્જીવિત ભાવનાના વાહક બને – જે વાસ્તવ માં બંધારણ દિવસ ઉજવવા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય છે. ■



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં વિજયાદશમીની ઉજવણીમાં હાજરી આપી

‘રામ સે રાષ્ટ્ર’ અને ‘દેવ સે દેશ’નો સંકલ્પ થશે સાકાર

વિજયાદશમીના શુભ અવસરે, રામલીલાએ રાષ્ટ્રીય એકતા, સામાજિક સમરસતા અને ભગવાન રામના આદર્શોનો સંદેશ આપ્યો. 20 ઓક્ટોબરે દિલ્હીમાં એક કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને વિજયાદશમીની શુભેચ્છાઓ પાઠવી. તેમણે દ્રઢ વિશ્વાસ વ્યક્ત કર્યો કે અયોધ્યામાં પ્રાણ પ્રતિષ્ઠા દરમિયાન લેવામાં આવેલા ‘રામ સે રાષ્ટ્ર’ અને ‘દેવ સે દેશ’ના સંકલ્પો, આપણા સામૂહિક પ્રયાસો દ્વારા ચોક્કસપણે સાકાર થશે.

હજારો વર્ષો થી, આપણા પૂર્વજોએ ભગવાન રામ પ્રત્યે આદરભાવ રાખ્યો છે. આ ભક્તિ માત્ર એટલા માટે નથી કે ભગવાન રામે રાવણનો વધ કર્યો હતો, પરંતુ એટલા માટે છે કે તેમણે એવા આદર્શોનું પ્રતિનિધિત્વ કર્યું હતું જે માનવ ઈતિહાસ માં અજોડ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉલ્લેખ કર્યો કે, ભગવાન રામે તેમના સમગ્ર જીવન દરમિયાન અનેક મુશ્કેલીઓનો સામનો કર્યો હોવા છતાં, તેઓ ક્યારેય સત્ય અને ધર્મના માર્ગથી વિચલિત થયા ન હતા. તેમનું વ્યક્તિત્વ એવું હતું કે તેઓ હંમેશા સ્થિતપ્રજ્ઞ રહ્યા – રાજપદ મળવાની સંભાવનાથી તેઓ ક્યારેય અતિશય હર્ષિત ન થયા, કે વનવાસમાં જતી વખતે તેઓ ક્યારેય દુઃખી કે વ્યથિત ન થયા. અત્યંત વિકટ પરિસ્થિતિઓ સહન કરતી વખતે પણ, તેમણે અડગ રહીને ધર્મનું પાલન કર્યું અને સત્યની સ્થાપના કરી.

પોતાની ક્ષમતાને ઓળખવી અને પોતાના સંસાધનો પર વિશ્વાસ રાખવોઃ ભગવાન રામના જીવન માંથી મળતો એક ગહન બોધ એ છે કે, સંકટ ગમે તેટલું વિકટ હોય કે પડકાર ગમે તેટલો કઠિન હોય, તો પણ અન્ય પર નિર્ભર રહેવું જોઈએ નહીં. તેના બદલે, વ્યક્તિએ પોતાની ક્ષમતાને ઓળખવી જોઈએ, પોતાના સંસાધનો પર ભરોસો રાખવો જોઈએ, પોતાના સંકલ્પને શક્તિમાં પરિવર્તિત કરવો જોઈએ અને પોતાના પુરુષાર્થ દ્વારા સમસ્યાઓના ઉકેલ શોધવા જોઈએ. ભગવાન રામે આપણને શીખવ્યું કે માર્ગમાં આવતા અવરોધો





> ***સમગ્ર દેશમાં રામલીલાનું મંચન – એક એવી પરંપરા જે ભગવાન શ્રી રામના આદર્શોને જીવંત રાખે છે, અત્યાચાર અને આતંકના અંતની ઘોષણા કરે છે, અને અસત્ય પર સત્યના વિજયમાં રહેલા વિશ્વાસને પુનઃસ્થાપિત કરે છે – તે માત્ર એક ઉત્સવ નથી; તે ભારતનું જીવંત પ્રાણતત્વ છે.***
>
> ***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

સફળતાનો મુખ્ય મંત્ર

- પોતાની શક્તિમાં વિશ્વાસ.
- પોતાની ક્ષમતાઓ પર ભરોસો.
- પોતાના સંસાધનોનો યોગ્ય ઉપયોગ.
- પોતાના લક્ષ્ય પ્રત્યે અડગ સંકલ્પ.

પ્રધાનમંત્રી મોદીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.

યાત્રાને રોકી શકતા નથી. તેમણે જનસમુદાયની સામૂહિક શક્તિને જાગૃત કરી, લોકભાગીદારીને પોતાની તાકાત બનાવી, ઉપલબ્ધ સંસાધનોને એકત્રિત કર્યા અને જે અશક્ય જણાતું હતું તેને શક્ય કરી બતાવ્યું.

આજે, આપણી સમક્ષ 'વિકસિત ભારત' અને 'આત્મનિર્ભર ભારત'ના લક્ષ્યો છે. આપણે જનશક્તિનો ઉપયોગ કરીને લોકકલ્યાણ માટે કાર્ય કરવું જોઈએ અને લોકોની તમામ આકાંક્ષાઓને પૂર્ણ કરવી જોઈએ; આ માટે આપણે સ્વયં ભગવાન રામ પાસેથી પ્રેરણા લેવી જોઈએ.

ગરીબો અને વંચિતોની સેવા સર્વોપરી

ભગવાન રામના વનવાસ દરમિયાન, તેમણે નિષાદરાજને આલિંગન આપ્યું અને માતા શબરી પ્રત્યે ગાઢ આદર વ્યક્ત કર્યો. તેમણે કરુણા, દયા, પ્રેમ અને સમરસતાના ઉચ્ચ માપદંડો સ્થાપિત કર્યા. વનવાસ માંથી પરત ફરીને અયોધ્યાના રાજા બન્યા પછી, તેમણે 'રામરાજ્ય' ની સ્થાપના કરી – શાસનનું એક એવું આદર્શ સ્વરૂપ, જેને આજે પણ સુશાસન માટે શ્રેષ્ઠ માનદંડ ગણવામાં આવે છે. 'રામરાજ્ય' એટલે ભેદભાવ મુક્ત શાસન વ્યવસ્થા, જ્યાં દરેકને ન્યાય સુલભ હોય અને દરેક વ્યક્તિ સમાન તકોનો લાભ મેળવી શકે. પ્રધાનમંત્રી મોદીએ ભાર મૂક્યો કે આપણે જનતાને 'જનતા જનાર્દન' તરીકે જોવી જોઈએ અને 'નાગરિક દેવો ભવ' ની ભાવનાને અપનાવવી જોઈએ. ગરીબો અને વંચિતોની સેવા કરવી એ આપણી સર્વોચ્ચ પ્રાથમિકતા હોવી જોઈએ.

વિજયાદશમી: વિજયની ઉજવણી

વિજયાદશમી એ વિજયનો તહેવાર છે. તે એવો વિશ્વાસ રાખવાનું સાહસ પૂરું પાડે છે કે, પ્રતિસ્પર્ધી ગમે તેટલો શક્તિશાળી કે ભયાનક કેમ ન હોય, અંતે તો સત્ય અને માનવતાનો જ વિજય થશે. વિજયાદશમીની આ ભાવના હંમેશા ભારતની મૂળભૂત વિચારધારાના કેન્દ્રસ્થાને રહી છે.

એક થઈને આગળ વધવું

આપણે રાષ્ટ્રના દુશ્મનો સામે એક થઈને ઊભા રહેવું જોઈએ. જે તત્વો રાષ્ટ્રના સન્માનને નબળું પાડે છે, જેઓ સમાજમાં ભાગલા પાડવા માંગે છે અને જે વ્યક્તિઓ આપણી સંસ્કૃતિ પ્રત્યે નફરત રાખે છે – આ જ દેશના સાચા દુશ્મનો છે. પ્રધાનમંત્રી મોદીએ સૌને પોતાનો સંકલ્પ ફરી દ્રઢ કરવા આહ્વાન કર્યું: આપણે 'મા ભારતી' ના દુશ્મનોને ઓળખવા જોઈએ અને તેમને પરાજિત કરવા જોઈએ. 'રાષ્ટ્ર પ્રથમ' ના સંકલ્પ સાથે, આપણે સૌએ એક થઈને સાથે આવવું જોઈએ. ■

પ્રધાનમંત્રી વિકસિત ગ્રામ સ્વરાજ યોજના

અને કન્ટેનર ઉત્પાદન પ્રોત્સાહન યોજનાને આપવામાં આવી મંજૂરી

કેન્દ્ર સરકાર ગ્રામીણ વિસ્તારોના વિકાસ અને પંચાયતોના સશક્તિકરણ માટે પ્રતિબદ્ધ છે. આ લક્ષ્ય તરફ એક મહત્વપૂર્ણ પગલા તરીકે, સરકારે 'પ્રધાનમંત્રી વિકસિત ગ્રામ સ્વરાજ' યોજના (PM VGSY) ને મંજૂરી આપી છે. આ યોજના 'વિકસિત ભારત 'ના રાષ્ટ્રીય વિઝન સાથે સુસંગત એવી, શાસન વ્યવસ્થામાં પરિવર્તન લાવનારી એક અત્યાધુનિક પહેલ છે. આ ઉપરાંત, 'કન્ટેનર મેન્યુફેક્ચરિંગ પ્રમોશન સ્કીમ' અને 'ખેલો ઈન્ડિયા' સ્પોર્ટ્સ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરિંગ સ્કીમ ને પણ મંજૂરી આપવામાં આવી છે. સાથે જ, કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થું અને પેન્શનરો માટે મોંઘવારી રાહત અંગેના પ્રસ્તાવોને પણ મંજૂરી મળી છે. આ યોજનાના અમલીકરણ માટે 2026-27 થી 2030-31 સુધીનો સમયગાળો નક્કી કરવામાં આવ્યો છે (જે સોળમા નાણાં પંચના કાર્યકાળ સાથે સુસંગત છે).

નિર્ણય: વર્ષ 2026-27 થી 2030-31 ના સમયગાળા માટે 'પ્રધાનમંત્રી વિકસિત ગ્રામ સ્વરાજ' યોજનાને 'કેન્દ્ર પ્રાયોજિત યોજના' તરીકે મંજૂરી આપવામાં આવી છે.

અસર: 'વિકસિત ભારત'ના રાષ્ટ્રીય વિઝન સાથે સુસંગત રહીને, ગ્રામીણ શાસનને નવી દિશા આપવાના ઉદ્દેશ્ય સાથે આ કેન્દ્ર પ્રાયોજિત યોજના શરૂ કરવામાં આવી છે.

- આ યોજના થી 2.55 લાખ થી વધુ પંચાયતો અને પરંપરાગત સ્થાનિક સંસ્થાઓના આશરે 32 લાખ ચૂંટાયેલા પ્રતિનિધિઓને, તેમજ પંચાયતના અધિકારીઓ અને અન્ય હિતધારકોને સીધો લાભ થશે.
- આ યોજના પંચાયતોની ક્ષમતાને મજબૂત બનાવશે, જેનાથી તેઓ નાણાં પંચની ગ્રાન્ટ અને અન્ય ભંડોળનો અસરકારક રીતે ઉપયોગ કરી શકશે, પોતાના સ્ત્રોતોમાંથી આવક (Own Source Revenue - OSR) ઊભી કરી શકશે, અને ઓનલાઈન હિસાબ - કિતાબ, ઓડિટિંગ તથા જાહેર ખુલાસા સુનિશ્ચિત કરી શકશે.
- આ યોજના સંસાધનોના પારદર્શક ઉપયોગને પ્રોત્સાહન આપશે, સ્થાનિક વિકાસમાં રહેલી ખામીઓને દૂર કરવામાં મદદ કરશે અને જવાબદાર તથા સ્વાવલંબી પંચાયતોના નિર્માણને પ્રોત્સાહન આપશે.
- જાગૃતિ કાર્યક્રમોના માધ્યમ થી, સરકારી યોજનાઓ અને રાષ્ટ્રીય પહેલો વિશે વધુ સારી સમજ કેળવવા માટે ઓછામાં ઓછા 1 કરોડ નાગરિકો સુધી પહોંચવામાં આવશે.
- આ યોજના માટે કુલ ફાળવણી રૂ.7395.55 કરોડ છે.





અમારી સરકારે પ્રધાનમંત્રી વિકસિત ગ્રામ સ્વરાજ યોજનાને મંજૂરી આપી છે. આનાથી સ્થાનિક સંસાધનો, ક્ષમતાઓ અને પડકારોને અનુરૂપ યોજનાઓ ઘડવી શક્ય બનશે. આ પહેલ જનભાગીદારીને વધુ મજબૂત બનાવશે અને ટકાઉ વિકાસ લક્ષ્યાંકો પ્રાપ્ત કરવાની ગતિને વેગ આપશે. - ***નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

નિર્ણય: કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થા અને પેન્શનરો માટે મોંઘવારી રાહતમાં વધારાને મંજૂરી આપવામાં આવી છે.

અસર: આ નિર્ણય 1 જુલાઈ, 2026 થી અમલી બનશે. તેનાથી કેન્દ્ર સરકારના આશરે 48.54 લાખ કર્મચારીઓ અને 68.71 લાખ પેન્શનરોને લાભ થશે.

- વધતી જતી મોંઘવારીની ભરપાઈ કરવા માટે વર્તમાન દરમાં 3%નો વધારો કરવામાં આવ્યો છે.
- મોંઘવારી ભથ્થા અને મોંઘવારી રાહત બંનેમાં થયેલા આ વધારાને કારણે સરકારી તિજોરી પર વાર્ષિક ₹.10016.10 કરોડનો બોજ પડશે.
- આ વધારો 7મા કેન્દ્રીય પગાર પંચની ભલામણો અનુસાર મંજૂર કરાયેલા સૂત્ર પર આધારિત છે.

નિર્ણય: કેન્દ્રીય મંત્રીમંડળે વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક રમતગમતના સાધનોના ઉત્પાદન માટેની ઈકોસિસ્ટમ વિકસાવવા 'ખેલો ઈન્ડિયા સ્પોર્ટ્સ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરિંગ સ્કીમ'ને મંજૂરી આપી છે.

અસર: આ યોજનાનો ઉદ્દેશ્ય રોકાણ, ઉત્પાદન, નવીનતા અને નિકાસને વેગ આપવાનો છે, સાથે જ રમતગમતના સાધનોના ક્ષેત્રમાં ભારતની વૈશ્વિક સ્થિતિને મજબૂત કરવાનો છે.

- આ યોજના રોકાણ, ટેક્નોલોજી અપનાવવા, સંશોધન અને નવીનતા, કૌશલ્ય વિકાસ, ગુણવત્તા પ્રમાણપત્ર અને બજાર વિકાસ માટે લક્ષિત સહાય પૂરી પાડીને ભારતના રમતગમતના સાધનોના ઉત્પાદન આધારને મજબૂત કરવા માંગે છે.
- આ યોજના વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક રમતગમતના સાધનોના ઉદ્યોગના વિકાસમાં મદદ કરશે અને વૈશ્વિક સપ્લાય ચેઈનમાં ભારતની સ્થિતિને મજબૂત બનાવશે.
- વર્ષ 2026 થી 2033-34 ના સમયગાળા માટે કુલ ખર્ચની જોગવાઈ 1856.67 કરોડ છે. આ યોજનાની જાહેરાત કેન્દ્રીય બજેટ 2026-27 માં કરવામાં આવી હતી.

કેબિનેટના નિર્ણયો અંગેની પ્રેસ બ્રીફિંગ જોવા માટે QR કોડ સ્કેન કરો

નિર્ણય: ₹.10000 કરોડના બજેટ સાથે 'કન્ટેનર મેન્યુફેક્ચરિંગ પ્રમોશન સ્કીમ' (CMPS) ને મંજૂરી આપવામાં આવી છે, જે નાણાંકીય વર્ષ 2039-40 સુધી અમલમાં રહેશે.

અસર: આ યોજનાનો ઉદ્દેશ્ય ભારતમાં વિશ્વસ્તરીય અને સ્પર્ધાત્મક કન્ટેનર ઉત્પાદન ઈકોસિસ્ટમ ઊભી કરવાનો, આયાત પરની નિર્ભરતા ઘટાડવાનો અને સપ્લાય ચેઈનને વધુ મજબૂત બનાવવાનો છે.

- આ યોજના નવા ઉત્પાદન એકમોને સમર્થન આપવા અને હાલની કન્ટેનર ઉત્પાદન સુવિધાઓના વિસ્તરણમાં મદદ કરવા માટે છે.
- વાર્ષિક સ્થાનિક કન્ટેનર ઉત્પાદન ક્ષમતામાં લગભગ દસ ગણો વધારો થવાની અપેક્ષા છે, જે 7.5 લાખ TEUs (ટ્વેન્ટી-ફૂટ ઈક્વિવેલન્ટ યુનિટ્સ) સુધી પહોંચી શકે છે.
- આનાથી આંતરરાષ્ટ્રીય સ્તરે સ્પર્ધાત્મક ઉત્પાદન આધાર તૈયાર થશે, જે ભારતને ઉચ્ચ ગુણવત્તા વાળા શિપિંગ કન્ટેનર માટે વૈશ્વિક નિકાસ કેન્દ્ર તરીકે સ્થાપિત કરવાની ક્ષમતા ધરાવે છે.
- તે ભારતની દરિયાઈ અને લોજિસ્ટિક્સ સપ્લાય ચેઈનની કાર્યક્ષમતાને વધુ મજબૂત બનાવશે.
- આ યોજના થી અંદાજે 3000 પ્રત્યક્ષ અને 50000 થી વધુ પરોક્ષ રોજગારીનું સર્જન થશે. સાથે જ, તે કોર્નર કાસ્ટિંગ્સ, વિશિષ્ટ સ્ટીલ, લાકડાના ફ્રેમ અને પેઇન્ટ્સ જેવી આનુષંગિક ઉદ્યોગોને પણ પ્રોત્સાહન પૂરું પાડશે.
- 'કન્ટેનર મેન્યુફેક્ચરિંગ પ્રમોશન સ્કીમ'ની જાહેરાત કેન્દ્રીય બજેટ 2026-27 માં કરવામાં આવી હતી.



પીએમ આવાસ-ગ્રામીના 10 વર્ષ



સ્થિરતા... તક...
અને ભવિષ્યની ઉજ્જવળ આશા

પોતાનું ઘર હોવું કોઈપણ પરિવાર માટે સુરક્ષા, ખુશી અને ગરિમા લઈને આવે છે. આથી જ, પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ કેન્દ્ર સરકાર માત્ર આર્થિક સહાય જ નથી આપતી, પરંતુ વીજળી, પાણી, શૌચાલય અને ગેસ કનેક્શન જેવી સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવે છે. છેલ્લા એક દાયકામાં દેશમાં ગ્રામીણ આવાસ ક્ષેત્રે થયેલી પ્રગતિ એ પરિવર્તન અને ગરિમાની ગાથા છે. પ્રધાનમંત્રી આવાસ યોજના - ગ્રામીણનો ઉદ્દેશ્ય વર્ષ 2029 સુધીમાં 4.95 કરોડ (49.5 મિલિયન) ઘરો પૂરા પાડવાનો છે.

ઘર એ માત્ર ઈંટો અને સિમેન્ટ થી બનેલું માળખું નથી; તે આપણી લાગણીઓ અને આકાંક્ષાઓ સાથે ગાઢ રીતે જોડાયેલું છે. ઘરની દીવાલો સુરક્ષા પૂરી પાડે છે અને સાથે જ આત્મવિશ્વાસ તથા ઉજ્જવળ આવતીકાલ પ્રત્યેની શ્રદ્ધા જગાડે છે. આ ભાવના અને વિશ્વાસને ધ્યાનમાં રાખીને, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 20 નવેમ્બર, 2016 ના રોજ ઉત્તર પ્રદેશના આગ્રા થી પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ (PMAY-G) નો શુભારંભ કર્યો હતો. છેલ્લા એક દાયકામાં, PMAY-G હેઠળ 3.91 કરોડ ઘરોને મંજૂરી આપવામાં આવી છે; 3 ઓગસ્ટ, 2024 સુધીમાં તેમાંથી 3.12 કરોડ ઘરોનું નિર્માણ પૂર્ણ થઈ ગયું છે અને તે લાભાર્થીઓને ફાળવી દેવામાં આવ્યા છે. હાલમાં, 79 લાખ ઘરોનું બાંધકામ ચાલી રહ્યું છે. આ ઘરો સુરક્ષિત અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત હોય તે સુનિશ્ચિત કરવા માટે, ભારત સરકારે ગ્રામીણ વિસ્તારોમાં લગભગ 4 લાખ કડિયાઓને તાલીમ પણ આપી છે. વધુમાં, આ યોજના હેઠળ નિર્ધારિત લક્ષ્યાંકોના ઓછા માં ઓછા 60 ટકા હિસ્સો અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) ના પાત્ર લાભાર્થીઓ માટે અનામત રાખવામાં આવ્યો છે.

મહિલા સશક્તિકરણ

PMAY-U 2.0 હેઠળ, કેન્દ્રીય સહાય થી બાંધવામાં આવેલા અથવા ખરીદવામાં આવેલા મકાનો પરિવારની પુખ્ત મહિલા વડાના નામે, અથવા પરિવારના પુરુષ વડા અને તેમની પત્નીના સંયુક્ત નામે હોવા જોઈએ. માત્ર એવા કિસ્સાઓમાં જ જ્યાં પરિવારમાં કોઈ પુખ્ત મહિલા સભ્ય ન હોય, ત્યાં મકાન પુરુષ સભ્યના નામે હોઈ શકે છે. જુલાઈ 2026 સુધીમાં, PMAY-U 2.0 હેઠળ 16.20 લાખ મકાનો મંજૂર કરવામાં આવ્યા છે, જેમાંથી 12.52 લાખ મકાનો મહિલાઓના નામે મંજૂર થયા છે. વધુમાં, પ્રધાનમંત્રી આવાસ યોજના-અર્બન (PMAY-U) હેઠળ મંજૂર કરાયેલા 1.27 કરોડ થી વધુ મકાનો માંથી, 1 કરોડ મકાનો મહિલાઓના નામે મંજૂર

AI દ્વારા ગ્રામીણ આવાસની દેખરેખ



પ્રધાનમંત્રી આવાસ યોજના - ગ્રામીણ (PMAY-G) હેઠળ, કેન્દ્ર સરકાર એ સુનિશ્ચિત કરી રહી છે કે બાંધવામાં આવેલું દરેક ઘર વાસ્તવિક હોય અને દરેક લાભાર્થીની ચકાસણી કરવામાં આવી હોય. આ હેતુસર, દેખરેખ પ્રક્રિયામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને મશીન લર્નિંગ (ML) સાધનોનો ઉપયોગ કરીને નવા આયામો જોડવામાં આવ્યા છે.

- ઓળખ પ્રણાલીઃ AI મોડેલો દિવાલો, છત, દરવાજા અને બારીઓ જેવી માળખાકીય સુવિધાઓ ઓળખવા માટે અપલોડ કરેલા ફોટોગ્રાફ્સનું વિશ્લેષણ કરે છે. આ ખાતરી કરે છે કે ફક્ત અધિકૃત અને સંપૂર્ણ રીતે બાંધેલા ઘરોને જ સંપૂર્ણ તરીકે માન્ય કરવામાં આવે છે.

- છેતરપિંડી નિવારણઃ મશીન લર્નિંગ અલ્ગોરિધમ્સ સમાન વિસ્તારની અંદરના ઘરોના ફોટોગ્રાફ્સની તુલના કરે છે. જો સમાનતાઓ મળી આવે, તો સિસ્ટમ ડુપ્લિકેશન અથવા છેતરપિંડી રિપોર્ટિંગને રોકવા માટે ચેતવણી ટ્રિગર કરે છે.

- ફેશિયલ ઓથેન્ટિકેશન અને ઈ-કેવાયસીઃ લાભાર્થીઓને આધાર આધારિત, AI - સક્ષમ ફેશિયલ ઓથેન્ટિકેશન દ્વારા ચકાસવામાં આવે છે. 'આવાસ+ 2024' મોબાઈલ એપ્લિકેશન 3D હાઉસ ડિઝાઈન જેવી નવીન સુવિધાઓ સાથે આધાર - આધારિત ફેસ ઓથેન્ટિકેશનને એકીકૃત કરીને લાભાર્થી ઓળખમાં પારદર્શિતાને વધુ વધારે છે.

> ***પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ, કરોડો લાભાર્થીઓને તેમના પોતાના પાકાં ઘર મળી ચૂક્યાં છે. જરૂરિયાતમંદ દરેક પરિવારને ઘર પૂરું પાડવાના લક્ષ્ય પ્રત્યે સંપૂર્ણ પ્રતિબદ્ધતા સાથે, સરકાર ખૂબ જ ઝડપથી આગળ વધી રહી છે.***
>
> ***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

પ્રધાન મંત્રી આવાસ યોજના – શહેરી (PMAY-U)

દેશના શહેરી વિસ્તારોમાં આર્થિક રીતે નબળા વર્ગ (EWS) અને ઓછી આવક ધરાવતા જૂથ (LIG) જેવી શ્રેણીઓ માટે 1.12 કરોડ ઘરોની માંગ ઓળખવામાં આવી હતી. 25 જૂન, 2015 ના રોજ શરૂ કરાયેલ 'પ્રધાનમંત્રી આવાસ યોજના - શહેરી 1.0' (PMAY-U 1.0) અને 'પીએમએવાય-યુ 2.0' હેઠળ, કુલ 127.68 લાખ ઘરો મંજૂર કરવામાં આવ્યા છે (જેમાં પીએમએવાય-યુ 1.0 હેઠળ 111.48 લાખ ઘરો અને પીએમએવાય - યુ 2.0 હેઠળ 16.20 લાખ ઘરોનો સમાવેશ થાય છે). આમાંથી, 121.03 લાખ ઘરોનું બાંધકામ શરૂ થઈ ચૂક્યું છે. 13 જુલાઈ, 2026 સુધીમાં, દેશભર માં 99.07 લાખ (9.907 મિલિયન) આવાસ એકમોનું બાંધકામ પૂર્ણ થઈ ગયું છે અને તે લાભાર્થીઓને સોંપી દેવામાં આવ્યા છે.

કરવામાં આવ્યા છે. રાષ્ટ્ર 'વિકસિત ભારત' ના લક્ષ્ય સાથે આગળ વધી રહ્યું છે, જેમાં સશક્ત ગ્રામીણ વસ્તી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આવનારા વર્ષો ગ્રામીણ ક્ષેત્રમાં વ્યાપક આવાસ સુવિધા પૂરી પાડવાની દિશામાં એક નિર્ણાયક તબક્કો સાબિત થશે. પ્રથમ અને બીજા તબક્કા હેઠળ 3.12 કરોડ મકાનોનું નિર્માણ કાર્ય પૂર્ણ થઈ ચૂક્યું છે. આવાસની જોગવાઈને ગરિમા, સશક્તિકરણ અને આવશ્યક સુવિધાઓ સાથે જોડીને, આ પહેલે લાખો લોકોના જીવનમાં પરિવર્તન આણ્યું છે. આ પ્રગતિ એ સુનિશ્ચિત કરે છે કે દરેક પાત્ર પરિવાર પાસે પોતાનું કાયમી ઘર હોય. વર્ષ 2029 સુધીના સ્પષ્ટ રોડ મેપ સાથે, આ યોજના ગ્રામીણ ભારતમાં 'સૌ માટે આવાસ' ના વિઝનને સાકાર કરશે. ■



RBIના ડેટા સેન્ટર અને સાયબર સુરક્ષા તાલીમ સંસ્થાનનું ઉદ્ઘાટન

સુશાસન દ્વારા સંતુલિત

વિકાસ

ભારત દૂરના વિસ્તારોમાં વધુ સારી માળખાકીય સુવિધાઓના નિર્માણની ગતિ વધારી રહ્યું છે, ગરીબ પરિવારો માટે ગરિમાપૂર્ણ જીવન જીવવા માટેની સુવિધાઓ સુનિશ્ચિત કરી રહ્યું છે, ડિજિટલ જોડાણને પ્રોત્સાહન આપી રહ્યું છે અને સાથે સાથે સુરક્ષિત નાણાંકીય સમાવેશને પણ વેગ આપી રહ્યું છે. નાગરિકોમાં એવો વિશ્વાસ જગાડવા માટે વિવિધ સેવાઓ અને સંસાધનો વિકસાવવામાં આવી રહ્યા છે કે તેઓ રાષ્ટ્રની વિકાસ યાત્રામાં પાછળ રહી જશે નહીં. આ પ્રયાસોની સાથે, ભારત પોતાની નાણાંકીય વ્યવસ્થાની સુરક્ષાને પણ મજબૂત બનાવી રહ્યું છે. આ પહેલના ભાગ રૂપે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 25 ઓક્ટોબરે ઓડિશામાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના નવનિર્મિત ડેટા સેન્ટર અને સાયબર સુરક્ષા તાલીમ સંસ્થાનનું ઉદ્ઘાટન કર્યું.

વર્તમાન સરકાર નો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોના જીવનને સરળ બનાવવાનો અને તેમના સપનાઓને સાકાર કરવા માટે નવી તકો ઊભી કરવાનો છે. આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે ભારતમાં શાસન પ્રણાલી ઝડપી પરિવર્તનના તબક્કા માંથી પસાર થઈ રહી છે. ભારતીય રિઝર્વ બેંક દ્વારા આપવામાં આવેલી આ નવી સુવિધાઓ રાષ્ટ્ર માટેની નવી પ્રાથમિકતાઓને દર્શાવે છે. આજે, સરકારનું ધ્યાન વિકાસને પ્રાથમિકતા આપવા, તેનો વ્યાપ વિસ્તારવા અને એ સુનિશ્ચિત કરવા પર છે કે વિકાસના લાભો સમાજના છેલ્લા માં છેલ્લા વ્યક્તિ સુધી પહોંચે. દાયકાઓ સુધી, વિકાસના ફળ દરેક પ્રદેશ અને દરેક નાગરિક સુધી સમાન રીતે પહોંચે તે સુનિશ્ચિત કરવું એક મોટો પડકાર રહ્યો હતો. અમે આ પરિસ્થિતિને બદલવાનો પ્રયાસ કર્યો છે. અમારું મોડેલ જન - કેન્દ્રિત, સક્રિય અને સુશાસન માટે પ્રતિબદ્ધ છે. અમારા મતે, વિકાસ એટલે ભારતની સમાન પ્રગતિ, જેમાં આપણાં ગામડાંઓ અને નાના નગરો સુધી પણ સમાન તકો પહોંચે. અમારું લક્ષ્ય છે કે દુર્ગમ વિસ્તારોને વધું સારું જોડાણ પૂરું પાડવું, ગરીબ પરિવારોને ગરિમાપૂર્ણ જીવન જીવવા માટે જરૂરી સુવિધાઓ આપવી અને દરેક નાગરિકને સતત એવો વિશ્વાસ અપાવવો કે રાષ્ટ્રની વિકાસ યાત્રામાં તેઓ પાછળ રહી જશે નહીં.

બેંકિંગ બનશે વધુ વિશ્વસનીય અને સુરક્ષિત

છેલ્લા એક દાયકામાં, ભારતે બેંકિંગ પ્રણાલીમાંથી અગાઉ બાકાત રહી ગયેલા લોકોને ઔપચારિક નાણાંકીય વ્યવસ્થામાં સામેલ કરવા પર ધ્યાન

પૂર્વ ભારત: વિકસિત ભારત માટે એક શક્તિશાળી એન્જિન


ભુવનેશ્વરમાં આયોજિત એક કાર્યક્રમમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પુનરોચ્ચાર કર્યો કે 'વિકસિત ભારત' ના નિર્માણ માં પૂર્વ ભારત વિકાસના એક શક્તિશાળી એન્જિન તરીકે કામ કરશે. વર્તમાન સરકારના નેતૃત્વ હેઠળ, ઓડિશામાં વિકાસલક્ષી પહેલોને નવી ગતિ મળી છે. ખનિજ - આધારિત પરંપરાગત ઉદ્યોગોની સાથે, રાજ્ય હવે સેમિકન્ડક્ટર્સ, ઈલેક્ટ્રોનિક્સ, ડેટા સેન્ટર્સ અને એડવાન્સ્ડ કમ્પ્યુટિંગ માટે નવી ઈકોસિસ્ટમ વિકસાવી રહ્યું છે. ખાણો થી લઈને માઈક્રોચિપ્સ સુધીની આ વિકાસ યાત્રા દ્વારા, ઓડિશા ભવિષ્ય માટે નોંધપાત્ર તકોનું સર્જન કરી રહ્યું છે. પ્રધાનમંત્રી મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે વિકાસના આ ઉભરતા ક્ષેત્રો અનેકવિધ તકોના દ્વાર ખોલશે.

પીએમ મોદીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો

કેન્દ્રિત કર્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે આગામી દાયકો બેંકિંગ સેવાઓને વધુ કાર્યક્ષમ અને વિશ્વસનીય બનાવવા માટે સમર્પિત હશે. આ પ્રક્રિયામાં ઓડિશામાં સ્થિત ડેટા સેન્ટર જેવા નવા ડેટા સેન્ટરો અને સક્ષમ કમ્પ્યુટિંગ સિસ્ટમ્સ મદદરૂપ થશે. પ્રધાનમંત્રી નોંધ્યું કે આધુનિક યુદ્ધ હવે માત્ર પરંપરાગત શસ્ત્રો થી જ લડાતું નથી; કોઈ રાષ્ટ્રની અર્થવ્યવસ્થાને નિશાન બનાવીને પણ તેને નબળું પાડી શકાય છે. જેમ-જેમ ભારત આર્થિક રીતે વધુ મજબૂત બની રહ્યું છે, તેમ-તેમ આપણી બેંકિંગ પ્રણાલીને સાયબર ગુનેગારો અને સાયબર આતંકવાદીઓથી સુરક્ષિત રાખવી અનિવાર્ય બની ગઈ છે. સાયબર જોખમોનું સ્વરૂપ સતત બદલાઈ રહ્યું છે, અને આ નવા પડકારોનો સામનો જૂની થઈ ગયેલી પ્રણાલીઓ, તાલીમ પદ્ધતિઓ કે સાધનો દ્વારા કરી શકાતો નથી. આ માટે આધુનિક માળખાકીય સુવિધાઓ અને કુશળ કાર્યબળની જરૂર છે – એવા ક્ષેત્રોમાં જ્યાં સાયબર સુરક્ષા માટેની સમર્પિત સંસ્થા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

સરકારી સહાયની વહેંચણીમાં થતી લીકેજ દૂર કરવી

પ્રધાનમંત્રી મોદીએ ધ્યાન દોર્યું કે 2014 સુધી, અડધા થી વધુ વસ્તી બેંકિંગ પ્રણાલીની બહાર હતી. મધ્યમ વર્ગ માટે બેંક લોન મેળવવી એ એક દૂરનું સ્વપ્ન હતું, જ્યારે નાના ખેડૂતો, જમીન વિહોણા લોકો અને મહિલાઓ માટે તો તે લગભગ અકલ્પનીય હતું. નાણાકીય સમાવેશના આધુનિક યુગે સમગ્ર દેશમાં આ સ્થિતિને બદલી નાખી છે. આજે, ભારતમાં ડિજિટલ બેંકિંગ દરેક વ્યક્તિને 24/7 નાણાંકીય સેવાઓ સુધી પહોંચ પૂરી પાડે છે, જેનાથી દરેક પરિવાર તેનો લાભ લઈ શકે છે. સરકારી સહાયના વિતરણ માં થતી



"જેમની પાસે બેંકમાં ગીરો મૂકવા માટે કોઈ સંપત્તિ નથી, તેઓ પણ હવે પોતાનો વ્યવસાય શરૂ કરવા માટે સરળતાથી અને પોસાય તેવા દરે લોન મેળવી શકે છે. નાના પાયાના ઉદ્યોગસાહસિકોથી લઈને પરંપરાગત કારીગરો સુધી, અને ફેરિયાઓથી લઈને અસંગઠિત ક્ષેત્રના કામદારો સુધી–આ તમામ લોકોને પ્રથમ વખત ઔપચારિક બેંકિંગ વ્યવસ્થાના લાભો મળ્યા છે.


- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

ગેરરીતિઓ સંપૂર્ણ પણે નાબૂદ થઈ ગઈ છે; કેન્દ્ર સરકાર દ્વારા મોકલવામાં આવેલો દરેક રૂપિયો હવે કોઈ પણ કપાત વિના સીધો લાભાર્થીના ખાતામાં જમા થાય છે. આ શક્ય બન્યું છે, જેનું મુખ્ય કારણ દેશભર માં ખોલવામાં આવેલા લગભગ 60 કરોડ (600 મિલિયન) 'જન ધન' ખાતાઓ છે. ■

ભારતના સમાર્થ્યથી વધશે વિશ્વનું સામર્થ્ય

'વિકસિત ભારત'નો સંકલ્પ એ માત્ર 1.4 અબજ નાગરિકોની આકાંક્ષાઓની પૂર્તિ જ નથી; તે એક શાંતિપૂર્ણ અને સમૃદ્ધ વિશ્વ માટેની ગેરંટી પણ છે. ભારત હવે માત્ર વિશ્વનું 'બેક ઓફિસ' નથી રહ્યું; તે વિકસીને એક 'બ્રેઈન ઓફિસ' એટલે કે નવીનતા અને ઉકેલોના એક મુખ્ય કેન્દ્ર - તરીકે ઉભરી આવ્યું છે, જેના દ્વારા તે સમગ્ર માનવજાતને સશક્ત બનાવી રહ્યું છે. NDTV વર્લ્ડ સમિટમાં પોતાના સંબોધન દરમિયાન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બદલાતી વૈશ્વિક વ્યવસ્થાના સંદર્ભમાં મજબૂત આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની તાતી જરૂરિયાત પર અને 'ગ્લોબલ સાઉથ' માટે એક પ્રબળ અવાજ હોવાના મહત્વ પર ભાર મૂક્યો હતો.

> ***વિકસિત ભારત માત્ર આપણા પોતાના માટે જ નથી; તે એક બહેતર વિશ્વ માટેની ગેરંટી છે.***
>
> ***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***



22 ઓક્ટોબરે યોજાયેલા 'NDTV વર્લ્ડ સમિટ'માં, પ્રધાનમંત્રીએ નોંધ્યું કે વૈશ્વિક પરિવર્તનો હવે સામાન્ય માણસના રોજિંદા જીવન પર સીધી અસર કરી રહ્યા છે. આ પરિવર્તનના વાસ્તવિક પરિણામો આંતરરાષ્ટ્રીય મંચોની વધતી જતી આવશ્યકતાને રેખાંકિત કરે છે. 'ધ વર્લ્ડ બિટવીન ઓર્ડર્સ' (અવ્યવસ્થા અને નવી વ્યવસ્થા વચ્ચે ફસાયેલું વિશ્વ) - આ વિષય પર ધ્યાન કેન્દ્રિત કરતા, પ્રધાનમંત્રી મોદીએ વૈશ્વિક સમુદાયને ગંભીરતાથી વિચારવા અનુરોધ કર્યો કે વર્તમાન વિશ્વ વ્યવસ્થામાં શા માટે પરિવર્તન આવી રહ્યું છે અને શા માટે જૂની વ્યવસ્થાઓ સમકાલીન સંકટોનો ઉકેલ લાવવામાં નિષ્ફળ જઈ રહી છે.

વેપાર, ટેક્નોલોજી અને દરિયાઈ માર્ગો - જે એક સમયે રાષ્ટ્રોને જોડનારા માધ્યમો હતા - તેનો હવે હથિયાર તરીકે ઉપયોગ થઈ રહ્યો છે. આ સંદર્ભ માં, એક એવી સર્વસમાવેશી વૈશ્વિક વ્યવસ્થા સ્થાપિત કરવી અત્યંત આવશ્યક છે, જે સંસ્થાકીય નિર્ણય લેવાની પ્રક્રિયાઓને વર્તમાન વાસ્તવિકતાઓ સાથે અસરકારક રીતે જોડી શકે. પ્રધાનમંત્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું, "અને આ પરિસ્થિતિમાં જ ભારતની ભૂમિકાનો પ્રશ્ન સામે આવે છે." તેમણે વધુમાં કહ્યું, "જો સદી બદલાય છે પરંતુ આપણે નથી બદલાતા, તો પરિવર્તન લાવવાની આપણી ક્ષમતા અનિવાર્યપણે ઘટી જાય છે." તેથી, એ અત્યંત અનિવાર્ય છે કે ઉભરી રહેલી વૈશ્વિક વ્યવસ્થા અંતર્ગત બહુપક્ષીય સંસ્થાઓમાં સુધારો કરવા માં આવે અને 'ગ્લોબલ સાઉથ' ને તુરંત જ તેનું યોગ્ય સ્થાન આપવા માં આવે.

પ્રધાનમંત્રીએ અનેક મહત્વપૂર્ણ ઐતિહાસિક સિદ્ધિઓ પર પ્રકાશ પાડ્યો


300 ગીગાવોટ

ભારત પ્રથમ વખત બિન - અશ્મિભૂત ઇંધણ સ્ત્રોતો માંથી વીજળી ઉત્પાદન ક્ષમતાના આ સીમાચિહ્નને પાર કરી ચૂક્યું છે.



- સપ્ટેમ્બર મહિના માં માલસામાનની નિકાસ માં 25% નો વધારો નોંધાયો હતો.
- છેલ્લા 12 વર્ષ માં દરિયાઈ ખાદ્ય ઉત્પાદનોની નિકાસ બમણાં થી પણ વધુ થઈ ગઈ છે.
- 3.5 કરોડ થી વધુ મહિલાઓ 'લખપતિ દીદી' બની છે; 6 કરોડ સુધી પહોંચવાનો લક્ષ્યાંક છે.
- 'પીએમ વિકસિત ભારત રોજગાર યોજના' હેઠળ 70 લાખ નવી નોકરીઓનું સર્જન થઈ રહ્યું છે.
- વાર્ષિક 12 લાખ રૂપિયા સુધીની આવક પર શૂન્ય ટેક્સ હોવાથી મધ્યમ વર્ગને લાભ મળી રહ્યો છે.
- સંશોધન પ્રકાશનોની બાબતમાં ભારત વૈશ્વિક સ્તરે ત્રીજા ક્રમે છે.
- વર્ષ 2025 માં 1.5 લાખ પેટન્ટ અરજીઓ દાખલ કરવામાં આવી હતી.
- ચિપ ડિઝાઈન ક્ષેત્રમાં વૈશ્વિક કાર્યબળના 20% ભારત માં સ્થિત છે.
- ભારતીય એન્જિનિયરો 2 થી 3 નેનોમીટરની ચિપ્સની ડિઝાઈન તૈયાર કરવામાં સક્રિય પણે જોડાયેલા છે.
- દેશભરના વિદ્યાર્થીઓએ અત્યાર સુધી માં 325 થી વધુ ચિપ ડિઝાઈનો વિકસાવી છે.
- વિશ્વના અડધા થી વધુ ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ (GCCs) ભારતમાં આવેલા છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એક ઉદાહરણ દ્વારા સમજાવ્યું કે કેવી રીતે ભવિષ્યની કટોકટીઓ માટે તૈયાર રહેવા ઘડાયેલી સરકારી નીતિઓ પાછળની દૂરંદેશી અને લાંબા ગાળાના રોકાણોએ ફાર્માસ્યુટિકલ ઉદ્યોગને આત્મનિર્ભરતા તરફ આગળ વધવા સક્ષમ બનાવ્યો છે, જે ઉદ્યોગ અગાઉ કાચા માલ માટે મોટા પાયે આયાત પર નિર્ભર હતો. પ્રોડક્શન લિંક્ડ ઇન્સેન્ટિવ (PLI) યોજનાએ આ પરિવર્તન માં નોંધ પાત્ર ભૂમિકા ભજવી છે. પ્રધાનમંત્રી મોદીએ નવીનતા ને પ્રોત્સાહન આપવા, નવા માર્ગો શોધવા, પડકારોને અવસરો માં બદલવા અને ભારતીય સફળતાને વૈશ્વિક સમૃદ્ધિ સાથે જોડવા માટે દૃઢ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, "આપણે મોટા સપના જોઈશું, દરેક પડકારને તક માં પરિવર્તિત કરીશું અને ખાતરી કરીશું કે આપણે કરેલો દરેક સંકલ્પ સિદ્ધ થાય."



પીએમ મોદીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.

શક્તિશાળી રાષ્ટ્રોએ નબળા રાષ્ટ્રોનું શોષણ ન કરવું જોઈએ. આ દૃષ્ટિકોણ થી પ્રેરાઈને, ભારતે કોવિડ - 19 મહામારી દરમિયાન 100 થી વધુ દેશોને રસીઓ અને દવાઓ પૂરી પાડવાની પહેલ કરી હતી. 'સબકા સાથ, સબકા વિકાસ' ના મૂળ સિદ્ધાંતને વળગી રહીને, ભારતે જી - 20 અને બ્રિક્સ શિખર સંમેલનો દરમિયાન સર્વ સંમતિ સાધી હતી, અને બંને પ્રસંગોએ સર્વસંમતિ થી 'દિલ્હી ઘોષણાપત્ર' સ્વીકારવા માં સફળતા મેળવી હતી. ભારતની વધતી જતી શક્તિને સીધી રીતે વૈશ્વિક કલ્યાણ સાથે જોડતા, પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે દેશની નીતિઓ ક્ષણિક પરિસ્થિતિઓથી પ્રેરિત થવાને બદલે, લાંબા સમય થી ચાલ્યા આવતા સભ્યતાગત મૂલ્યો પર આધારિત છે. તેથી, એક મજબૂત ભારત વૈશ્વિક સ્થિરતા અને સાતત્ય માટેની ગેરંટી સમાન છે. ■



વિકસિત ભારતનો પાયો...

વૈજ્ઞાનિક સંશોધન અને નવીનતા

'વિકસિત ભારત'નો 'સંકલ્પ થી સિદ્ધિ' નો મંત્ર વૈજ્ઞાનિક સંશોધન, મૌલિક શોધખોળો અને નવીનતાના મજબૂત પાયા પર ટકેલો છે. ભારતે માત્ર નવી શોધખોળોને અપનાવવી જ નહીં, પરંતુ ભવિષ્યની ટેક્નોલોજીની દિશા નક્કી કરીને વિશ્વનું નેતૃત્વ પણ કરવું જોઈએ. વધુમાં, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ જેવી ઝડપથી વિકસતી ટેક્નોલોજીના યુગમાં, નવીનતાની ગતિની સાથે સાથે વિશ્વસનીયતા, સચોટતા અને તથ્યોની પ્રમાણભૂતતા જાળવી રાખવી અત્યંત આવશ્યક છે. આ જ ઉદ્દેશ્યને ધ્યાનમાં રાખીને, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 27 ઓક્ટોબરે 'ઇમર્જિંગ સાયન્સ, ટેક્નોલોજી એન્ડ ઇનોવેશન કોન્ક્લેવ 2026' નું ઉદ્ઘાટન કર્યું.

ભારતના યુવાનો જે મહત્વાકાંક્ષા અને આત્મવિશ્વાસ સાથે આગળ વધી રહ્યા છે, તે ખરેખર પ્રોત્સાહક છે. ભૂતકાળમાં, ભારત ઘણીવાર અન્યનું અનુકરણ કરતું હતું અને વિદેશી આવિષ્કારો તેમના ઉદ્ભવના વર્ષો પછી અપનાવતું કે તેને અનુકૂળ બનાવતું હતું. આજે, ભારત વૈશ્વિક પડકારોના ઉકેલ માટે સ્વદેશી તકનીકો વિકસાવવાના લક્ષ્ય સાથે આગળ વધી રહ્યું છે. ભારતીય વૈજ્ઞાનિકોએ અસાધારણ સિદ્ધિઓ હાંસલ કરી છે – જેમાં પ્રથમ પ્રયાસમાં જ મંગળ ગ્રહ સુધી પહોંચવા થી લઈને ચંદ્રના અશોધિત દક્ષિણ ધ્રુવ પર સફળતાપૂર્વક ઉતરાણ કરવા સુધીનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રી મોદીએ ભાર પૂર્વક જણાવ્યું હતું કે ભારતે ભવિષ્યની તકનીકોને અપનાવવી જોઈએ, હિંમતભેર નવા આવિષ્કારો કરવા જોઈએ અને આવી તકનીકોના સર્જનમાં વૈશ્વિક નેતૃત્વ લેવું જોઈએ.


ભારત પાસે શોધોનો સમૃદ્ધ વારસો છે, જેમાં શૂન્ય અને સંખ્યા પદ્ધતિની શોધ થી લઈને ખગોળશાસ્ત્રમાં થયેલી પ્રગતિ સુધીનો સમાવેશ થાય છે. આધુનિક ટેકનોલોજી અને આત્મવિશ્વાસની નવી ભાવનાથી સજ્જ થઈને, દેશ હવે આ વૈજ્ઞાનિક વારસાને આગળ વધારી રહ્યો છે. છેલ્લા એક વર્ષમાં હાંસલ કરવામાં આવેલી અનેક સિદ્ધિઓ આ પ્રગતિની સાક્ષી પૂરે છે.

લેબ ટેક્નોલોજીસ

સરકારે પ્રયોગશાળાની તકનીકોમાં રૂ.12000 કરોડનું રોકાણ કર્યું છે, જ્યારે ખાનગી રોકાણકારોએ પણ છેલ્લા એક વર્ષમાં વધારાના રૂ.12000 કરોડનું યોગદાન આપ્યું છે. આમ, માત્ર એક જ વર્ષમાં સંશોધન અને વિકાસ પાછળ કુલ રૂ.24000 કરોડ ખર્ચવા માં આવ્યા છે.

છેલ્લા એક વર્ષમાં મળેલી સફળતાઓ...

- વાર્ષિક પેટન્ટની સંખ્યા 150000 ને પાર કરી ગઈ છે - જે એક દાયકા પહેલાંની 50000 થી ઓછી સંખ્યાની સરખામણીમાં નોંધપાત્ર વધારો છે.
- સ્વદેશી 500 - મેગાવોટના પ્રોટોટાઈપ ફાસ્ટ બ્રીડર રિએક્ટરે સફળતા પૂર્વક 'ફર્સ્ટ ક્રિટિકાલિટી' (એવો તબક્કો જ્યાં સતત પરમાણુ શૃંખલા પ્રતિક્રિયા શરૂ થાય છે) પ્રાપ્ત કરી લીધી છે.
- ભારતની એક અવકાશ સ્ટાર્ટઅપ કંપનીએ 'મેડ - ઈન - ઈન્ડિયા' રોકેટનો ઉપયોગ કરીને, પોતાના પ્રથમ જ પ્રયાસમાં એક ઉપગ્રહને સફળતાપૂર્વક તેની ભ્રમણ કક્ષામાં સ્થાપિત કર્યો છે. દેશે 'સેટેલાઈટ ડોકિંગ' (અવકાશ માં બે ઉપગ્રહોને એક બીજા સાથે જોડવાની પ્રક્રિયા) કરવાની ક્ષમતા પણ હાંસલ કરી લીધી છે.
- આ દેશે 'AI ઈમ્પેક્ટ સમિટ'નું આયોજન કર્યું અને પોતાનું AI મોડેલ રજૂ કર્યું. વધુ માં, ભારતે દેશમાં નિર્મિત સેમિકન્ડક્ટર ચિપ્સની વૈશ્વિક સ્તરે નિકાસ કરવાનું શરૂ કર્યું છે.



ભવિષ્યને ઘડનારા ક્ષેત્રો

- સેમિકન્ડક્ટર, ક્વોન્ટમ ટેકનોલોજી, બાયોટેકનોલોજી, અદ્યતન સામગ્રી, રોબોટિક્સ, અવકાશ, સ્વચ્છ ઊર્જા, એઆઈ, કૃત્રિમ જીવવિજ્ઞાન અને સ્વાયત્ત પ્રણાલીઓ.

પ્રધાનમંત્રી મોદીએ પરિષદમાં ઉપસ્થિત દરેક સંશોધક, ઉદ્યોગ અગ્રણી, સ્ટાર્ટઅપ સ્થાપક અને વિદ્યાર્થીને ત્રણ વર્ષનું નક્કર લક્ષ્ય નક્કી કરવા અનુરોધ કર્યો.



AI આપણને ઝડપ થી જવાબો આપી શકે છે. જોકે, તે જવાબોની ચોકસાઈ ચકાસવાની જવાબદારી વૈજ્ઞાનિકની હોવી જોઈએ.

- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

પ્રધાનમંત્રી મોદીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે વિજ્ઞાનની સાચી સફળતા પ્રયોગશાળા થી આગળ વધવામાં રહેલી છે - સામાન્ય લોકોના જીવનમાં સુધારો લાવવામાં, મુખ્ય પડકારોનો ઉકેલ લાવવામાં અને આરોગ્ય સંભાળ, કૃષિ, શિક્ષણ, રોજગાર અને આપત્તિ વ્યવસ્થાપન જેવા ક્ષેત્રોમાં ક્ષમતાઓને મજબૂત બનાવવામાં. ભારતીય સ્ટાર્ટઅપ્સ આ ક્ષેત્રોને પ્રાથમિકતા આપી રહ્યા છે. તેમણે મગજની પ્રવૃત્તિ પર નજર રાખવા માટે પહેરી શકાય તેવી EEG ટેકનોલોજી, સ્વદેશી વાયરલેસ અને સેટેલાઈટ સંચાર પ્રણાલીઓ, વિશિષ્ટ પોષણ ઉત્પાદનો, અદ્યતન સેમિકન્ડક્ટર ટેકનોલોજીઓ અને સ્ટીલ સ્લેગ જેવા ઔદ્યોગિક કચરાનો પુનઃઉપયોગ કરતા ઉકેલો સહિત વિવિધ ક્ષેત્રોમાં કામ કરતી સ્ટાર્ટઅપ્સ અને સ્થાનિક કંપનીઓના ઉદાહરણો ટાંક્યા. ■



યમુના પુનર્જીવન પરિયોજનાઓ માટે ઉદ્ઘાટન અને શિલાન્યાસ સમારોહ

2029 સુધીમાં યમુના થશે સ્વચ્છ

દિલ્હી, હરિયાણા અને ઉત્તર પ્રદેશની રાજ્ય સરકારોના સહયોગથી, કેન્દ્ર સરકારે 2029 સુધીમાં યમુના નદીને સ્વચ્છ કરવા માટે એક રોડમેપ તૈયાર કર્યો છે. આ પહેલના ભાગરૂપે, કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે 22 ઓક્ટોબરે દિલ્હીમાં ₹.8941 કરોડના મૂલ્યની યમુના પુનરુત્થાન પરિયોજનાઓનું ઉદ્ઘાટન કર્યું અને તેનો શિલાન્યાસ કર્યો.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ માં, કેન્દ્ર સરકાર એક એવા દિલ્હીની કલ્પના કરે છે જ્યાં સુંદર ઘરો, શુદ્ધ પાણી અને સ્વચ્છ રસ્તાઓ હોય, અને જ્યાં કચરાના પહાડોનું અસ્તિત્વ ન હોય. આ શહેરમાં, એકવાર યમુના નદી શુદ્ધ થઈ જાય, તો તે દિલ્હી થી લઈને સંગમ સુધીના સમગ્ર માર્ગ પરના લોકો પર પોતાના આશીર્વાદ વરસાવી શકે છે. આ જ કારણસર, આ પરિયોજનાઓના ઉદ્ઘાટન અને શિલાન્યાસ સમારોહ દરમિયાન, કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અતૂટ સંકલ્પ સાથે આ મિશનને અપનાવ્યું છે. આજે, તે સંકલ્પનો એક મહત્વપૂર્ણ ભાગ સાકાર થઈ રહ્યો છે.

કેન્દ્રીય ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે આજે 10 પરિયોજનાઓનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે, જ્યારે અન્ય 33 પરિયોજનાઓ પર કામ શરૂ થયું છે. તેમણે સમજાવ્યું કે ₹.8941 કરોડના કુલ ખર્ચવાળી આ પરિયોજનાઓ દ્વારા



પરિવર્તન પામતી દિલ્હી

- પ્રધાનમંત્રી મોદીએ યમુનાને પ્રદૂષણમુક્ત બનાવવા માટે દિલ્હી સરકાર સમક્ષ એક કાર્ય યોજના રજૂ કરી હતી. આ યોજનાનું 40% કામ પહેલે થી જ પૂર્ણ થઈ ચૂક્યું છે.
- લગભગ 30 વર્ષો સુધી, દિલ્હીનું ગંદુ પાણી યમુના નદીમાં છોડવામાં આવતું હતું અને ડેરીઓ માંથી દરરોજ 2000 ટન છાણ નદીમાં ઠાલવવામાં આવતું હતું.
- કચરાના મોટા ઢગ લાંબા સમય થી રાજકીય દાવ પેચનો વિષય રહ્યા હતા. વર્તમાન દિલ્હી સરકારે કચરાના આ ઢગની ઊંચાઈ ઘટાડવા માટે નક્કર પગલાં લીધાં છે; બે વર્ષની અંદર, આ સ્થળોને બગીચાઓમાં ફેરવી દેવામાં આવશે.
- કેન્દ્ર સરકારની મદદ થી, દિલ્હી સરકારે 21.7 મિલિયન મેટ્રિક ટન કચરાનો નિકાલ કર્યો છે અને 100 એકર જમીન મુક્ત કરાવી છે.
- ઓખલા અને ભલસ્વા ખાતેના કચરાના ઢગની ઊંચાઈ 30 થી 40 મીટર જેટલી ઘટાડવામાં આવી છે, જ્યારે ગાઝીપુર લેન્ડફિલની ઊંચાઈ 10 થી 15 મીટર જેટલી ઘટાડવામાં આવી છે.

> *અમે દિલ્હીના દરેક ઘરને ગટર વ્યવસ્થા પૂરી પાડવા માટે ત્રણ વર્ષની કાર્યયોજના તૈયાર કરી છે, જેનાથી ગંદા પાણીનો યોગ્ય નિકાલ સુનિશ્ચિત થશે. તે જ સમયે, અમે દરેક ઘર સુધી શુદ્ધ પીવાનું પાણી પહોંચાડવા માટે પણ કામ કરી રહ્યા છીએ.*
>
> ***- અમિત શાહ, કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી***



લાખો લિટર પાણી શુદ્ધ થઈને યમુના નદીમાં વહેશે. આજે શરૂ કરાયેલી પહેલો દિલ્હીના વિવિધ વિસ્તારોને આવરી લે છે; જેમાં હાલના સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ (STPs) ના આધુનિકીકરણ અને નવા પ્લાન્ટ્સના નિર્માણ માટે શિલાન્યાસ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, વિકેન્દ્રિત STP પમ્પિંગ સ્ટેશનો સ્થાપિત કરવામાં આવ્યા છે અને ઘરગથ્થુ ગટર લાઈનોને મુખ્ય નેટવર્ક સાથે જોડવાની પ્રક્રિયા પણ શરૂ થઈ ગઈ છે. ગૃહમંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે મે 2029 પહેલાં યમુના નદી સંપૂર્ણ પણે સ્વચ્છ થઈ જશે.

યમુનાને પ્રદૂષણમુક્ત કરવાના સંકલ્પને નવી ગતિ

દિલ્હી સરકારના વિવિધ પ્રોજેક્ટ્સ – જેમાં વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ, રિસાયક્લિંગ પ્લાન્ટ્સ, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ, સુએજ પમ્પિંગ સ્ટેશન્સ અને ઘરોમાં સીવર કનેક્શન્સનો સમાવેશ થાય છે – તેના માધ્યમ થી દર રોજ લાખો લિટર ગંદા પાણીને યમુનામાં પહોંચતા પહેલા શુદ્ધ કરવામાં આવશે. આનાથી યમુનાને પ્રદૂષણ મુક્ત બનાવવાના સંકલ્પને નવી ગતિ મળશે. ■


કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.



આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધનના 11 વર્ષ

સૌર ઊર્જાના વૈશ્વિક વિસ્તરણનું સંચાલન

સૌર ઊર્જા આપણા સમયની સૌથી મૂલ્યવાન સાર્વજનિક સંપત્તિઓમાંની એક તરીકે ઉભરી આવી છે. સૌર ઊર્જા દ્વારા સંચાલિત આ પરિવર્તન, માત્ર ઊર્જા કરતાં પણ ઘણું વધારે સૂચવે છે. આ જ કારણસર, સૌર ઊર્જાના પ્રસારમાં આવતા અવરોધોને દૂર કરવાના ઉદ્દેશ્ય સાથે, 30 નવેમ્બર, 2015 ના રોજ ભારત અને ફ્રાન્સ દ્વારા સંયુક્ત રીતે 'ઇન્ટરનેશનલ સોલર એલાયન્સ' (ISA)ની શરૂઆત કરવામાં આવી હતી. તે આવનારી પેઢીઓ માટે સ્વચ્છ, હરિયાળા અને વધુ ટકાઉ ભવિષ્યના નિર્માણમાં યોગદાન આપી રહ્યું છે.



> ***"આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન સ્વચ્છ ઊર્જાની ક્રાંતિને આગળ વધારી રહ્યું છે – માત્ર ભારત માં જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં. ભવિષ્યમાં, જ્યારે માનવજાતના કલ્યાણ માટે 21મી સદીમાં સ્થપાયેલી સંસ્થાઓ વિશે વાત થશે, ત્યારે આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધનનું નામ તે યાદીમાં સૌથી ઉપર હશે.***
>
> ***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

ભારત અને ફ્રાન્સે સંયુક્ત રાષ્ટ્ર જળવાયુ પરિવર્તન સંમેલન (COP - 21) દરમિયાન આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધનનો પ્રારંભ કર્યો હતો. આ પહેલ પાછળ સૂર્ય શક્તિને વૈશ્વિક વિકાસના કેન્દ્રમાં મૂકવાનો એક મહત્વકાંક્ષી દ્રષ્ટિકોણ રહેલો હતો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વએ આ વિચારને એક વૈશ્વિક જન આંદોલનમાં પરિવર્તિત કરવામાં મદદ કરી. છેલ્લાં 11 વર્ષોમાં, આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધને સૌર ઊર્જાની ક્ષમતાને વિશ્વ ભરમાં વાસ્તવિક અને જીવન બદલનારા પરિણામોમાં રૂપાંતરિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. જ્યાં સૌર ઊર્જાની સૌથી વધુ જરૂર છે ત્યાં તેના ઉપયોગને પ્રોત્સાહન આપીને, આ ગઠબંધને વૈશ્વિક ઊર્જા સંક્રમણને ઉભરતી અને વિકાસશીલ અર્થવ્યવસ્થાઓ તરફ વાળવામાં નિર્ણાયક યોગદાન આપ્યું છે.

આ સંસ્થાની સ્થાપના સૌર ઊર્જાને પ્રોત્સાહન આપવા, સૌર ઊર્જાની માંગને પહોંચી વળવા માટે સૌર સંસાધનો થી સમૃદ્ધ રાષ્ટ્રો વચ્ચે વધુ સારું સંકલન સાધવા, અને સૌર ઊર્જાને વધુ સસ્તું, વિશ્વસનીય તથા વ્યાપકપણે સુલભ બનાવવાની નેમ સાથે કરવામાં આવી હતી. આજે, 130 સભ્ય અને હસ્તાક્ષરકર્તા દેશો સાથે, આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન એ સૌર ઊર્જાના વિસ્તાર માટે સમર્પિત સૌથી મહત્વપૂર્ણ વૈશ્વિક ભાગીદારીઓમાંની એક તરીકે ઉભરી આવ્યું છે.

ISA ના 4 વ્યૂહાત્મક સ્તંભો


- કેટાલિટિક ફાઇનાન્સ હબઃ મોટા પાયે રોકાણને એકત્ર કરવા અને તેને પ્રોત્સાહન આપવા માટે.
- ગ્લોબલ કેપેસિટી સેન્ટર અને ડિજિટલાઈઝેશનઃ નવીનતા, ડિજિટલ પ્લેટફોર્મ્સ અને ક્ષમતા નિર્માણને પ્રોત્સાહન આપવા માટે.
- પ્રાદેશિક અને દેશ - સ્તરીય જોડાણઃ સ્થાનિક જરૂરિયાતો મુજબ તૈયાર કરાયેલા ઉકેલોનો અમલ કરવા માટે.
- ટેક્નોલોજી રોડમેપ અને નીતિઃ ઉભરતી સૌર તકનીકોના વિકાસને વેગ આપવા માટે.

એક સંધિ - આધારિત આંતર સરકારી મંચ તરીકે, ISA તેના સભ્ય દેશોને સૌર ઊર્જાના વ્યાપક સ્તરે અપનાવવામાં મદદ કરવા માટે તકનીકી માર્ગદર્શન, નીતિગત નેતૃત્વ અને વૈશ્વિક સંકલન પૂરું પાડે છે.

સ્વચ્છ ઊર્જા ઉત્પાદનમાં સૌર ઊર્જા વિકાસના મુખ્ય ચાલક બળ તરીકે ઉભરી આવી છે. 2014 માં માત્ર 2.8 ગીગા વોટ (GW) થી વધીને, આજે તે આશરે 165 ગીગા વોટ સુધી પહોંચી ગઈ છે. તેવી જ રીતે, પવન ઊર્જા ક્ષમતા પણ 2014 ના 21 ગીગા વોટ થી વધીને 58 ગીગા વોટ થી વધુ થઈ ગઈ છે.

સૂર્ય, પાણી, પવન અને પરમાણુ ઊર્જામાંથી વીજળી

ભારત બિન - અશ્મિભૂત ઈંધણ સ્ત્રોતો – જેમ કે સૂર્ય, પાણી, પવન અને પરમાણુ ઊર્જા – માંથી વીજળી ઉત્પન્ન કરવાની પોતાની ક્ષમતામાં સતત વધારો કરી રહ્યું છે. 31 જુલાઈ, 2026 સુધીમાં, આ વીજ ઉત્પાદન ક્ષમતા 300 ગીગા વોટ ના આંકડાને પાર કરી ગયું છે. ભારતે 2030 સુધીમાં 500 ગીગા વોટનું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે; વર્તમાન ક્ષમતા તે લક્ષ્યના 60 ટકા થી વધુ હિસ્સો ધરાવે છે. વધુ માં, દેશની કુલ 552 ગીગા વોટ વીજ ઉત્પાદન ક્ષમતા માંથી, બિન - અશ્મિભૂત ઈંધણ સ્ત્રોતોનો હિસ્સો 54 ટકા થી વધી ગયો છે.



સંયુક્ત રાષ્ટ્રએ આંતરરાષ્ટ્રીય સૌર જોડાણને નિરીક્ષકનો દરજ્જો આપ્યો છે, જે 'એક સૂર્ય, એક વિશ્વ, એક ગ્રીડ' પહેલને વધુ મજબૂત બનાવી રહ્યું છે. આંતરરાષ્ટ્રીય સૌર જોડાણ (ISA), વિકેન્દ્રિત નવીનીકરણીય ઊર્જા પ્રણાલીઓ, સૌર સિંચાઈ અને વૈશ્વિક સૌર સુવિધા સહિત નવીન નાણાંકીય પ્લેટફોર્મ જેવી પહેલો દ્વારા ISA સભ્ય દેશોને સૌર ઉકેલો જમાવવામાં મદદ કરી રહ્યું છે. ISA નું કાર્ય પુરાવા તરીકે કામ કરે છે કે ઊર્જા સંક્રમણ સમાવિષ્ટ, લોકો - કેન્દ્રિત અને પરિવર્તનશીલ હોઈ શકે છે. વધુ માં, ISA એ તાજેતર માં તેના સભ્ય દેશો અને ભાગીદારોની વધતી જતી જરૂરિયાતોને સંબોધવા માટે એક વેબસાઈટ શરૂ કરી છે.

ભારતમાં સૌર ઊર્જાનો વિકાસ એક નવા યુગમાં પ્રવેશ કરી રહ્યો છે. સૌર બજાર માં ભારતની સિદ્ધિઓ સતત નીતિગત સમર્થન, વિસ્તરતું ઉત્પાદન ક્ષેત્ર, મજબૂત માળખાકીય સુવિધાઓ અને વધતી જતી જનભાગીદારીને પ્રતિબિંબિત કરે છે. 'ઇન્ટરનેશનલ સોલર એલાયન્સ' (ISA) પહેલના સમર્થન સાથે, ભારત જ્યારે તેના 'પંચામૃત' સંકલ્પો અને 2070 સુધી માં 'નેટ - ઝીરો' લક્ષ્યાંક તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે સૌર ઊર્જા તેમાં એક મુખ્ય આધારસ્તંભ બની રહી છે. 2030 સુધીમાં અશ્મિભૂત ઈંધણ સિવાયના સ્ત્રોતો માંથી 500 ગીગાવોટ ક્ષમતા પ્રાપ્ત કરવાના ભારતના લક્ષ્યાંકને હાંસલ કરવામાં પણ સૌર ઊર્જા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ■

કાશીનો નમો ઘાટ

વાયુસેના દ્વારા શૌર્ય પ્રદર્શન

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 25 ઓક્ટોબરે નમો ઘાટ ખાતે ભારતીય વાયુસેના (IAF) ના એર શો, 'વિંગ્સ ઓવર ગંગેજ ' માં હાજરી આપી હતી. તેમણે કાપડ ઉત્પાદન માટેના એક નવા એકમનું ઉદ્ઘાટન કર્યું, જેનાથી રોજગારીની ઘણી તકો ઊભી થશે. પ્રધાનમંત્રી મોદીએ વારાણસીમાં એક રોડ - શો પણ યોજ્યો હતો, જ્યાં હજારો લોકોએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું.

મહિલાઓ માટે રોજગારીની તકો

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉત્તર પ્રદેશના વારાણસીમાં કાપડ ઉત્પાદન માટેના એક નવા એકમનું ઉદ્ઘાટન કર્યું. આ સુવિધા ભારતની કાપડ અને વસ્ત્ર ઉત્પાદન ઇકોસિસ્ટમને મજબૂત કરવા તેમજ આ ક્ષેત્ર માં ઔદ્યોગિક વિકાસને વેગ આપવાની દિશા માં એક મહત્વપૂર્ણ પગલું છે. આધુનિક ઉત્પાદન પદ્ધતિઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને, આ એકમ રોજગારીની નોંધ પાત્ર તકો ઊભી કરશે – ખાસ કરીને મહિલાઓ માટે – અને પ્રદેશની આર્થિક પ્રગતિમાં યોગદાન આપશે. આ ઉદ્ઘાટન પ્રસંગે ઔદ્યોગિક રોકાણ અને ઉત્પાદન - આધારિત વિકાસ માટેના મુખ્ય કેન્દ્ર તરીકે ઉત્તર પ્રદેશની વધતી જતી ભૂમિકા પણ ઉજાગર થઈ. અહીં ઉત્પાદિત કાપડ વિશ્વ ભરના બજારો સુધી પહોંચશે. મુખ્યત્વે મહિલાઓના નેતૃત્વ હેઠળની આ પહેલ મહિલા - નેતૃત્વ વિકાસ નું એક સશક્ત પ્રતીક છે. વારાણસીના ઔદ્યોગિક વિકાસને વેગ આપવાની સાથે સાથે, આ પહેલ મહિલાઓને આત્મનિર્ભર બનવાની અને વધુ પ્રગતિ કરવાની નવી તકો પૂરી પાડશે.

રાફેલ અને મિરાજનું શૌર્ય પ્રદર્શન

વાયુ સેના દિવસ નિમિત્તે વારાણસીના નમો ઘાટ પર પ્રધાનમંત્રીએ હવાઈ પ્રદર્શન નિહાળ્યું હતું. ભારતીય વાયુ સેનાની 94મી વર્ષ ગાંઠ નિમિત્તે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેની થીમ 'વિંગ્સ ઓવર ધ ગંગેઝ' રાખવા માં આવી હતી. આ હવાઈ પ્રદર્શનમાં તેજસ, લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટર (LCH) 'પ્રચંડ', એસયુ-30 MKI અને રાફેલ વિમાનોની સાથે વિવિધ પરિવહન વિમાનો પણ સામેલ હતા. ભારતીય વાયુસેનાની અગ્રણી પ્રદર્શન ટીમો - 'સૂર્ય કિરણ એરોબેટિક ટીમ' અને 'સારંગ હેલિકોપ્ટર ડિસ્પ્લે ટીમ' - પણ આમાં સહભાગી થઈ હતી. આ પ્રદર્શન માં સચોટ ઉડાન, પરસ્પર તાલમેલ અને કાર્યકારી શ્રેષ્ઠતા જોવા મળી હતી.



કાશીમાં રોડ - શો દરમિયાન મારા પરિવારજનો તરફ થી મને જે અપાર સ્નેહ અને આશીર્વાદ મળ્યા, તેનાથી હું ખૂબ જ ભાવ વિભોર થઈ ગયો.

- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

પ્રધાનમંત્રી મોદીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.

પ્રદર્શન દરમિયાન, એક એસયુ-30 ફાઈટર જેટે બે જગુઆર વિમાનોને આંતર્યા, જે ભારતીય વાયુ સેનાની યુદ્ધ રણનીતિ અને હવાઈ સંરક્ષણ ક્ષમતાઓની ઝલક પૂરી પાડે છે. આ દરમિયાન, 'નીલકંઠ ફોર્મેશન' માં ઉડતા ત્રણ રાફેલ ફાઈટર જેટ્સે એક અદભૂત 'થ્રી - વે સ્પ્લિટ' દાવ પેચ રજૂ કર્યો. હવામાં કરવામાં આવેલા આ સચોટ દાવ પેચ ભારતીય વાયુસેનાના કૌશલ્ય અને તેમના વચ્ચેના ઉત્તમ તાલમેલને દર્શાવે છે. ■



PMO India
@PMOIndia

हमारे किसान, हमारे अन्नदाता, विकसित भारत के सबसे मजबूत स्तंभों में से एक है।

और हमारी सरकार ने हमेशा किसानों के कल्याण को, किसानों को सशक्त करने को प्राथमिकता दी है: PM @narendramodi



Rajnath Singh @rajnathsingh ·
सरदार पटेल ने भारत की एकता और अखंडता को आकार दिया, लेकिन लंबे समय तक उनकी गौरवशाली विरासत को वह सम्मान नहीं मिला जिसके वे हकदार थे। प्रधानमंत्री @narendramodi ने स्टैच्यू ऑफ यूनिटी, राष्ट्रीय एकता दिवस और देशव्यापी आयोजनों के माध्यम से उनकी गौरवशाली विरासत को उचित सम्मान और नई पहचान दिलाई, क्योंकि हमारा मानना है कि सरदार पटेल का सम्मान, भारत का सम्मान है।



Amit Shah
@AmitShah
इसी वर्ष 31 मार्च को देश नक्सलमुक्त हो चुका है और अब 31 दिसंबर 2029 तक गनों से पूरी तरह मुक्त होगा। 'विकसित भारत' का पहला चरण नशामुक्त भारत ही है।



Nitin Gadkari
@nitin_gadkari
A PROUD MOMENT FOR INDIA!🇮🇳

Our para-athletes have scripted history at the Asian Para Games, bringing home a record 114 🥇🥈🥉 and showcasing the extraordinary power of courage, perseverance and sporting talent.

Heartiest congratulations to every athlete who made the Tricolour soar high. Under the leadership of Hon'ble PM Shri @narendramodi Ji, India's commitment to nurturing sporting talent is opening new horizons for our athletes to excel on the global stage.💪🔥



Kiren Rijiju @KirenRijiju ·
आज हमने Defence, Space और Nuclear Energy के संबंधों को प्रगाढ़ करने पर सहमति बनाई है। इन सभी Strategic क्षेत्रों में हम पोलैंड की Companies को भारत के साथ Co-Development और Co-Production करने के लिए आमंत्रित करते हैं: माननीय प्रधानमंत्री श्री @narendramodi जी

#IndiaPolandFriendship



Arjun Ram Meghwal @arjunrammeghwal
देश की 560 से अधिक रियासतों का एकीकरण कर अखंड भारत की नींव मजबूत करने वाले सरदार पटेल जी का अदम्य साहस, दूरदर्शिता एवं राष्ट्रसेवा सदैव प्रेरणास्रोत रहेंगे।

भारत की एकता एवं अखंडता के प्रतीक लौह पुरुष सरदार वल्लभभाई पटेल जी की जयंती 'राष्ट्रीय एकता दिवस' की आप सभी को हार्दिक शुभकामनाएँ।

#SardarPatelJayanti #NationalUnityDay

प्रधानमंत्री ने विपक्ष पर साधा निशाना, कहा- जब देश किसी संकट का सामना करता है तो वह खुशी मनाता है

जीवन के अंतिम क्षण तक जनता की सेवा में ही जुटा रहूंगा : मोदी

संबोधन



रोड शो में गूंजा... 'मोदी कहीं नहीं जाएंगे'

किसानों पर अतिरिक्त बोझ न पड़े, यह ध्यान रखा

सशक्त बनाने को प्राथमिकता दी

केंद्र के कर्मचारियों को दिवाली गिफ्ट, DA बढ़ा



कंटेनर मैन्युफैक्चरिंग का नया सेंटर

ग्राम स्वराज योजना को 7,395 करोड़

12 साल में 49.6 करोड़ लोग गरीबी से बाहर आए: PM



नरेन्द्र मोदी

पीएम मोदी ने की 16 हजार करोड़ के प्रोजेक्ट की समीक्षा



एकता दिवस पोंट में प्रधानमंत्री मोदी बोले

सरदार पटेल के फैसलों ने देश को एकजुट किया



નેશનલ કેડેટ કોર્પ્સ (NCC) દિવસ: 22 નવેમ્બર

NCC: યુવા શક્તિને સશક્ત બનાવવી

NCC એક એવું મંચ છે જે યુવાનોને આત્મવિશ્વાસુ, શિસ્તબદ્ધ અને સંવેદનશીલ નાગરિકો બનવા તરફ દોરી જાય છે, જેઓ પોતાના રાષ્ટ્ર પ્રત્યે સમર્પિત હોય છે. દેશ ભરમાં NCC નેટવર્કને મજબૂત કરવાના પ્રયાસોના ભાગરૂપે, સરહદી વિસ્તારોમાં રહેતા વધુ ને વધુ યુવાનોને NCC સાથે જોડવા માટે એક અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. NCC એક એવી સંસ્થા છે જે ભારતના યુવાનોમાં આત્મવિશ્વાસુ, સક્ષમ અને સામાજિક રીતે પ્રતિબદ્ધ નાગરિકો બનવાની ભાવના જગાડે છે.

> ***NCC મારી શાળા અને કોલેજના દિવસોની યાદો તાજી કરાવે છે. હું પોતે પણ NCC કેડેટ હતો અને મને જે અનુભવ મળ્યો તે અમૂલ્ય છે. NCC યુવાનોમાં શિસ્ત, નેતૃત્વ અને સેવા ભાવની ભાવના કેળવે છે.***
>
> ***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

NCC માં 20 લાખ થી વધુ કેડેટ્સ

- વર્ષ 1948 માં 20000 કેડેટ્સ સાથે સ્થપાયેલ NCC, 20 લાખ થી વધુ કેડેટ્સ ધરાવતું વિશ્વનું સૌથી મોટું ગણવેશધારી યુવા સંગઠન બની ગયું છે.
- 2014 અને 2025 ની વચ્ચે, સંસ્થાની સંખ્યા માં 6 લાખ કેડેટ્સનો વધારો થયો છે. હાલમાં, દેશ ભરના 750 થી વધુ જિલ્લાઓમાં તેની હાજરી છે.



ન્યૂ ઈન્ડિયા
સમાચાર
પાક્ષિક

આર.એન.આઈ., DELGUJ/2020/78812, 16-31 ઓક્ટોબર, 2026
આરએનઆઈ DELGUJ/2020/78812 (પ્રકાશન તિથિ- 22 સપ્ટેમ્બર 2026, કુલ પાના-64)

મુખ્ય સંપાદક
ધિરેન્દ્ર ઓઝા, મુખ્ય મહાનિદેશક
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો, નવી દિલ્હી

પ્રકાશક
કંચન પ્રસાદ
મહાનિદેશક, કેન્દ્રીય સંચાર બ્યુરો

રૂમ નંબર-278, કેન્દ્રીય સંચાર બ્યુરો,
સૂચના ભવન, બીજો માળ, નવી
દિલ્હી- 110003 થી પ્રકાશિત